અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૧ ઓક્ટોબર ૨૦૨૫, બુધવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, આસો સુદ ૯ | અંક : ૯૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## આધાર કાર્ડમાં નામ અથવા સરનામું બદલવા જેવા સામાન્ય સુધારા માટે ૭૫ ફી લેવામાં આવશે

### નવું આધાર કાર્ડ બનાવવા માટે કોઈ ફી લેવામાં આવશે નહીં અને તે પહેલાની જેમ મફત રહેશે

। (એજન્સી) નવીદિલ્હી, તા.૩૦ ।

જો તમે તમારા આધાર કાર્ડનું નામ, સરનામું અથવા ફોટો અપડેટ કરવાનું વિચારી રહ્યા છો તો આ સમાચાર ખૂબ જ મહત્વપૂર્ણ છે. યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI) એ આધાર કાર્ડ અપડેટ સંબંધિત નવા નિયમો જાહેર કર્યા છે. આ નિયમો ૧ ઓક્ટોબર, ૨૦૨૫ થી અમલમાં આવશે અને તમારા આધાર કાર્ડમાં કોઈપણ ફેરફાર કરવો પહેલા કરતા વધુ ખર્ચાળ રહેશે.UIDAI અનુસાર, ૧ ઓક્ટોબરથી નામ અથવા સરનામું બદલવા જેવા સામાન્ય સુધારા માટે ૭૫ ફી લેવામાં આવશે. બાયોમેટ્રિક માહિતી (ફોટો, ફિંગરપ્રિન્ટ, આઈરિસ) અપડેટ કરવા માટે ૧૨૫ ફી લેવામાં આવશે. (૭ થી ૧૭ વર્ષની વયના) બાળકો માટે બાયોમેટ્રિક અપડેટ માટે પણ ૧૨૫ ફી લેવામાં આવશે.




જોકે, નવું આધાર કાર્ડ બનાવવા માટે કોઈ ફી લેવામાં આવશે નહીં અને તે પહેલાની જેમ મફત રહેશે.

UIDAI ના CEO ભુવનેશ્વર કુમારે જણાવ્યું હતું કે ૧ ઓક્ટોબર, ૨૦૨૫ થી ૧૦ વર્ષ જૂના આધાર કાર્ડ અપડેટ કરવું ફરજિયાત રહેશે. આનો અર્થ એ થયો કે જો તમે છેલ્લા દાયકામાં તમારા આધાર કાર્ડને અપડેટ કર્યું નથી, તો તમારે હવે દસ્તાવેજો સબમિટ કરવા પડશે અને ફી ચૂકવવી પડશે. આ નિયમ એક વધારાનો ખર્ચ હોઈ શકે છે, ખાસ કરીને ગ્રામીણ અને નાના શહેરોમાં રહેતા લોકો માટે.

UIDAI એ ૫ થી ૭ અને ૧૫ થી ૧૭ વર્ષની વયના બાળકો અને કિશોરો માટે રાહત પૂરી પાડી છે. હવે, આ વય જૂથોમાં બાયોમેટ્રિક અપડેટ માટે કોઈ ફી રહેશે નહીં.

પહેલાં ફી ૫૦ હતી. જોકે, આ અપડેટ તેમના માટે ફરજિયાત રહેશે. સમયસર અપડેટ કરવામાં નિષ્ફળતાના પરિણામે તેમનું આધાર કાર્ડ અમાન્ય થઈ શકે છે.

૧૫ ઓગસ્ટ, ૨૦૨૫ થી ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના લોકોના આધાર કાર્ડ પર પિતા અથવા પતિનું નામ દેખાશે નહીં. આ માહિતી ફક્ત UIDAI રેકોર્ડમાં જ રહેશે. વધુમાં, જન્મ તારીખ હવે જન્મ વર્ષ (દા.ત., ૧૯૯૦) દ્વારા બદલવામાં આવશે. કેર ઓફ (C/o) કોલમ પણ દૂર કરવામાં આવી છે.

જાન્યુઆરી ૨૦૨૫ થી સરનામામાં ફેરફાર માટે ફક્ત બેંક સ્ટેટમેન્ટ અથવા યુટિલિટી બિલ (વીજળી, પાણી, ગેસ) માન્ય રહેશે.

જોકે, નામ અથવા જન્મ તારીખમાં ફેરફાર માટે પાન કાર્ડ, મતદાર ID અથવા જન્મ પ્રમાણપત્રની જરૂર પડશે. ૧ ઓક્ટોબરથી, સમગ્ર અપડેટ પ્રક્રિયા ડિજિટલ હશે, એટલે કે અરજીઓ UIDAI વેબસાઈટ અથવા mAadhaar એપ્લિકેશન દ્વારા સબમિટ કરવી આવશ્યક છે, અને દસ્તાવેજો નજીકના સરનામાં ચકાસણી કેન્દ્ર પર ચકાસવા આવશ્યક છે.

### ન્યૂઝ બ્રિફ

#### બલૂચિસ્તાનના ક્વેટામાં સેના મુખ્યાલય બહાર બોમ્બ બ્લાસ્ટ અને ફાયરિંગ

। (એજન્સી) બલૂચિસ્તાન, તા.૩૦ ।

પાકિસ્તાનના ક્વેટા શહેરમાં સ્થિત સેનાના ફ્રન્ટિયર કોર્પ્સ મુખ્યાલય પાસે આજે જોરદાર વિસ્ફોટ થયો છે અને ત્યાર બાદ અચાનક ગોળીબાર પણ થયો હતો. આ વિસ્ફોટનો અવાજ એટલો જોરદાર હતો કે વિસ્ફોટના કારણે આસપાસના ઘરો અને ઈમારતોની બારીઓના કાચ તૂટી ગયા હતા. આ ધમાકામાં અત્યાર સુધીમાં ૧૦ લોકોનાં મોત થયા હોવાના અને આશરે ૩૦થી વધુ લોકો ઘાયલ થયા હોવાના સમાચાર છે. વિસ્ફોટ બાદ બલૂચિસ્તાનના સ્વાસ્થ્ય મંત્રી બખ્ત મુહમ્મદ કાકર અને સ્વાસ્થ્ય સચિવ મુજીબ-ઉર-રહેમાન દ્વારા સિવિલ હોસ્પિટલ ક્વેટા, બીએમસી હોસ્પિટલ અને ટ્રોમા સેન્ટરમાં ઈમરજન્સી જાહેર કરવામાં આવી છે.સ્વાસ્થ્ય વિભાગે આદેશ આપ્યો છે કે તમામ સલાહકારો, ડૉક્ટર્સ, ફાર્માસિસ્ટ, સ્ટાફ નર્સ અને પેરામેડિકલ સ્ટાફ તાત્કાલિક ફરજ પર હાજર થાય. આ સાથે જ, ઘાયલો અને મૃતકોના મૃતદેહોને ક્વેટા સિવિલ હોસ્પિટલમાં મોકલી દેવામાં આવ્યા છે.

#### દુબઈથી દિલ્હી જતી ફ્લાઇટમાં ટેકનિકલ ખામી સર્જાઇ

। (એજન્સી) નવીદિલ્હી, તા.૩૦ ।

દુબઈ એરપોર્ટથી દિલ્હી જવા માટે તૈયાર એર ઈન્ડિયાની એક ફ્લાઈટ અચાનક રદ કરવામાં આવી હતી અને મુસાફરોને નીચે ઉતરવાનું કહેવામાં આવ્યું હતું. ક્રૂએ મુસાફરોને આ અંગે જાણ કરી હતી, જેના કારણે હોબાળો મચી ગયો હતો.મુસાફરોને તાત્કાલિક વિમાનમાંથી ઉતારી દેવામાં આવ્યા હતા અને અસુવિધા બદલ માફી માંગી હતી. તેમને બીજી ફ્લાઈટમાં દિલ્હી ટ્રાન્સફર કરવાની અથવા રિફંડ આપવાની ઓફર કરવામાં આવી હતી. એર ઈન્ડિયાની ફ્લાઈટ દુબઈથી દિલ્હી જવાની હતી પરંતુ છેલ્લી ઘડીએ રદ કરવામાં આવી. ટેકઓફ પહેલાં, ક્રૂ સભ્યોએ મુસાફરોને રદ થયાની જાણ કરી અને તેમને તાત્કાલિક નીચે ઉતરવા કહ્યું. હૈદરાબાદથી દરભંગા જતી ઈન્ડિગોની ફ્લાઈટને બિહારના ગયા એરપોર્ટ પર અચાનક ઉતારવામાં આવી હતી. ખરાબ હવામાન આ કટોકટી ઉતરાણનું કારણ હતું. બપોરે લગભગ ૨:૩૦ વાગ્યે ઉતરાણ કર્યા પછી, ફ્લાઈટ એક કલાક માટે એરપોર્ટ પર રહી. ત્યારબાદ તેને દરભંગા જવા માટે પરવાનગી આપવામાં આવી હતી.

### વધુ એક દેશમાં યુવાનોએ સરકાર ઉથલાવી

## નેપાળ બાદ ઈસ્ટ તિમોર અને હવે મડાગાસ્કરમાં Gen Z આંદોલન ઉગ્ર બન્યું

**આ આંદોલનકારીઓ પર કાબૂ મેળવવા સુરક્ષા દળો દ્વારા ગોળીબાર કરવામાં આવતાં હિંસા થઈ હતી જેમાં ૨૨ લોકોના મોત થયા છે**

। (એજન્સી) નવીદિલ્હી, તા.૩૦ ।

નેપાળમાં હિંસક આંદોલન કરી Gen Z દ્વારા સરકાર ઉથલાવી દેવામાં આવતાં હવે વિવિધ દેશોના Gen Zએ પોતાના દેશની સરકાર વિરૂદ્ધ આંદોલન છેડ્યું છે. નેપાળ બાદ ઈસ્ટ તિમોર અને હવે મડાગાસ્કરમાં Gen Z આંદોલન ઉગ્ર બન્યું છે. હજારો Gen Z મડાગાસ્કરની સરકાર વિરૂદ્ધ પાણી અને વીજકાપ મુદ્દે દેખાવો કરતાં રસ્તા પર ઉતર્યા છે. આ આંદોલન મડાગાસ્કરની સરકાર ઉથલાવવાની તૈયારીમાં છે.




આ દેશના હજારો યુવાનો ‘અમે જીવવા માંગીએ છીએ, ટકી રહેવા નહીં"ના સૂત્રો સાથે રસ્તા પર દેખાવો કરી રહ્યા છે. આ આંદોલનકારીઓ પર કાબૂ મેળવવા સુરક્ષા દળો દ્વારા ગોળીબાર કરવામાં આવતાં હિંસા થઈ હતી. જેમાં ૨૨ લોકોના મોત થયા છે, જ્યારે ૧૦૦ ઘાયલ થયા હતાં.

મડાગાસ્કરના પ્રમુખ એન્ડ્રી રાજોએલિનાએ આ મામલે જણાવ્યું હતું કે, લાંબા સમયથી ચાલી રહેલા પાણી અને વીજ કાપ માટે ચાલી રહેલા દેખાવોના કારણે અમે સરકારનું વિસર્જન કરીશું. સરકારના સભ્યોએ તેમને સોંપવામાં આવેલા કાર્યો સમયસર પૂર્ણ કર્યા નથી, તેનો અમે સ્વીકાર કરીએ છીએ અને માફી માગીએ છીએ.

### સટ્ટા અને નશીલા પદાર્થોના તસ્કરીમાં સામેલ હતી

## ચીને એક જ દિવસમાં ૧૬ લોકોને ફટકારી ફાંસીની સજા

। (એજન્સી) ચીન, તા.૩૦ ।

ચીનની સીમાની નજીક મ્યાંમારના નાના કસ્બા લૌક્કાઈઈંગમાં આ પરિવારે જુએ, ડ્રગ્સ અને ઠગી કેન્દ્રોનો અડ્ડો બનાવ્યો છે. આ પરિવાર ટેલીકોમ, સટ્ટા અને નશીલા પદાર્થોના તસ્કરીમાં સામેલ હતી.ચીને મ્યાનમારમાં કુખ્યાત મિંગ પરિવારના ૧૬ સભ્યોને રેકેટરીંગ ગેંગ ચલાવવા બદલ મૃત્યુદંડની સજા ફટકારી છે. આ પરિવારે ચીનની સરહદ નજીક આવેલા મ્યાનમારના નાના શહેર લૌક્કાઈંગને જુગાર, ડ્રગ્સ અને રેકેટરીંગના કેન્દ્રમાં ફેરવી દીધું હતું. આ પરિવાર ટેલિકોમ છેતરપિંડી, જુગાર અને ડ્રગ્સની હેરફેરમાં સામેલ હતો. જેનાથી અંદાજે $1.4 બિલિયન ગેરકાયદેસર કમાણી થતી હતી.વર્ષ ૨૦૨૩માં, મ્યાનમારે કાર્યવાહી કરી હતી. આ પરિવારોના ઘણા સભ્યોની ધરપકડ કરી અને તેમને ચીનને સોંપી દીધા. આ પછી, ચીને હવે પરિવાર સામે કડક કાર્યવાહી કરી છે. પૂર્વી ચીનના વેન્ઝોઉ શહેર ખાતે કુલ ૩૯ મિંગ પરિવારના સભ્યોને સજા ફટકારવામાં આવી હતી. પરિવારના ૩૯ સભ્યોમાંથી ૧૧ને મૃત્યુદંડ, ૫ને બે વર્ષની સસ્પેન્ડેડ સજા, ૧૧ને આજીવન કેદ અને બાકીનાને ૫ થી ૨૪



વર્ષની સજા ફટકારવામાં આવી હતી. કોર્ટે શોધી કાઢ્યું કે ૨૦૧૫ થી, મિંગ પરિવાર અને અન્ય ગુનાહિત ગેંગ ટેલિકોમ છેતરપિંડી, ગેરકાયદેસર કેસિનો, ડ્રગ હેરફેર અને વેશ્યાવૃત્તિ જેવી પ્રવૃત્તિઓમાં સામેલ હતા. કોર્ટે એમ પણ જણાવ્યું હતું કે મિંગ પરિવાર અને અન્ય ગેંગ અનેક છેતરપિંડી કેન્દ્રોમાં કામદારોના મૃત્યુ માટે જવાબદાર હતા. એક ઘટનામાં, તેઓએ કામદારોને ચીન પાછા ફરતા અટકાવવા માટે ગોળી પણ મારી હતી. શરૂઆતમાં, ચીનમાં જુગારની વિશાળ માંગને સંતોષવા માટે આ વ્યવસાય શરૂ કરવામાં આવ્યો હતો, કારણ કે ચીન અને પડોશી દેશોમાં જુગાર ગેરકાયદેસર છે. ધીરે ધીરે, લૉકાયિંગના કેસિનો મની લોન્ડરિંગ, દાણચોરી અને છેતરપિંડી માટે મોરચા બન્યા.

### અમેરિકી સરકાર H-1B વિઝા હેઠળની લોટરી સિસ્ટમને સમાપ્ત કરી શકે છે

## H1B વિઝામાં ફી વધારા બાદ હજુ પણ મોટા ફેરફારની શક્યતા

। (એજન્સી) વોશિંગટન, તા.૩૦ ।

અમેરિકામાં ટ્રમ્પ સરકારે H-1B વિઝાની ફી અનેકગણી વધારીને ૧,૦૦,૦૦૦ અમેરિકી ડોલર કરી દીધી છે. ત્યારે અમેરિકાના વાણિજ્ય મંત્રી હોવર્ડ લુટનિકે H-1B વિઝા નિયમો વિશે એક મોટી વાત કહી છે. લુટનિકે જણાવ્યું છે કે ફેબ્રુઆરી ૨૦૨૬ પહેલાં H-1B વિઝા પ્રક્રિયામાં ઘણા ફેરફારો થશે. હોવર્ડ લુટનિકે વર્તમાન વિઝા પ્રક્રિયાને સંપૂર્ણપણે ખોટી ગણાવી છે. તેમણે




ઓછા ખર્ચે આવતા ટેક્નિકલ કન્સલ્ટન્ટ્સને અમેરિકામાં પ્રવેશવાની અને તેમના પરિવારોને સાથે લાવવાની પરવાનગી સામે પણ વાંધો ઉઠાવ્યો છે. લુટનિકે મીડિયાને જણાવ્યું કે, ’આ પ્રક્રિયા ફેબ્રુઆરી ૨૦૨૬માં લાગુ થશે, લુટનિકે સંકેત આપ્યા છે કે અમેરિકી સરકાર H-1B વિઝા હેઠળની લોટરી સિસ્ટમને સમાપ્ત કરી શકે છે. લોટરી સિસ્ટમની ટીકા કરતા લુટનિકે સવાલના અંદાજમાં કહ્યું કે, શું કોઈ દેશે લોટરી દ્વારા કુશળ કામદારોને પોતાના દેશમાં લાવવા જોઈએ? તેમણે કહ્યું કે H-1B વિઝા લોટરી સિસ્ટમને સુધારવી જોઈએ અને અમેરિકાએ નોકરીઓ ફક્ત સૌથી કુશળ લોકોને જ આપવી જોઈએ. મંત્રી લુટનિકે કહ્યું, ’કંપનીઓએ એવા ટેક્નિકલ કન્સલ્ટન્ટ્સ અને ટ્રેઈનીને રાખવાનો વિચાર છોડી દેવો જોઈએ જેઓ ઓછા ખર્ચે આવતા હોય. આ વિશે મારો મત પાકો છે. મને લાગે છે કે ડોનાલ્ડ ટ્રમ્પ આ મુદ્દાઓ પર મારી સાથે છે. મારું માનવું છે કે ઓછા ખર્ચે આવતા ટેક્નિકલ કન્સલ્ટન્ટ્સ આ દેશમાં આવે અને તેમના પરિવારોને પણ લાવે, તે મને બિલકુલ ખોટું લાગે છે અને હું તેને યોગ્ય માનતો નથી.’

### હમાસની અનેક ઈમારતો-હથિયારો નષ્ટ

## એક જ રાતમાં ગાઝા પર ઈઝરાયલે ૧૪૦ હુમલા કર્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

ઈઝરાયેલી સેના IDFએ ફરી ગાઝામાં ભયાનક હુમલો કર્યો છે. સેનાએ છેલ્લા ૨૪ કલાકમાં હવાઈ, જમીન અને દરિયાઈ માર્ગેથી ૧૪૦થી વધુ સ્થળો પર હુમલા કર્યા હોવાની વિગતો સામે આવી છે. આઈડીએફએ કહ્યું કે, આતંકવાદી જૂથોની બિલ્ડિંગો, હથિયારના સંગ્રહ સ્થળે સહિત અનેક સ્થળે હુમલા કર્યા છે. IDFની ત્રણ ડિવિઝનની ગ્રાઉન્ડ ટુકડીઓ ગાઝા સિટીમાં સતત આગળ વધી રહી છે. ઈઝરાયલી એર ફોર્સે હમાસ દ્વારા ઉપયોગમાં લેવાતા આશરે ૧૪૦ ઠેકાણાં પર બોંબમારો કર્યો છે, જ્યારે ઈઝરાયલી નેવીએ ગાઝાના ઉત્તર ભાગમાં ગોળીબાર કરીને હથિયારના સંગ્રહ સ્થળ અને હમાસના સભ્યો દ્વારા ઉપયોગમાં લેવાતી બિલ્ડિંગને ટાર્ગેટ કરી છે. સેનાએ હમાસના આતંકીઓએ બિલ્ડિંગમાં છુપાવેલા બોંબનો વીડિયો પણ જાહેર કર્યો છે.ઈઝરાયલી સેનાની ત્રણ ડિવિઝન ટુકડીએ ગાઝામાં સતત આગળ વધી રહી છે અને હુમલાઓ શરૂ કરી દીધા છે. IDFની ૩૬મી ડિવિઝને હમાસ દ્વારા સર્વેલન્સ માટે ઉપયોગમાં લેવાતા અનેક બિલ્ડિંગનો ખાતમો બોલાવી દીધો છે, જ્યારે ૯૮મી ડિવિઝને IDF પર બોંબમારો કરનાર હમાસના એક સભ્યને ઠાર કરી દીધો છે. આ ઉપરાંત આઈડીએફની ૧૬૨મી ડિવિઝને હમાસના અનેક આતંકીઓને ઠાર કરી દીધા છે.આઈડીએફે સ્પષ્ટ કહ્યું છે કે, હમાસ જેવા આતંકી જૂથો વિરુદ્ધ કાર્યવાહી ચાલુ રાખીશું. સેનાની ભૂમિ સેનાએ હમાસીઓ દ્વારા જાળ બિછાવાયેલ અનેક બોંબ નષ્ટ કરી દીધા છે અને આતંકીઓને ઠાર કર્યા છે.

### આ કાંસ્ય પ્રતિમાનું અનાવરણ વર્ષ ૧૯૬૮માં કરાયું હતું

## ગાંધી જયંતિ પૂર્વે લંડનમાં મહાત્મા ગાંધીની પ્રતિમાની તોડફોડ

। (એજન્સી) લંડન, તા.૩૦ ।

ગાંધી જયંતિના ત્રણ દિવસ પૂર્વે જ લંડનમાં મહાત્મા ગાંધીની પ્રતિમાની તોડફોડ કરવામાં આવી છે. જેમાં લંડનનાટેવિસ્ટોક સ્ક્વેરમાં મહાત્મા ગાંધીની પ્રતિમાની અજાણ્યા વ્યક્તિઓએ તોડફોડ કરી હતી. ભારતીય હાઈ કમિશને આ ઘટનાની સુરક્ષા એજન્સીઓને જાણ કરી હતી.આ પ્રતિમાના ચબૂતરા પર પણ કેટલીક હેરાન કરનારી વાતો લખવામાં આવી છે. આ ઘટનાની જાણકારી મળતા લંડન પોલીસે તપાસ શરુ કરી છે. આ ઘટના હાલ સમગ્ર વિશ્વમાં ચર્ચાનો વિષય બની છે.આ ઘટના અંગે ભારતીય હાઈ કમિશને નારાજગી વ્યક્ત કરી છે. લંડનના જાણીતા ચોકમાં મહાત્મા ગાંધીની ધ્યાનસ્થ મુદ્રામાં પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે.



ભારતીય હાઈ કમિશને જણાવ્યું હતું કે રાષ્ટ્રપિતાના સ્મારકનું સમારકામ ચાલુ છે. જ્યારે સુરક્ષા એજન્સીઓ આ કૃત્ય કરનારની તપાસ કરી રહી છે.ભારતીય હાઈ કમિશને કહ્યું છે આ કોઈ સામાન્ય ઘટના નથી અને આની આકરી નિંદા કરવી જોઈએ. આ આંતર રાષ્ટ્રીય અહિંસા દિવસના ત્રણ દિવસ પૂર્વે અહિંસા ઉપાસક અને મહાત્મા ગાંધીની વિરાસત પર હુમલો છે.

### કરોડો લોકોનો દુનિયા સાથેનો સંપર્ક તૂટ્યો

## અફઘાનિસ્તાનમાં તાલિબાનનો ઈન્ટરનેટ બ્લેકઆઉટનો આદેશ

**ઈન્ટરનેટ બ્લેકઆઉટની સૌથી વધુ અસર સામાન્ય લોકો અને વ્યવસાયો પર પડી છે. પરિવારો હવે વિદેશમાં રહેતા તેમના પ્રિયજનો સાથે વાતચીત કરી શકતા નથી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

વર્ષ ૨૦૨૧માં તાલિબાન અફઘાનિસ્તાનની સત્તામાં આવ્યું ત્યારથી જ સમગ્ર દેશમાં અનેક પ્રકારના પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યા છે. ખાસ કરીને મહિલાઓ અને મીડિયા પર આકરાં પ્રતિબંધ છે. એવામાં હવે અફઘાનિસ્તાનમાં સામાન્ય નાગરિકો ઈન્ટરનેટનો ઉપયોગ પણ નહીં કરી શકે. તાલિબાને સમગ્ર અફઘાનિસ્તાનમાં ઈન્ટરનેટ બ્લેકઆઉટ કરવાની જાહેરાત કરી છે. છેલ્લા ઘણા દિવસથી તાલિબાનીઓ અનેક પ્રાંતમાં ફાઈબર ઓપ્ટિક કનેક્શનના તાર કાપી રહ્યા છે. જે બાદથી ધીમે ધીમે અનેક વિસ્તારોમાં ઈન્ટરનેટ બંધ થઈ ગયું. હવે સમગ્ર દેશમાં ઈન્ટરનેટ બ્લેકઆઉટ કરી દેવામાં આવ્યું



છે. આઠથી નવ હજાર ટેલિકોમ્યુનિકેશન ટાવર પણ બંધ કરી દેવામાં આવ્યા છે. તાલિબાને કહ્યું છે કે ‘અનૈતિકતા રોકવા’ માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. નોંધનીય છે કે તાલિબાનના નવા ફરમાનના કારણે બેન્કિંગ, ટ્રેડ નેટવર્ક સહિત અનેક સેવાઓ પર માઠી અસર પડી છે.ઈન્ટરનેટ બ્લેકઆઉટની સૌથી વધુ અસર સામાન્ય લોકો અને વ્યવસાયો પર પડી છે. પરિવારો હવે વિદેશમાં રહેતા તેમના પ્રિયજનો સાથે વાતચીત કરી શકતા નથી. આંતરરાષ્ટ્રીય કોલ સંપૂર્ણપણે કાપી નાખવામાં આવ્યા છે. વ્યવસાયો કહે છે કે તેમનો તેમના વિદેશી ગ્રાહકો અને સપ્લાયર્સ સાથેનો સંપર્ક તૂટી ગયો છે. આ તેમના વેપાર માટે ખતરો ઊભો કરી રહ્યું છે.રાહત અને માનવતાવાદી સંગઠનો માટે આ પરિસ્થિતિ વધુ ભયાનક છે. અફઘાનિસ્તાન પહેલેથી જ માનવતાવાદી સંકટનો સામનો કરી રહ્યું છે, અને બાહ્ય સહાય પહોંચાડવામાં હવે અવરોધ આવી રહ્યો છે. દૂર્ઈ અને આંતરરાષ્ટ્રીય એજન્સીઓ કહે છે કે જ્યાં સુધી નેટવર્ક પુનઃસ્થાપિત ન થાય ત્યાં સુધી જમીન પર પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવું મુશ્કેલ બનશે.





નવી દિલ્હીના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ ખાતે વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ ૨૦૨૫ દરમિયાન પુરુષોની ડિસ્કસ થ્રો F56 ઇવેન્ટમાં સિલ્વર મેડલ જીતતા ભારતના યોગેશ કથુનિયા ફોટોગ્રાફ માટે પોઝ આપે છે.

## પાવાગઢ ડુંગર પર ધોધમાર વરસાદ વરસતાં રોપ-વે સેવા બંધ કરાઇ

। ગોધરા, તા.૩૦ ।

પંચમહાલ જિલ્લાનું પ્રખ્યાત ધાર્મિક તથા પ્રવાસનસ્થળ પાવાગઢ ડુંગર ધોધમાર વરસાદની ઝાપટામાં ભીંજાઈ ગયું હતું. વહેલી સવારથી જ વરસેલા ભારે વરસાદને કારણે શ્રદ્ધાળુઓને માતાજીના દર્શન માટેની યાત્રામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.ભારે વરસાદને કારણે રોપ-વે સેવા તાત્કાલિક બંધ રાખવી પડી હતી, જેના કારણે યાત્રાળુઓને પગથિયાં પરથી જ દર્શનાર્થી ચઢાણ કરવું પડ્યું. પગથિયાં પરથી પાણીના તીવ્ર પ્રવાહ વહેતા થતાં શ્રદ્ધાળુઓ માટે અવરજવર કઠિન બની ગઈ હતી. તેમ છતાં, પ્રકૃતિના આ અનોખા રમણીય દ્રશ્યોમાં યાત્રાળુઓ માતાજીના દર્શન કરીને ધન્યતા અને આધ્યાત્મિક શાંતિનો અનુભવ કરતા જોવા મળ્યા હતા.વરસાદના કારણે પાવાગઢના પગથિયાં પાણીથી છલકાઈ ગયા હતા અને આસપાસનો વિસ્તાર ઘેરા વાદળોથી ઢંકાઈ જવાથી અદ્ભુત નજારો સર્જાયો હતો. આજે પણ વરસાદી માહોલ વચ્ચે હજારો ભક્તોએ માતાજીના દર્શન માટે આગ્રહપૂર્વક યાત્રા કરી હતી. ઘણાં ભક્તો વરસાદમાં ભીંજાતા ભક્તિમય ગીતો ગાતાં ગાતાં ચઢાણ કરતા જોવા મળ્યા હતા.સ્થાનિક તંત્રએ સુરક્ષાના ભાગરૂપે યાત્રાળુઓને સાવચેત રહેવા સૂચના આપી હતી અને જરૂરી મદદ માટે કર્મચારીઓને તૈનાત રાખ્યા હતા. વરસાદે મુશ્કેલીઓ ઊભી કરી હોવા છતાં, પાવાગઢ પર ભક્તિભાવ અને કુદરતી સૌંદર્યનું અનોખું સંયોજન સર્જાયું હતું.પંચમહાલ જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે નવરાત્રીના પાવન પર્વ દરમ્યાન ભક્તોના ભારે ધસારામાં એક દુઃખદ ઘટના બની હતી.

## વડોદરાના નિઝામપુરામાં મોબાઇલ ચોરીનો ભેદ ઉકેલાયો

। વડોદરા, તા.૩૦ ।

વડોદરા ફતેગંજ પોલીસ સ્ટેશન અંતર્ગત નિઝામપુરા વિસ્તારમાં મોબાઈલ ચોરી કરી તરખાટ મચાવનાર મહીલા આરોપીને ઝડપી પાડી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. લોકલ ક્રાઈમ બ્રાંચ ઝોન-૧ના પો.સબ.ઈન્સ. ડી.એચ.રાણા તથા સ્ટાફના માણસો પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન બાતમી મળી હતી કે, આજથી શેક દિવસ પહેલા ફતેગંજ વિસ્તારના નિઝામપુરા ખાતે સાત મોબાઈલ ફોન ચોરી થયેલ હતી. જેની ફરીયાદ ફતેગંજ પો.સ્ટે. ખાતે નોધાયેલ હતી. જે ગુનાના આરોપી મહીલા લક્ષ્મીબેન મેરામણભાઈ નટમારવાડી (ઉ.વ.૨૩, રહે. શાસ્ત્રીનગર જવાહરનગરની પાછળ, નડિયાદ, જી.ખેડા)ને પકડી ઉપરોકત ગુના સબંધે પુછપરછ કરતા ગુનાની કબુલાત કરી હતી. આરોપી મહીલા પાસેથી અલગ-અલગ કંપનીના મોબાઈલ ફોન નંગ ૭ કુલ કિ.રૂ.૧,૮૯,૦૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

# વિસનગર સબજેલ આગળથી કેદી પોલીસને ધક્કો મારી ભાગી છૂટ્યો

। મહેસાણા, તા.૩૦ ।

વિસનગર સબ જેલમાં સજા ભોગવી રહેલો કેદી શનિવારે બિમાર થઈ જતાં તેને સારવાર માટે વિસનગર શહેર પોલીસ સ્ટેશનના કર્મીઓ સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં ડોક્ટરે તપાસ કર્યા બાદ દવા લખી આપતાં તે લઈ કેદીને પરત સબજેલ ખાતે લાવ્યા હતા. સબજેલ આગળ પીસીઆર વાન ઉભી રાખી કેદીને નીચે ઉતાર્યો ત્યારે અચાનક પોલીસકર્મીને ધક્કો મારી કેદી ભાગી છૂટ્યો હતો. પોલીસ પણ તેની પાછળ દોડી હતી પરંતુ સંધ્યાકાળનો લાભ લઈ ભાગી છૂટ્યો હતો. આ અંગે વિસનગર શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી છે. શહેર પોલીસ મથકે એલઆરડી તરીકે ફરજ બજાવતા અશ્વિનસિંહ તખતસિંહે નોંધાવેલી ફરિયાદ મુજબ, વિસનગર સબજેલથી વર્ધી લખાવાઈ હતી કે, એક આરોપી બિમાર હોઈ તેને સારવાર માટે લઈ જવાનો છે. આથી તેઓ પીસીઆર વાનમાં વિસનગર સબજેલ ખાતે પહોંચ્યા હતા. જ્યાં સબજેલના જેલર ઠાકોર સોનાજી વાઘાજીએ વિસનગર તાલુકા પોલીસ સ્ટેશને નોંધાયેલા ઇ.પી.કો. કલમ ૪૨૦,૫૦૬(૨) અને ૧૨૦ બી મુજબના ગુનાનો આરોપી ચાવડા વિશાલસિંહ કિરીટસિંહ (ઉં.વ. ૨૩, રહે. કડા. તા. વિસનગર)ને સોંપ્યો હતો. બિમાર આરોપીને સારવાર માટે અશ્વિનસિંહ સહિતના પીસીઆર વાનમાં વિસનગર સિવિલ ખાતે લઈ ગયા હતા. જ્યાં ડોક્ટરે તપાસ કર્યા બાદ દવા લખી આપતાં તે દવા લઈને આરોપીને વિસનગર સબજેલમાં પરત મૂકવા નીકળ્યા હતા. સાંજે ૬.૫૫ કલાકે સબજેલ આગળ પહોંચી પીસીઆર વાન સબજેલ આગળ ઉભી રાખી આરોપીનો હાથ પકડી નીચે ઉતારતા હતા. આ દરમિયાન આરોપીએ ધક્કો મારતાં પોલીસકર્મી નીચે પડી ગયો હતો અને દોડીને ભાગી ગયો હતો. તેની પાછળ પોલીસે દોટ લગાવી હતી પરંતુ આરોપી ગલીઓમાં થઈ ભાગી છૂટ્યો હતો. તેની શોધખોળ કરવા છતાં મળી આવ્યો નહોતો. આથી વિસનગર શહેર પોલીસ મથકે આરોપી વિશાલસિંહ કિરીટસિંહ ચાવડા વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૨૬૨ મુજબ ફરિયાદ નોંધાવી હતી. સાંજે ૬.૫૫ કલાકે સબજેલ આગળ પહોંચી પીસીઆર વાન સબજેલ આગળ ઉભી રાખી આરોપીનો હાથ પકડી નીચે ઉતારતા હતા. આ દરમિયાન આરોપીએ ધક્કો મારતાં પોલીસકર્મી નીચે પડી ગયો હતો અને દોડીને ભાગી ગયો હતો. તેની પાછળ પોલીસે દોટ લગાવી હતી પરંતુ આરોપી ગલીઓમાં થઈ ભાગી છૂટ્યો હતો. તેની શોધખોળ કરવા છતાં મળી આવ્યો નહોતો. આથી વિસનગર શહેર પોલીસ મથકે આરોપી વિશાલસિંહ કિરીટસિંહ ચાવડા વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૨૬૨ મુજબ ફરિયાદ નોંધાવી હતી.

### ભેળસેળ હોવાની શંકા જતાં તેમણે જુડાનું લેબોરેટરી ટેસ્ટિંગ કરાવ્યું હતું

# સુરતના જાણીતા જ્વેલર્સમાં ગ્રાહકને થયો કડવો અનુભવ

### મોનિકા જ્વેલર્સના માલિકે તેમને ચાંદીના ૧૦૦ ટકા રૂપિયા આપીને માત્ર ૩૪ ટકા જ ચાંદી આપી છે

। (એજન્સી) સુરત, તા.૩૦ ।

સુરતઃ સોશિયલ મીડિયા પર લોભામણી જાહેરાતો જોઈ દાગીના ખરીદતા પહેલા ચેતી જજો. સુરતના એક ગ્રાહકને કડવો અનુભવ થયો છે. સુરતના કડોદરામાં આવેલા મોનિકા જ્વેલર્સની લોભામણી જાહેરાત જોઈને ચાંદીના દાગીનાની ખરીદી કરતા એક વ્યક્તિ છેતરાયા છે. સુરતના રહેવાસી હરેશ સાંકડાસરીયાએ દાવો કરતા જાણવા મળ્યું છે કે, મોનિકા જ્વેલર્સના માલિકે તેમને ચાંદીના ૧૦૦ ટકા રૂપિયા આપીને માત્ર ૩૪ ટકા જ ચાંદી આપી છે. આ વ્યક્તિએ મોનિકા જ્વેલર્સમાંથી ચાંદીનો દાગીનો ખરીદી કરીને તેમને શંકા જતા તેનું લેબ ટેસ્ટ કરાવ્યું હતું. જેના રિપોર્ટમાં આ દાગીનામાં ચાંદી માત્ર ૩૪ ટકા જ હોવાની વાત સામે આવી છે. જે બાદ આમને તેમની ફરિયાદ પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે. સુરતના રહેવાસી હરેશ સાંકડાસરીયાએ ૨૨ જુલાઈ, ૨૦૨૫ ના રોજ કડોદરા સ્થિત મોનિકા જ્વેલર્સમાંથી ચાંદીનો જુડો ખરીદ્યો હતો. આ જુડાનું વજન ૧૮૧ ગ્રામ હતું અને તેની કિંમત ૨૫,૫૦૦ ચૂકવવામાં આવી હતી. બિલમાં ચાંદીનો ભાવ પ્રતિ ગ્રામ ૧૧૮ અને મજૂરી પ્રતિ ગ્રામ ૧૮ દર્શાવવામાં આવી હતી. જ્વેલરે ૧૦૦% શુદ્ધ ચાંદીના નામે આ દાગીનો વેચ્યો હતો. જોકે, હરેશભાઈને તેમાં ભેળસેળ હોવાની શંકા જતાં તેમણે જુડાનું લેબોરેટરી ટેસ્ટિંગ કરાવ્યું હતું. હરેશભાઈએ દાગીનાની પ્રથમ લેબોરેટરીમાં તપાસ કરાવી, જેમાં રિપોર્ટ આવ્યો કે, જુડામાં માત્ર ૩૪% ચાંદી છે અને બાકીની માત્રામાં અન્ય ધાતુઓની ભેળસેળ છે. શંકા દૂર કરવા માટે બીજી લેબોરેટરીમાં પણ ટેસ્ટિંગ કરાવવામાં આવ્યું, જેમાં પણ આ જ રિપોર્ટ આવ્યો કે જુડામાં માત્ર ૩૪થી ૩૫ ટકા જ ચાંદી છે. આ રીતે, મોનિકા જ્વેલર્સે ૧૦૦% શુદ્ધ ચાંદીના નામે ગ્રાહકને છેતર્યા હતા.ભોગ બનનાર હરેશ સાંકળસરિયાએ આ અંગે જણાવતા કહ્યુ કે, આ છેતરપિંડી સામે આવ્યા બાદ જાણવા મળ્યું છે કે, મોનિકા જ્વેલર્સના માલિક અભિષેક સોની પોતાના સોશિયલ મીડિયા પેજ પર આકર્ષક અને લોભામણી જાહેરાતો આપીને લોકોને આ ભેળસેળવાળા દાગીનાનું વેચાણ કરે છે. સસ્તા અને શુદ્ધ દાગીનાની લાલચ આપીને તે ગ્રાહકોને પોતાની જાળમાં ફસાવતા હતા.

## ગાંધીનગરમાં ટોળાએ ઘાતક હથિયારોથી હુમલો કર્યો

। ગાંધીનગર, તા.૩૦ ।

પાટનગરમાં અસામાજિક તત્ત્વોની વધી રહેલી હિંમત પોલીસ માટે પડકારરૂપ બની છે. નજીવી બાબતે જાહેરમાં મારા-મારી કરી ગભરાટ ફેલાવનારા તત્વોએ ગાંધીનગરના પોશ વિસ્તાર ગણાતા કુડાસણમાં હિંસક હથિયારો સાથે રીતસરનો આતંક મચાવ્યો હતો. કચ્છના નખત્રાણામાં દોઢ વર્ષ પહેલાં થયેલા ઝઘડાની અદાવતમાં ટોળાએ હિંસક હુમલો કરતા એક શખ્સ ગંભીર ઘાયલ થયો હતો, જ્યારે અન્યોને નાની-મોટી ઈજા થઈ હતી. કુડાસણમાં રિલાયન્સ ચોકડી નજીક શ્રી દેવ ફરાળી દુકાનમાં રહેતા મનીપસિંગ માખનસિંગ રાવત દોઢ વર્ષ પહેલાં કચ્છના નખત્રાણામાં રહેતા હતા ત્યારે કામ બાબતે મિત્ર દેવેન્દ્રસિંગ રાવત સાથે ઝઘડો થયો હતો. ત્યારબાદ મનીપસિંગે નોકરી છોડી દીધી હતી અને સપ્ટેમ્બરથી શ્રી દેવ ફરાળીની દુકાનમાં નોકરી કરતા હતા. શનિવારે રાત્રે દેવેન્દ્રસિંગ મિત્રો શિવસિંગ અને નરપતસિંગ સાથે આ દુકાને ગયા હતા અને મનીપસિંગને વાતચીત માટે બોલાવ્યો હતો. મનીપસિંગ શેઠ પંકજ પ્રજાપતિ તથા અન્ય ત્રણ મિત્રો સાથે અર્બનિયા હોટલ નજીક મળવા ગયો હતો. તેમને જોતાની સાથે જ દેવેન્દ્રસિંગ તથા તેની સાથેના આઠેક લોકોએ લોખંડની પાઈપ, છરી, દંડા જેવા હથિયારોથી હુમલો કર્યો હતો. મનીપસિંગને બચાવવા વચ્ચે પડેલા સુરેશ વણઝારાને દેવેન્દ્રસિંગે માથામાં પાઈપ મારી દીધી હતી.

**વિશેષ** વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નિર્ણયોથી સહકાર ક્ષેત્રમાં ક્રાંતિ બાદ જીએસટી ઘટાડો અને સ્વદેશી અપનાવવાનો સંકલ્પ

# સહકારથી સમૃદ્ધિ': આત્મનિર્ભર ભારત માટે સહકારી મંડળીઓએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને પોસ્ટકાર્ડથી અભિનંદન પાઠવ્યા

। (માહિતી) ગાંધીનગર ।

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશે વૈશ્વિક સ્તરે નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. આ જ શ્રેણીમાં વડાપ્રધાનશ્રીએ સહકારિતા મંત્રાલયને અલગ બનાવીને 'સહકારથી સમૃદ્ધિ'ના વિઝનને નવો વેગ આપ્યો છે. આ વિઝનને આગળ ધપાવવા માટે ૬૦ જેટલા કલ્યાણકારી પગલાં લેવાયા છે, જેનાથી સહકારી મંડળીઓને અનેક ફાયદાઓ થયા છે. તાજેતરમાં જ કેન્દ્ર સરકારે લીધેલા નિર્ણયો જેવા કે, વિદેશથી કૃષિ-ડેરી ઉત્પાદનોની આયાત પર પ્રતિબંધ અને જીએસટી (GST)માં ઘટાડો થવાથી સહકારી મંડળીઓ અને દૂધ મંડળીઓને સીધો લાભ મળશે. જીએસટી ઘટાડાનો મુખ્ય હેતુ સામાન્ય નાગરિકોની બચતમાં વધારો કરવાનો અને ખેડૂતો સહિત નાના વેપારીઓને પ્રોત્સાહન આપવાનો છે. આર્થિક ગતિવિધિઓને વેગ આપતી સ્વદેશી ઝુંબેશ થકી ખેડૂતો, ગ્રાહકો અને વેપારીઓ સૌને લાભ મળી રહ્યો છે. જિલ્લાની સહકારી મંડળીઓ, સેવા સહકારી મંડળીઓ, સભાસદો, નાના વેપારીઓ અને ખેડૂતોએ આ નિર્ણયોને ઉમળકાભેર આવકાર્યા છે.



આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ ૨૦૨૫ અંતર્ગત રાજ્યની વિવિધ સેવા સહકારી મંડળીઓના સભાસદોએ ધી અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો.ઓ.બેંક લિ. (ADC બેંક) સાથે મળીને અંદાજે ૬,૦૦,૦૦૦ (છ લાખ) જેટલા પોસ્ટકાર્ડ લખીને આભાર વ્યક્ત કર્યો છે. તે જ રીતે, અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની દૂધ ઉત્પાદક સહકારી સંસ્થાઓની મહિલાઓએ ધી અમદાવાદ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લિ. સાથે મળીને અંદાજે ૧,૭૦,૦૦૦ (એક લાખ સિત્તેર હજાર) પોસ્ટકાર્ડ દ્વારા પોતાનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પોસ્ટકાર્ડ અભિયાન દ્વારા લોકોએ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલા 'સહકારથી સમૃદ્ધિ' કાર્યક્રમ હેઠળના વિવિધ ૧૭ આયામોના અમલ, જીએસટી ટેક્સ ઘટાડો, ખેડૂતલક્ષી યોજનાઓ અને સ્વદેશી ચળવળ અંતર્ગત આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવા માટેના પ્રયાસોની સરાહના કરી હતી. આ પોસ્ટકાર્ડમાં તેમણે "હું સ્વદેશી અપનાવીશ.... ! આત્મનિર્ભર ભારત આપણે બનાવીશું...!" ના સંકલ્પ સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો સહકારી ક્ષેત્રે લેવાયેલા સકારાત્મક નીતિગત નિર્ણયો બદલ આભાર માન્યો હતો. "હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી" જેવા વાક્યોથી આ અભિયાનમાં ભારતના નાગરિકો સ્વદેશી વસ્તુ વાપરવા પ્રત્યે જાગૃત થયા છે. આ મહાઅભિયાનમાં જોડાનારા વ્યક્તિઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે, જે શ્રી નરેન્દ્ર ભાઈ મોદીની વડાપ્રધાન તરીકેની સફળતા અને લોકચાહનાને દર્શાવે છે. જિલ્લાની સહકારી મંડળીઓ, સેવા સહકારી મંડળીઓ, સભાસદો, નાના વેપારીઓ અને ખેડૂતોએ આ નિર્ણયોને ઉમળકાભેર આવકાર્યા છે. આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ ૨૦૨૫ અંતર્ગત રાજ્યની વિવિધ સેવા સહકારી મંડળીઓના સભાસદોએ ધી અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો.ઓ.બેંક લિ. (ADC બેંક) સાથે મળીને અંદાજે ૬,૦૦,૦૦૦ (છ લાખ) જેટલા પોસ્ટકાર્ડ લખીને આભાર વ્યક્ત કર્યો છે. તે જ રીતે, અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની દૂધ ઉત્પાદક સહકારી સંસ્થાઓની મહિલાઓએ ધી અમદાવાદ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લિ. સાથે મળીને અંદાજે ૧,૭૦,૦૦૦ (એક લાખ સિત્તેર હજાર) પોસ્ટકાર્ડ દ્વારા પોતાનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પોસ્ટકાર્ડ અભિયાન દ્વારા લોકોએ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલા 'સહકારથી સમૃદ્ધિ' કાર્યક્રમ હેઠળના વિવિધ ૧૭ આયામોના અમલ, જીએસટી ટેક્સ ઘટાડો, ખેડૂતલક્ષી યોજનાઓ અને સ્વદેશી ચળવળ અંતર્ગત આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવા માટેના પ્રયાસોની સરાહના કરી હતી. આ પોસ્ટકાર્ડમાં તેમણે "હું સ્વદેશી અપનાવીશ.... ! આત્મનિર્ભર ભારત આપણે બનાવીશું...!" ના સંકલ્પ સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો સહકારી ક્ષેત્રે લેવાયેલા સકારાત્મક નીતિગત નિર્ણયો બદલ આભાર માન્યો હતો. "હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી" જેવા વાક્યોથી આ અભિયાનમાં ભારતના નાગરિકો સ્વદેશી વસ્તુ વાપરવા પ્રત્યે જાગૃત થયા છે. આ મહાઅભિયાનમાં જોડાનારા વ્યક્તિઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે, જે શ્રી નરેન્દ્ર ભાઈ મોદીની વડાપ્રધાન તરીકેની સફળતા અને લોકચાહનાને દર્શાવે છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન: ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### $20 મિલિયનના ભારતીય ઉદ્યોગને પણ મોટો ફટકો

# યુએસની બહાર બનેલી ફિલ્મો પર ૧૦૦% ટેરિફ લાદવાની જાહેરાત

## અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે બીજો ટેરિફ બોમ્બ ફેંકીને આંતરરાષ્ટ્રીય સ્તરે ચકચાર મચાવી દીધી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩૦ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવાર (૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૫) ના રોજ યુએસની બહાર બનેલી ફિલ્મો પર ૧૦૦% ટેરિફ લાદવાની જાહેરાત કરીને સમગ્ર વિશ્વના ફિલ્મ ઉદ્યોગને મોટો આંચકો આપ્યો છે. આ ૧૦૦% ટેરિફ ભારતમાં બનેલી ફિલ્મો પર પણ લાગુ થશે, જે ભારતીય સિનેમા ઉદ્યોગ માટે એક મોટો ફટકો છે. યુએસમાં ભારતીય ફિલ્મોનો વ્યવસાય હાલમાં આશરે ઈ૨૦ મિલિયન સુધી પહોંચી ગયો છે, પરંતુ આ ટેરિફને કારણે તેની આવકમાં નોંધપાત્ર ઘટાડો થવાની સંભાવના છે. ટ્રમ્પે આ પગલાને 'અન્ય દેશો દ્વારા યુએસના ફિલ્મ નિર્માણ વ્યવસાયની ચોરી' ગણાવ્યું છે. અગાઉ ચીને આયાત થતી અમેરિકન ફિલ્મોની સંખ્યા ઘટાડવાની જાહેરાત કર્યા બાદ ટ્રમ્પે ચીની માલ પર ૧૨૫% સુધી ટેરિફ વધાર્યો હતો, જે વૈશ્વિક વેપાર તણાવમાં વધારો સૂચવે છે.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે બીજો ટેરિફ બોમ્બ ફેંકીને આંતરરાષ્ટ્રીય સ્તરે ચકચાર મચાવી દીધી છે. ટ્રમ્પે જાહેર કર્યું છે કે યુનાઈટેડ સ્ટેટ્સની બહાર બનેલી ફિલ્મો પર ૧૦૦% સુધીનો ટેરિફ લાગુ થશે. આ પગલું એવા સમયે લેવાયું છે જ્યારે હોલીવુડની ફિલ્મોનું શૂટિંગ પણ હવે યુએસ બહારના વિવિધ દેશોમાં મોટા પાયે થઈ રહ્યું છે. ટ્રમ્પનું આ પગલું ફિલ્મ નિર્માતાઓ અને વૈશ્વિક સિનેમા ઉદ્યોગ માટે ગંભીર ચિંતાનું કારણ બન્યું છે.




ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ, ટ્રૂથ સોશિયલ પર લખ્યું, "અન્ય દેશોએ આપણા ફિલ્મ નિર્માણ વ્યવસાયને એવી રીતે ચોરી લીધો છે જેમ બાળકના મોંમાંથી મીઠાઈ છીનવી લેવામાં આવે છે." તેમણે વધુમાં જણાવ્યું કે "આ લાંબા સમયથી ચાલતી સમસ્યાને ઉકેલવા માટે, હું યુનાઈટેડ સ્ટેટ્સની બહાર બનેલી ફિલ્મો પર ૧૦૦ ટકા ટેરિફ લાદીશ."

ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલો આ ૧૦૦% ટેરિફ ભારતીય સિનેમા ઉદ્યોગ માટે એક મોટો આર્થિક ફટકો માનવામાં આવી રહ્યો છે: વર્તમાન વ્યવસાયઃ તાજેતરના વર્ષોમાં યુનાઈટેડ સ્ટેટ્સમાં ભારતીય ફિલ્મોની લોકપ્રિયતામાં નોંધપાત્ર વધારો થયો છે. હિન્દી અને દક્ષિણ ભારતીય ફિલ્મ ઉદ્યોગની ઘણી ફિલ્મો ત્યાં સારી કમાણી કરી રહી છે. આવકનું કદઃ COVID-19 રોગચાળા પહેલા યુએસમાં ભારતીય ફિલ્મ બજાર આશરે $8 મિલિયનનું હતું, જે રોગચાળો સમાપ્ત થયા પછી ઝડપથી વધીને લગભગ $20 મિલિયન સુધી પહોંચી ગયું છે. આવક ઘટશેઃ ૧૦૦% ટેરિફ લાદવાથી યુએસમાં રિલીઝ થતી ભારતીય ફિલ્મોની આવકમાં નોંધપાત્ર ઘટાડો થશે, જે ભારતીય ફિલ્મ નિર્માતાઓ માટે એક મોટો પડકાર છે.

ટ્રમ્પે આ પગલાં માટે અગાઉ ચીનને પણ જવાબદાર ઠેરવ્યું હતું. એપ્રિલમાં, ચીને જાહેરાત કરી હતી કે તે આયાત થતી અમેરિકન ફિલ્મોની સંખ્યા ઘટાડશે. જેના જવાબમાં ટ્રમ્પે ચીની માલ પર ટેરિફ વધારીને ૧૨૫% કર્યો હતો.

ચીની ફિલ્મ એડમિનિસ્ટ્રેશન દ્વારા ૧૦ એપ્રિલના રોજ જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે, "અમેરિકન સરકાર દ્વારા ચીન પર લાદવામાં આવેલા આડેધડ ટેરિફ સ્થાનિક દર્શકો પર અમેરિકન ફિલ્મોના ક્રેઝ અને અસરને વધુ ઘટાડશે." આ પરસ્પર પગલાં વૈશ્વિક વેપાર અને સાંસ્કૃતિક વિનિમય પર રાજકીય તણાવની વધતી જતી અસર દર્શાવે છે.

**ન્યૂઝ બ્રિફ**

### પતિ સાથે ગરબા રમતી ૧૯ વર્ષની પત્નીનું હાર્ટએટેકથી નિધન થયું

। (એજન્સી) ખરગોન, તા.૩૦ ।

મધ્ય પ્રદેશના ખરગોન જિલ્લામાંથી દુઃખદ ઘટના સામે આવી છે. અહીં એક દુર્ગા પંડાલમાં પતિ સાથે ગરબા રમી રહેલી ૧૯ વર્ષીય યુવતીને હાર્ટ એટેક આવ્યો હતો. યુવતી ગરબા રમતી વખતે જમીન પર ઢળી પડી અને થોડી જ ક્ષણોમાં તેનું મોત થયું હતું. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. અહેવાલો મુજબ, રાજ્યના ખરગોનના ભીકનગાંવ વિસ્તારના પલાસી ગામની રહેવાસી સોનલ નામની યુવતીના લગ્ન મે મહિનામાં જ થયા હતા. તેણીના આ વર્ષે મે મહિનામાં કૃષ્ણપાલ સાથે લગ્ન થયા હતા. પતિ-પત્ની સિંગાજી મંદિર નજીક મા દુર્ગા પંડાલમાં ખુશીથી ડાન્સ કરી રહ્યા હતા. ડાન્સ દરમિયાન સોનમ અચાનક પડી ગઈ હતી, ત્યારે આસપાસના લોકોને લાગ્યું કે તે તેમના રમતનો એક ભાગ છે, પરંતુ જ્યારે તે ઊભી ન થઈ, ત્યારે ફફડાટ ફેલાઈ ગયો હતો. ત્યારબાદ પરિવારજનો તેણીને તાત્કાલીક હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં ડોક્ટરોએ તેણીને મૃત જાહેર કરી હતી. ડોક્ટરોએ તેના મૃત્યુનું કારણ પ્રાથમિક દૃષ્ટિએ હાર્ટ એટેક જણાવ્યું છે. આટલી નાની ઉંમરે યુવતીના અચાનક મોતથી સમગ્ર ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે, અને દરેક વ્યક્તિ આ ઘટનાથી સ્તબ્ધ છે.

### કેનેડાએ લોરેન્સ બિશ્નોઈને આતંકવાદી જાહેર કર્યો



। (એજન્સી) કેનેડા, તા.૩૦ ।

કેનેડાએ લોરેન્સ બિશ્નોઈને આતંકવાદી જાહેર કર્યો છે. આ ઉપરાંત કેનેડા સરકારે સોમવારે લોરેન્સ બિશ્નોઈની બિશ્નોઈ ગેંગને આતંકવાદી સંગઠનની યાદીમાં સામેલ કરી છે. આ નિર્ણય કન્ઝર્વેટિવ અને NDP નેતાઓની માંગ બાદ લેવાયો છે. આ પગલાં હેઠળ હવે કોઈ પણ કેનેડિયન નાગરિક માટે આ ગેંગને આર્થિક મદદ કરવી કે તેના માટે કામ કરવું ગુનો ગણાશે. બિશ્નોઈ ગેંગ ભારતમાંથી સંચાલિત થાય છે અને લોરેન્સ બિશ્નોઈ પર આરોપ છે કે તે જેલમાંથી મોબાઈલ ફોન દ્વારા આખી ગેંગ ચલાવે છે. કેનેડા સરકારે પ્રેસ રિલીઝમાં જણાવ્યું કે, આ ગેંગ હત્યા, ફાયરિંગ અને ઉઘરાણી જેવી ગતિવિધિઓમાં સામેલ છે અને ખાસ કરીને ભારતીય મૂળના લોકો, તેમના વ્યવસાયો અને સાંસ્કૃતિક હસ્તીઓને નિશાન બનાવે છે. નવી લિસ્ટિંગ બાદ કેનેડિયન કાયદા અમલીકરણ એજન્સીઓને ગેંગ સામે વધુ કડક કાર્યવાહી કરવાનો અધિકાર મળી જશે. આમાં તેમની સંપત્તિ જપ્ત કરવી, બેંક ખાતાં ફ્રીઝ કરવા અને તેમના સમર્થકો પર કેસ ચલાવવાનો સમાવેશ થાય છે. પ્રેસ રિલીઝમાં જણાવાયું છે કે હવે જો કોઈ કેનેડિયન નાગરિક ગેંગને સીધી કે આડકતરી રીતે મદદ કરે છે કે તેની સંપત્તિ સાથે લેવડ-દેવડ કરે છે, તો તે ગુનાની શ્રેણીમાં આવશે.

### ટેરિફ મુદ્દે અમેરિકાને અબજોનું નુકસાન

# ડોનાલ્ડ ટ્રમ્પની દાદાગીરી સામે ડ્રેગને બાંયો ચડાવી

## ચીને આયાત અટકાવી દીધી હોવાના કારણે અમેરિકામાં સોયાબીનનું ઉત્પાદન કરતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે

। (એજન્સી) બેઈજીંગ, તા.૩૦ ।

અમેરિકાના પ્રમુખ ડોનાન્ડ ટ્રમ્પની 'ટેરિફ દાદાગીરી'નો ચીને જડબાતોડ જવાબ આપ્યો છે. ટ્રમ્પે ચીન પર ટેરિફ ઝિંક્યો હતો, જેના જવાબમાં ચીને અનેક અમેરિકન ઉત્પાદનની આયાત અટકાવી દીધી હતી, જેના કારણે હવે તે ઉત્પાદનને લાગતી-વળગતી કંપનીઓ ભારે મુશ્કેલીનો સામનો કરી રહી છે. ચીન સૌથી વધુ અમેરિકા પાસેથી સોયાબીન આયાત કરી છે, તેથી ચીનના વળતા જવાબની સૌથી વધુ અસર સોયાબીન સેક્ટર પર પડી છે. જ્યારે ટ્રમ્પે ચીન પર ટેરિપ ઝિંક્યો હતો, ત્યારે ચીને તાત્કાલીક સોયાબીન પર ૩૪ ટકા



ટેરિફ લગાવી દીધો હતો. એટલું જ નહીં ચીને તેની ખરીદી પણ બંધ કરી નાખી હતી.મીડિયા રિપોર્ટ મુજબ, ચીને આયાત અટકાવી દીધી હોવાના કારણે અમેરિકામાં સોયાબીનનું ઉત્પાદન કરતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. સોયાબીનનો જથ્થો આગળ ન જતા ખેડૂતો હાલ આર્થિક સંકટનો સામનો કરી રહ્યા છે. રિપોર્ટ મુજબ, અમેરિકાએ ૨૦૨૪માં કુલ ૨૪.૫ અબજ ડૉલરની સોયાબીનની નિકાસ કરી હતી, જેમાંથી અડધો અડદ એટલે કે ૧૨.૫ અબજ ડૉલરનું ઉત્પાદન એકલા ચીને ખરીદ્યું હતું. જોકે આ વર્ષે ચીને અમેરિકા પાસેથી સોયાબીનની ખરીદી સંપૂર્ણ ટાળી દીધી છે, જેના કારણે અમેરિકન ખેડૂતો કરોડો રૂપિયાના નુકસાનનો સામનો કરી રહ્યા છે. અમેરિકન સોયાબીન એક્સપોર્ટ કાઉન્સિલના સીઈઓએ કહ્યું કે, 'આયાત બંધ થવાના કારણે ખેડૂતો આર્થિક સંકટનો સામનો કરી રહ્યા છે. ખેડૂતો સોયાબીનના પાકને લઈન ચિંતિત છે, કારણ કે પાક કાપવાનો સમય નજીક આવી ગયો છે. સોયાબીનના વેપાર માટે બંને દેશો વચ્ચે અનેક વખત બેઠક યોજાઈ છે, જોકે તેનું કોઈ નિવેડો આવ્યો નથી.' ટ્રમ્પે થોડા દિવસ પહેલા કહ્યું હતું કે, ચીન સાથે સોયાબીન મુદ્દે સમજૂતી નહીં થાય તો તેઓ ખેડૂતોને રાહત પેકેજ આપી શકે છે. તો ખેડૂતોએ કહ્યું છે કે, રાહત પેકેજના કારણે માત્ર થોડો સમય જ ઉકેલ આવી શકે છે, તેનાથી કાયમી ઉકેલ નહીં આવે. મીડિયા રિપોર્ટ મુજબ, ચીન શરત મૂકી છે કે, અમેરિકા અયોગ્ય ટેરિફ હટાવશે, પછી જ સોયાબીનની ખરીદી પર વિચારણા કરશે. ટ્રમ્પના ટેરિફ એટેક માત્ર ચીને સોયાબીન સહિત જુવાર, મકાઈ, કપાસ અને દરિયાઈ ખોરાક પર પણ વળતો ટેરિફ ઝિંક્યો છે.

# એક જ રાતમાં ગાઝા પર ઈઝરાયલના ૧૪૦ હુમલા

। (એજન્સી) ગાઝા, તા.૩૦ ।

ઈઝરાયેલી સેના IDFએ ફરી ગાઝામાં ભયાનક હુમલો કર્યો છે. સેનાએ છેલ્લા ૨૪ કલાકમાં હવાઈ, જમીન અને દરિયાઈ માર્ગેથી ૧૪૦થી વધુ સ્થળો પર હુમલા કર્યા હોવાની વિગતો સામે આવી છે. આઈડીએફએ કહ્યું કે, આતંકવાદી જૂથોની બિલ્ડિંગો, હથિયારના સંગ્રહ સ્થળે સહિત અનેક સ્થળે હુમલા કર્યા છે. IDFની ત્રણ ડિવિઝનની ગ્રાઉન્ડ ટુકડીઓ ગાઝા સિટીમાં સતત આગળ વધી રહી છે. ઈઝરાયલી એર ફોર્સે હમાસ દ્વારા ઉપયોગમાં લેવાતા આશરે ૧૪૦ ઠેકાણાં પર બોંબમારો કર્યો છે, જ્યારે ઈઝરાયલી નેવીએ ગાઝાના ઉત્તર ભાગમાં ગોળીબાર કરીને હથિયારના સંગ્રહ સ્થળ અને હમાસના સભ્યો દ્વારા ઉપયોગમાં લેવાતી બિલ્ડિંગને ટાર્ગેટ કરી છે. સેનાએ હમાસના આતંકીઓએ બિલ્ડિંગમાં છુપાવેલા બોંબનો વીડિયો પણ જાહેર કર્યો છે. ઈઝરાયલી સેનાની ત્રણ ડિવિઝન ટુકડીએ ગાઝામાં સતત આગળ વધી રહી છે અને હુમલાઓ શરૂ કરી દીધા છે. IDFની ૩૬મી ડિવિઝને હમાસ દ્વારા સર્વેલન્સ માટે ઉપયોગમાં લેવાતા અનેક બિલ્ડિંગનો ખાતમો બોલાવી દીધો છે, જ્યારે ૯૮મી ડિવિઝને IDF પર બોંબમારો કરનાર હમાસના એક સભ્યને ઠાર કરી દીધો છે.

### રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે માહિતી આપતા કહ્યું

# હવે ટ્રેનથી ભુતાન જઈ શકાશે : રૂ.૪ હજાર કરોડના પ્રોજેક્ટને મંજૂરી

## બે પ્રોજેક્ટોથી બંને દેશો વચ્ચે સંપર્કની સાથે વ્યાપાર, પર્યટન અને લોકોની અવરજવર પણ ઘણી સરળ બનશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

ભારત સરકારે સોમવારે ભારત-ભુતાન વચ્ચેના સંબંધોને મજબૂત કરવા માટે કુલ ૪૦૩૩ કરોડ રૂપિયાના ખર્ચે બે મહત્ત્વ પૂર્ણ રેલ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે. આ અંગે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે માહિતી આપતા કહ્યું છે કે, બે પ્રોજેક્ટોથી બંને દેશો વચ્ચે સંપર્કની સાથે વ્યાપાર, પર્યટન અને લોકોની અવરજવર પણ ઘણી સરળ બનશે. ખાસ વાત એ છે કે, આ પ્રોજેક્ટ્સ પૂર્ણ થયા બાદ ભારતીય નાગરિકો ટ્રેન દ્વારા સીધા ભુતાન જઈ શકશે. પ્રથમ પ્રોજેક્ટની વાત કરીએ તો આસામના કોકરાઝારથી ભુતાનના ગાલેફૂ શહેર સુધી રેલવે લાઈન બિછાવવામાં આવશે. આ ૬૯ કિલોમીટર લાંબી રેલવે લાઈન



પર ૩૪૫૬ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. બીજા પ્રોજેક્ટ હેઠળ પશ્ચિમ બંગાળના બનરહાટને ભુતાનના સમત્સે શહેર સાથે જોડવામાં આવશે. બંને શહેર વચ્ચે ૨૦ કિલોમીટરની રેલવે લાઈન બિછાવવા માટે ૫૭૭ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. અગાઉ આ ટ્રેન બંગાળના હાસીમારા આવતી હતી. ભારત-ભૂટાનને જોડવા માટે કોકરાઝાર (આસામ)થી ગાલેફૂ (ભૂટાન) સુધીની નવી રેલ લાઈનનું કામ ટૂંક સમયમાં શરૂ થઈ રહ્યું છે. આ પ્રોજેક્ટનો ખર્ચ આશરે ૩૪૫૬ કરોડ રૂપિયા થશે અને તેને પૂર્ણ થતાં ચાર વર્ષ લાગશે. ૬૯ કિલોમીટર લાંબો આ રૂટ ભૂટાનના સરપાંગ જિલ્લા અને ભારતમાં આસામના કોકરાઝાર તથા ચિરાંગ જિલ્લામાંથી પસાર થશે. આ પ્રોજેક્ટમાં ૬ સ્ટેશન, ૨૯ મોટા પુલ, ૬૫ નાના પુલ, ૨ મહત્ત્વ પૂર્ણ બ્રિજ, ૨ લાંબા-ઊંચા પુલ, ૩૯ રેલવે અંડરબ્રિજ, એક રેલવે ઓવર બ્રિજનો સમાવેશ થાય છે.

### પૂર્વ ભાજપ સાંસદ સાધ્વી પ્રજ્ઞાનું વિવાદિત નિવેદન

# મંદિરોની આસપાસ કોણ પ્રસાદ વેચી રહ્યું છે તેની તપાસ કરો

## મંદિરોની આસપાસ કોણ પ્રસાદ વેચી રહ્યું છે તેની તપાસ કરો અને જો પ્રસાદ વેચનાર હિન્દુ ન હોય તો, તેની સામે કાર્યવાહી કરો

। (એજન્સી) ભોપાલ, તા.૩૦ ।

ભાજપના પૂર્વ સાંસદ પ્રજ્ઞા ઠાકુરનું એક નિવેદન હાલમાં ખૂબ જ ચર્ચામાં છે. તેમણે વિશ્વ હિન્દુ પરિષદના એક કાર્યક્રમમાં મંદિરો પાસે પ્રસાદ વેચનારાઓ પર નજર રાખવા વિશે કહ્યું છે. તેમણે કહ્યું કે, જો કોઈ બિન હિન્દુ પ્રસાદ વેચતો જોવા મળે તો તેને જેટલો મારી શકાય તેટલો મારો, મારપીટ કર્યા પછી તેને સરકારને સોપી દો. ભોપાલના પૂર્વ ભાજપ સાંસદ સાધ્વી પ્રજ્ઞા સિંહ ઠાકુરે રવિવારે એક નિવેદન આપીને વિવાદ ઉભો કર્યો હતો. તેમણે ભોપાલમાં વિશ્વ હિન્દુ પરિષદ (VHP) ના એક કાર્યક્રમમાં હિન્દુ શ્રદ્ધાળુઓને જૂથ બનાવીને તપાસ કરવા વિનંતી કરતાં કહ્યું કે, મંદિરોની આસપાસ કોણ પ્રસાદ વેચી રહ્યું છે તેની તપાસ



કરો અને જો પ્રસાદ વેચનાર હિન્દુ ન હોય તો, તેની સામે કાર્યવાહી કરો. પ્રજ્ઞા ઠાકુરે કહ્યું, જો તમને કોઈ બિન-હિન્દુ પ્રસાદ વેચતો જોવા મળે તો તેને શક્ય હોય તેટલો માર મારો, અને પછી તેને સરકારના હવાલે કરી દો. તેમજ ભક્તોએ બિન-હિન્દુ વિક્રેતાઓ પાસેથી પ્રસાદ લેવાનો ઈનકાર કરવો જોઈએ અને તેઓને વેચવા કે મંદિરમાં પ્રવેશવા માટે મંજૂરી ન આપવી જોઈએ. વધુમાં તેમણે ઘરોને હથિયારબંધ કરવાની વાત કરતાં કહ્યું કે, હા, મેં કહ્યું હતું કે તમારે તમારા ઘરોમાં હથિયારો રાખવા જોઈએ. મેં આગ્રહ કર્યો હતો કે, હથિયારો ધારદાર રાખવા જોઈએ જેથી પરિવારો પોતાનું રક્ષણ કરી શકે. જો કોઈ દુશ્મન તમારા દરવાજો ઓળંગે, તો તેના બે ટુકડા કરી દો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જ્યારે આપણી દીકરીઓ અને બહેનોને ઘરમાંથી અપહરણ કરવામાં આવે છે, તેમના શરીરના ટુકડે- ટુકડા કરીને રસ્તા પર ફેકી દેવામાં આવે છે, ત્યારે આપણને ખૂબ જ દુઃખ થાય છે. આ પીડાને દૂર કરવા માટે જ્યારે પણ કોઈ દુશ્મન તમારા ઉંબરાને પાર કરવાની કોશિષ કરે ત્યારે તમારે તેના બે ટૂકડા કરી દેવા જોઈએ. દુર્ગાવાહિનીનું મિશન દરેક ઘરમાં દુર્ગા બનાવવાનું છે. તે દરેક ઘરમાં હથિયારો રાખવાનું શસ્ત્રો રાખવાનું આહ્વાન કરવાનું છે.

### સૂર્યકુમાર યાદવે સંપૂર્ણ ફી પીડિત પરિવારોને દાન કરી

# પહલગામમાં જીવ ગુમાવનાર વિનય નરવાલના પિતા ભારતીય ટીમની જીતથી ખુશ

## લેફ્ટનન્ટ વિનય નરવાલના પિતાએ ભારતીય ટીમના એશિયા કપ ૨૦૨૫માં ટ્રોફી ના સ્વીકારવાના નિર્ણયની પ્રશંસા કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

જમ્મુ-કાશ્મીરના પહલગામ આતંકી હુમલામાં શહીદ થયેલા લેફ્ટનન્ટ વિનય નરવાલના પિતાએ ભારતીય ટીમના એશિયા કપ ૨૦૨૫માં ટ્રોફી ના સ્વીકારવાના નિર્ણયની પ્રશંસા કરી છે. શહીદ વિનય નરવાલના પિતા રાજેશ નરવાલે કહ્યું કે, ભારતીય ટીમે સાચો સંદેશ આપ્યો કે રમત એક અલગ વસ્તુ છે, પરંતુ અમે તમારા સંપર્કમાં રહીશું નહીં. હું આ મજબૂત નિર્ણય માટે ભારતીય ટીમ અને કેપ્ટન સૂર્યકુમાર યાદવનો આભાર માનું છું. ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવે એશિયા કપની બધી મેચની પોતાની સંપૂર્ણ ફી પહલગામ આતંકી હુમલામાં માર્યા ગયેલા લોકોના પરિવારોને દાનમાં આપી દીધી છે. સૂર્યકુમાર યાદવે જણાવ્યું હતું કે, મારી પ્રાર્થના હંમેશા પહલગામ હુમલાના પીડિતો સાથે રહેશે. એશિયા કપ ટૂર્નામેન્ટમાં ભારતીય ટીમે પાકિસ્તાન સામે મેચ રમવી જોઈએ કે નહીં તે અંગે લાંબી ચર્ચા ચાલી હતી, પરંતુ આખરે બીસીસીઆઈએ નિર્ણય લીધો કે ભારતીય ટીમે ભાગ લેવો જોઈએ. દલીલ એવી હતી કે જો આપણે બહુપક્ષીય ટૂર્નામેન્ટમાં ભાગ નહીં લઈએ, તો પાકિસ્તાનને એક પણ મેચ રમ્યા વિના વોકઓવર મળશે. એવું માનવામાં આવે છે કે આ જ કારણ હતું કે ભારતીય ટીમે રમવાનું નક્કી કર્યું. વધુમાં સૂર્યકુમાર યાદવના નેતૃત્વ હેઠળ પાકિસ્તાનની ટીમ સાથે હાથ ન મિલાવવાનો નિર્ણય લીધો. વધુમાં પાકિસ્તાના ગૃહમંત્રી મોહસીન નકવી પાસેથી ટ્રોફી સ્વીકારી ન હતી. આ એ જ મોહસીન નકવી છે જે વારંવાર ભારત વિરુદ્ધ ઝેર ઓકતો રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, ભારતમાં વિપક્ષી પાર્ટીઓ પાકિસ્તાન સામે રમવાના નિર્ણય અંગે સરકાર પર પ્રહારો કરી રહી છે. આમ આદમી પાર્ટીના નેતા સૌરભ ભારદ્વાજે તો ત્યાં સુધી કહ્યું હતું કે, જો સૂર્યકુમાર યાદવમાં હિંમત હોત, તો તે પાકિસ્તાન સામેની મેચ ફી પહલગામ પીડિતોને દાન આપી દે. ત્યારબાદ સૂર્યકુમાર યાદવે જાહેરાત કરી છે કે તેઓ તેમની સંપૂર્ણ એશિયા કપ મેચ ફી દાન કરશે.

# નેપાળના પૂર્વ પીએમ ઓલીનો પાસપોર્ટ રદ, દેશ છોડવા પર રોક

## પાર્ટીના છાત્ર સંગઠનના કાર્યક્રમમાં હાજર રહેલા ઓલીએ વર્તમાન સરકારને ગેરબંધારણીય ગણાવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

નેપાળના જેન-ઝી આંદોલન દરમ્યાન યુવા પ્રદર્શનકારીઓ પર થયેલી ગોળીબારના સંદર્ભમાં ગઠિત ન્યાયિક આયોગે પૂર્વ પ્રધાનમંત્રી કેપી શર્મા ઓલી સહિત પાંચ પ્રમુખ વ્યક્તિઓને અનુમતિ વિના કાઠમંડૂ છોડવાની મનાઈ કરી છે. સુપ્રીમ કોર્ટની નિવૃત્ત ન્યાયાધીશ ગૌરી બહાદુર કાર્કીની અધ્યક્ષતા હેઠળ ગઠિત આ આયોગના નિર્દેશ અનુસાર કેપી ઓલી સહિત અનેક નેતાઓના પાસપોર્ટ રદ કરવામાં આવ્યા છે. દરમ્યાન ૮ સપ્ટેમ્બરે ભડકેલા આંદોલન પછી કેપી શર્મા ઓલીએ પ્રથમવાર જાહેર મંચ પર વાપસી કરી છે. ઓલીએ યુવા સંગઠનના કાર્યક્રમમાં હાજરી આપી જેને તેમની પાર્ટીમાં ફરી યુવાઓ સાથે જોડાણ સાધવાના પ્રયાસ તરીકે જોવામાં આવે છે.ન્યાયિક આયોગે ઓલી અને પૂર્વ ગૃહમંત્રી રમેશ લેખક, ભૂતપૂર્વ વડા પ્રધાન શેરબહાદુર દેઉવા તેમજ પૂર્વ વિદેશ મંત્રી આરજૂ દેઉવાના પાસપોર્ટ રદ કરવાનો આદેશ આપ્યો છે. આયોગે સ્પષ્ટતા કરી છે કે તપાસ પૂરી થાય ત્યાં સુધી આ પ્રતિબંધ જારી રહેશે. ઉલ્લેખનીય છે કે નેપાળમાં જેન-ઝી આંદોલન દરમ્યાન થયેલી હિંસામાં વીસથી વધુ યુવા પ્રદર્શનકારીઓના મોત થયા હતા તેમજ અનેક ઘાયલ થયા હતા. આ ઘટનાએ દેશમાં રાજનીતિક તેમજ સામાજિક સ્તર પર ભારે ઉથલપાથલ સર્જી હતી. દરમ્યાન ઓલીએ રાજીનામુ આપ્યા પછી પ્રથમવાર જાહેર મંચ પર હાજરી આપી હતી. તેઓ શનિવારે પાર્ટીના છાત્ર સંગઠન રાષ્ટ્રીય યુવા સંઘના કાર્યક્રમમાં ભક્તપુર પહોંચ્યા હતા. હિંસક પ્રદર્શનો પછી ઓલીએ ૯ સપ્ટેમ્બરે પ્રધાનમંત્રી પદ છોડી દીધું હતું. ત્યાર પછી તેઓ જાહેરમાં નહોતા દેખાયા. ઓલીએ જણાવ્યું કે હાલની જેન-ઝી તરીકે ગણાતી સરકાર બંધારણીય નથી તેમજ જનતાના મતથી પણ નથી બની. તેને તોડફોડ અને હિંસાથી બનાવવામાં આવી છે. ઓલીએ દાવો કર્યો હતો કે તેમણે પોલીસને આંદોલનકારીઓ પર ગોળી ચલાવવાનો આદેશ નહોતો આપ્યો, છતાં જનતા તેમના પર ક્રોધે ભરાઈ હતી.

### ઉત્તર પ્રદેશમાં હિંસા મામલે ચોંકાવનારો ખુલાસો

# મૌલાના તૌકીર રજાના ઘરેથી પેટ્રોલ બૉંબ, હથિયારો જપ્ત

## પેટ્રોલ બૉંબ અને હથિયારોથી પોલીસ પર હુમલો કરાયો

। (એજન્સી) બરેલી, તા.૩૦ ।

ઉત્તર પ્રદેશના બરેલીમાં શુક્રવારે (૨૬ સપ્ટેમ્બર) હિંસા મામલે FIR નોંધાયા બાદ ચોંકાવનારો ખુલાસો થયો છે. એફઆઈઆરમાં હિંસા એક ષડયંત્ર હોવાનો અને તેમાં સ્ક્ર પ્રમુખ મૌલાના તૌકીર રજા ખાન આરોપી નંબર-૧ હોવાનો ઉલ્લેખ થયો છે. તેમણે દેખાકારોને નિર્દેશ આપ્યો હતો કે, ભલે પોલીસની હત્યા કરવી પડે, મુસ્લિમોની તાકાત બતાવવી પડે, આજે શહેરનો માહોલ બગાડવાનો છે. પોલીસે તૌકીર રજા સહિત આઠ લોકોની ધરપકડ કરી છે. આ ઉપરાંત કુલ ૨૦ એફઆઈઆર નોંધાઈ છે, જેમાં ૨૦૦૦થી વધુ લોકોના નામ સામેલ છે. હિંસામાં ૧૦ પોલીસ કર્મચારીઓ ઈજાગ્રસ્ત થયા છે અને ગેરકાયદે હથિયારો પણ મળી આવ્યા છે. હિંસાએ વધુ ઉગ્ર બન્યા બાદ ૪૮ કલાક સુધી ઈન્ટરનેટ બંધ કરી દેવાયું છે. શુક્રવારની નમાજ બાદ આલા હઝરત દરગાહ અને તૌકીર રઝાના નિવાસસ્થાન બહાર અનેક દેખાવકારો એકઠા થયા હતા. આ તમામ લોકો 'આઈ લવ મુહમ્મદ'ના પોસ્ટરો લઈને આવ્યા હતા અને રેલી યોજવાનો પ્રયાસ કરી રહ્યા હતા. જોકે તંત્રએ તેઓને રેલી કરવાની મંજૂરી આપી ન હતી. ભીડમાંથી કેટલાક દેખાવકારો 'ગુસ્તાખ-એ-નબી કી એક હી સજા, સર તન સે જુદા' જેવા ઉગ્ર સૂત્રોચ્ચાર કરતા મામલો તણાવપૂર્ણ બન્યો હતો. ભીડે તૌકીર રજાના કથિત નિવેદનનો ઉલ્લેખ કરીને સૂત્રોચ્ચાર શરૂ કર્યા હતા. 'મૌલાના તૌકીર રજાએ કહ્યું હતું કે, આજે શહેરનો માહોલ બગાડવાનો છે, ભલે પોલીસવાળાઓની હત્યા કરવી પડે અને મુસ્લિમોએ તાકાત દેખાડવી પડે.' ત્યારબાદ ભીડે સરકાર વિરોધી નારા શરૂ કરતા મામલો વધુ બગડ્યો હતો. જેના કારણે કોતવાલી, અલમગીરપુર, સિવિલ લાઈન્સ, બડા બજાર અને બનસમંડી વિસ્તારોમાં દુકાનો બંધ થઈ ગઈ હતી તેમજ વાહનો પર પથ્થરમારો થયો હતો.


## તંત્રી લેખ...

# થાણે અને પાલઘરને વરસાદે ઘમરોળી નાખ્યું : એકનું મોત

મુંબઈને અડીને આવેલા થાણે અને પાલઘર જિલ્લામાં રવિવારે થયેલા મુશળધાર વરસાદને પગલે ઠેકઠેકાણે પાણી ભરાઈ જવાની સાથે જ ઝાડ અને દીવાલ તૂટી પડવાના બનાવ નોંધાયા હતા. ભારે વરસાદને પગલે જિલ્લામાં બંધ પણ છલકાઈ ગયા હોવાનું સરકારી સૂત્રોએ જણાવ્યું હતું. તો પાલઘર જિલ્લામાં વીજળી પડવાથી છ લોકો જખમી થયા હતા.હવામાન વિભાગે થાણે અને પાલઘર જિલ્લા માટે રવિવારના રેડ એલર્ટની ચેતવણી આપી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી હતી. તે મુજબ આખો દિવસ વીજળીના ગડગડાટ સાથે ભારે વરસાદ પડ્યો હતો. હવામાન વિભાગે સોમવારે માટે ઓરેન્જ અલર્ટ આપીને ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે.થાણે જિલ્લાના ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ થાણે જિલ્લાના બદલાપુરમાં આવેલી ઉલ્હાસ નદીમાં તરવા માટે બે યુવકો ગયા હતા, જેમાંથી એક ભારે વરસાદને પગલે નદીમાં તણાઈ ગયો હતો. ફાયરબ્રિગેડને આ બનાવની લગભગ છ કલાક બાદ જાણ થઈ હતી. આ દરમ્યાન ડૂબી ગયેલો યુવક પાણીમાં દૂર સુધી તણાઈ ગયો હતો. છતાં તેને શોધવાની જહેમત ચાલુ રાખવામાં આવી હતી.આ દરમ્યાન થાણેમાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ૧૦૦ મિલીમીટર કરતા પણ વધુ વરસાદ નોંધાયો હતો. રેડ અલર્ટની ચેતવણી હોવાથી થાણે સહિત પાલઘર જિલ્લામાં પ્રશાસન સતર્ક રહ્યું હતું. તેમ જ નાગરિકોને આવશ્યકતા ન હોય તો ઘરમાં જ રહેવાની અપીલ પણ કરવામાં આવી હતી.થાણે પાલિકાના ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારી યાસીન તડવીએ જણાવ્યું હતું કે શનિવારથી ચાલુ થયેલા વરસાદને કારણે શહેરના અનેક વિસ્તારમાં પૂરજનક પરિસ્થિતિ નિર્માણ થઈ હતી. નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયાં હતાં. ભારે પવન ફૂંકાવાને કારણે અનેક જગ્યાએ ઝાડ તૂટી પડવાના બનાવ નોંધાયા હતા. રવિવાર સવારના ૮.૩૦ વાગ્યા સુધીમાં થાણે શહેરમાં ૧૧૫.૭૯ મિ.મી. વરસાદ નોંધાયો હતો.પાલઘર જિલ્લાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ચીફ વિવેકાનંદ કદમે જણાવ્યું હતું કે ૨૭ સપ્ટેમ્બરના રાતથી જિલ્લામાં ભારે પવન ફૂંકાવાની સાથે જ જોશભેર વરસાદ પડી રહ્યો છે. જિલ્લામાં આવેલો મહત્ત્વનો મોડક સાગર બંધ છલકાઈ ગયો છે અને તેમાંથી ૬૨,૨૬૭ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું.

## અમદાવાદ મંડળમાં રાજભાષા અમલીકરણ સમિતિની બેઠકનું આયોજન





। (રેલ્વે) અમદાવાદ, તા.૩૦ ।

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ મંડળ ખાતે ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશની અધ્યક્ષતામાં મંડળ રાજભાષા અમલીકરણ સમિતિની બેઠક યોજાઈ. આ અવસરે અધ્યક્ષ શ્રીએ અમદાવાદ મંડળની રાજભાષા ઈ-પત્રિકા 'આશ્રમ સૌરભ' ના ૫૨મા અંકનું વિમોચન કર્યું. બેઠક પૂર્વે હિન્દી સાહિત્યના જનક શ્રી ભારતેંદુ હરિશ્ચંદ્રજીની જયંતી મનાવવામાં આવી. આ અવસરે રાજભાષા વિભાગ દ્વારા ભારતેંદુજીના જીવનવૃત્ત પર પ્રેઝન્ટેશન મારફતે રસપ્રદ રજૂઆત કરવામાં આવી. ત્યારબાદ હિન્દી પ્રશ્ન-મંચનું આયોજન કરવામાં આવ્યું, જેમાં સાચા જવાબ આપનાર વિજેતાઓને મંડળ રેલ પ્રબંધક શ્રી દ્વારા પુરસ્કાર આપવામાં આવ્યા. સરકારી કાર્યોમાં રાજભાષાનો ઉત્તમ ઉપયોગ પ્રોત્સાહિત કરવા માટે મંડળના ૦૮ અધિકારીઓ અને કર્મચારીઓને 'રાજભાષા રત્ન' પ્રોત્સાહન યોજના હેઠળ રોકડ પુરસ્કાર તથા પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા. આ અવસરે સહાયક વાણિજ્ય પ્રબંધક અને રાજભાષા અધિકારી શ્રી હાફિઝ અલી ખાને અધ્યક્ષ શ્રી વેદ પ્રકાશ તથા ઉપ મુખ્ય રાજભાષા અધિકારી અને ઉપ મંડળ રેલ પ્રબંધક શ્રીમતી મંજુ મીનાનું સ્વાગત કર્યું. અધ્યક્ષશ્રીએ પોતાના સંબોધનમાં સરકારી કામકાજમાં સરળ બોલચાલની હિન્દી ભાષાના ઉપયોગ પર વિશેષ ભાર મૂક્યો તથા તમામને રાજભાષાનો ઉપયોગ દૈનિક કાર્યોમાં અપનાવવા માટે પ્રેરણા આપી. ત્યારબાદ હિન્દી પ્રશ્ન-મંચનું આયોજન કરવામાં આવ્યું, જેમાં સાચા જવાબ આપનાર વિજેતાઓને મંડળ રેલ પ્રબંધક શ્રી દ્વારા પુરસ્કાર આપવામાં આવ્યા. સરકારી કાર્યોમાં રાજભાષાનો ઉત્તમ ઉપયોગ પ્રોત્સાહિત કરવા માટે મંડળના ૦૮ અધિકારીઓ અને કર્મચારીઓને 'રાજભાષા રત્ન' પ્રોત્સાહન યોજના હેઠળ રોકડ પુરસ્કાર તથા પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા. આ અવસરે સહાયક વાણિજ્ય પ્રબંધક અને રાજભાષા અધિકારી શ્રી હાફિઝ અલી ખાને અધ્યક્ષ શ્રી વેદ પ્રકાશ તથા ઉપ મુખ્ય રાજભાષા અધિકારી અને ઉપ મંડળ રેલ પ્રબંધક શ્રીમતી મંજુ મીનાનું સ્વાગત કર્યું. અધ્યક્ષશ્રીએ પોતાના સંબોધનમાં સરકારી કામકાજમાં સરળ બોલચાલની હિન્દી ભાષાના ઉપયોગ પર વિશેષ ભાર મૂક્યો તથા તમામને રાજભાષાનો ઉપયોગ દૈનિક કાર્યોમાં અપનાવવા માટે પ્રેરણા આપી.

### આ ઉપરાંત આજે માતાજી ને નોમના નૈવેદ ધરાવવામાં આવશે

# આ નોમના નૈવેદમાં મા આદ્યશક્તિને ચરણે ભોગ પ્રેરિત ભાગ્યને રમતું મુકી જોઈએ



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**માતા સિદ્ધિદાત્રી ભક્તોને દરેક પ્રકારની સિદ્ધિ પ્રદાન કરે છે. દેવીપુરાણ પ્રમાણે ભગવાન શિવે તેમની કૃપાથી જ આ સિદ્ધિઓને પ્રાપ્ત કરી હતી. તેમની અનુકંપ ાથી જ ભગવાન શિવનું અડધું શરીર દેવીનું થયું હતું. આ કારણે તેઓ અર્ધનારેશ્વર નામથી પ્રસિદ્ધ થયાં. આપ ણે તો આ કળિયુગમાં આપણી સંવેદના બચાવી શકીએ, તો એનાથી મોટી કોઈ સિદ્ધી નથી, એટલે એની માટે પ્રાર્થના કરવી.**

અભય પદ દાયની રે! શ્યામા સાંભળજો સાદ ભીડભંજની. છેટા રહોને સૌ છેટા રહો!; વંદન દેવી અંબા ભવાની, દર્શન ક્યારે દેશો દયાળી મા, આમ નિતનવા જેટલા ભાવ રાખવાં હોય એટલાં રાખી લઈએ! આજે મા નૈવેદ જમીને વિદાય લેશે! વળી આપણું જીવન ન જવાની દિશામાં જશે અને વળી.. જોકે આમ પણ આપણું જીવન રુપી વ્હાણ મધદરિયે તોફાનમાં ઘેરાય ગયું છે! એક બાજુથી આધુનિકતાની આંધી પ્રવર્તી રહી છે, જે પોતાની ચકાચૌંધ રોશનીથી સૌને આકર્ષી રહી છે, તો બીજી બાજુથી સંસ્કૃતિ એ તરફ ન જા, એમાં તારું પતન થશે! એમ વિનંતી કરી રહી છે. આ સંજોગોમાં હે મા જગતજનની અમે કઈ દિશામાં જઈએ? એનું માર્ગદર્શન અમને તું જ પૂરું પાડી શકે તેમ છે!: જોકે આધુનિકતા એટલે માત્ર પહેરવેશ કે ખાનપાન નથી! પણ એની માટેની વધતી જતી લાલાયિતા આપણે સ્વાર્થી બનાવી રહી છે, અને એને કારણે માનવી સંવેદનહીન થતો જાય છે! માનવતા મરતી જાય છે! અને પાછા વિચારો મોર્ડન નથી થતાં પરંપરા ને નામે અંધશ્રદ્ધા હજી જોવા મળે છે! માતાને પ્રસન્ન કરવાને નામે કહેવાતા એજ્યુકેટેડ લોકોમાં પણ બલિ પ્રથા હજી બંધ નથી થઈ! એ બધું ચિંતાજનક છે. માતા દુર્ગાની નવમી શક્તિનું નામ સિદ્ધિદાત્રી છે. માતા સિદ્ધિદાત્રી ચાર ભુજાઓ વાળી છે. તેમનું વાહન સિંહ છે. તે કમળ ફૂલ ઉપર બિરાજમાન છે. તેમના જમણી બાજુના ઉપરના હાથમાં ગદા, અને નીચેના હાથમાં ચક્ર છે. ડાબી બાજુ ઉપરના હાથમાં કમળનું ફૂલ અને નીચેના હાથમાં શંખ છે. સાધકે સિદ્ધિદાત્રીના ધ્યાન વખતે નિર્વાણ ચક્ર જે આપણાં કપાળની વચ્ચે આજ્ઞા ચક્રથી સહેજ ઉપર સ્થિત હોય છે, ત્યાં લગાવવું જોઈએ. આવું કરવાથી દેવીની કૃપાથી આ ચક્ર સાથે સંબંધિત શક્તિઓ એટલે કે જીવન મોક્ષ પ્રાપ્ત થાય છે, જીવ જીવતા જ નિર્વાણ નો અનુભવ કરે છે. માતા સિદ્ધિદાત્રી ભક્તોને દરેક પ્રકારની સિદ્ધિ પ્રદાન કરે છે. દેવીપુરાણ પ્રમાણે ભગવાન શિવે તેમની કૃપાથી જ આ સિદ્ધિઓને પ્રાપ્ત કરી હતી. તેમની અનુકંપાથી જ ભગવાન શિવનું અડધું શરીર દેવીનું થયું હતું. આ કારણે તેઓ અર્ધનારેશ્વર નામથી પ્રસિદ્ધ થયાં. આપણે તો આ કળિયુગમાં આપણી સંવેદના બચાવી શકીએ, તો એનાથી મોટી કોઈ સિદ્ધી નથી, એટલે એની માટે પ્રાર્થના કરવી. આ ઉપરાંત આજે માતાજી ને નોમના નૈવેદ ધરાવવામાં આવશે. આપણે સ્થૂળ રુપે તો ખીર લાડુ લાપસી કે અન્ય મિષ્ટાન ધરાવીશું પણ મા સિદ્ધિદાત્રી સુધી પહોંચવું હોય તો શ્રીફળની બદલે ભોગ પ્રેરિત ભાગ્યને એનાં ચરણે રમતું મુકવું પડશે! નોમના નૈવેદમાં, શક્તિ, બુદ્ધિ, વિદ્યા, ક્ષમા, મૈત્રી, પ્રિતી, ભક્તિ, કરુણા, અને શાંતિ એમ સૂક્ષ્મ શરીરમાં વસતી નવ કુમારિકા ના પોષણની જવાબદારી સ્વીકારવી પડશે ટૂંકમાં નવ શક્તિ અને નવ ભક્તિ ને પોષણ આપી જગદંબા સુધી આસાનીથી પહોંચી શકાય એમ છે! આજે સ્તુતિના અંતિમ શ્લોકો જોઈએ.

★શક્રાદય★

ઋષિરુવાચ ૩૮

ઈતિ પ્રસાદિતા દેવૈર્જગતોડર્થેતથાડત્મનઃ

તથેત્યુક્ત્વા ભદ્રકાલી બભૂવાન્તર્હિતા નૃપ ૩૯

ઋષિ કહે છે, (૩૮)

હે રાજન્! દેવતાઓએ પોતાના તથા જગતના કલ્યાણને માટે ત્યારે દેવી ભદ્રકાળી ને આ પ્રમાણે પ્રસન્ન કર્યા ત્યારે તેઓ ‘‘તથાસ્તુ'' કહીને ત્યાં જ અંતર્ધ્યાન થઈ ગયા. (૩૯)

ઈત્યેતત્કથિતં ભૂપ સમ્ભૂતા સા યથા પુરા

દ ે વ ી

દેવશરીરેભ્યોજગત્ત્રયહિતૈષિણી ૪૦

હે ભૂપાલ! આ પ્રમાણે અગાઉના સમયમાં ત્રણેય લોકનું કલ્યાણ ઈચ્છનાર દેવી જે રીતે દેવતાઓના શરીરમાંથી પ્રગટ થયાં હતાં. તે બધી કથા મેં તમને કહી સંભળાવી. (૪૦)

પુનશ્ચ ગૌરીદેહાત્સા સમુદ્ભૂતા યથાભવત્

વધાય દુષ્ટદૈત્યાનાં તથા શુમ્ભનિશુમ્ભયોઃ ૪૧

રક્ષણાય ચ લોકાનાં દેવાનામુપકારિણી

તચ્છૃણુષ્વ મયાડડખ્યાતં યથાવત્કથયામિ તે ૪૨

હવે દેવતાઓનો ઉપકાર કરનારા તે દેવી ફરી વાર દુષ્ટ દૈત્યો તથા શુંભ અને નિશુંભનો વધ કરવા માટે અને બધા લોકોનું રક્ષણ કરવા માટે જે રીતે ગૌરી દેવીના શરીરમાંથી પ્રગટ થયાં હતાં તે બધો વૃત્તાંત તમે મારા મુખેથી સાંભળો. હું તેનું યથાવત વર્ણન કરી તમને તે કહી સંભળાવું છું. (૪૧-૪૨)

ઈતિ શ્રી માર્કણ્ડેયપુરાણેસાવર્ણિકેમન્વન્તરે,

દેવીમાહાત્મ્યે શક્રાદિસ્તુતિર્નામ ચતુર્થોડધ્યાયઃ ૪

શ્રી માર્કણ્ડેય પુરાણમાં સાવર્ણિક મન્વન્તરમાં દેવી માહાત્મ્યમાં શક્રાદિ સ્તુતિ નામનો ચોથો અધ્યાય સમાપ્ત.

તો આમ સુમેધા ઋષિ કે જે આ શક્રાદય સ્તુતિ ના વક્તા છે, એમણે સ્તુતિની સમાપ્તિ કરી, અને કંઈ રીતે ઈન્દ્ર આદિ દેવતાઓ એ મા જગદંબાની સ્તુતિ કરી હતી એ વાત તેઓ સુરથ રાજા તથા સમાધિવૈષ્યને સંભળાવે છે, એટલે કે એ બે પ્રધાન શ્રોતા છે. અહીં શક્રાદય સમાપ્ત થાય છે, પણ ચંડીપાઠ હજી પુરા થતા નથી, અને હજી પણ દેવી ચંડમૂંડ જેવા કેટલાય અસૂરોનો સંહાર કરે છે, એ વાત આગળના અધ્યાયમાં આવે છે. ચંડીપાઠને સપ્તસતિ પણ કહેવામાં આવે છે કારણ કે તેના ૭૦૦ શ્લોક છે. પરંતુ આપણી જેવા સંસારી માટે આ બધું બહુ અઘરું પડે તેમ છે, અને એમાં પણ આ તો સંસ્કૃત! આપણે તો આપણી ભાષા પણ ત્રુટી વગર બોલી શકતા નથી, એટલે એ દોષ પણ લાગવાની શક્યતા રહે. આપણી માટે તો કલ્યાણરૂપી શંકર સાથેનો હસ્ત મેળાપ જ આપણી બુદ્ધિને તીવ્ર માંથી તેજોમય બનાવી શકે તેમ છે, અને એકમાત્ર વિકલ્પની તક જવાબ દેવી એ મૂર્ખામી છે. તીવ્ર બુદ્ધિ ને કારણે વિચારમાં વિકાર પ્રવેશવાની પૂરેપૂરી સંભાવના છે, જ્યારે બુદ્ધિનું શ્રદ્ધા સ્વરૂપ વિચારમાં વિલાસિતા કે વિકારિતા પ્રવેશવા દેતી નથી. વિકાર અને વિચાર બંને શબ્દમાં મધ્યમાં રહેલા વર્ણાક્ષરનો જ તફાવત છે. એકવાર વિકારના વિનાશનો વિચાર આવે તો એને તરત પકડી લેવો, અને વિવેક રુપી કોઈ ગુરુના વચનોને યાદ કરી એને અનુસરવું. માત્ર ચિત્ર નહીં પણ ચરિત્રના મુખ્ય ગુણધર્મને જીવનમાં ઉતારી જીવવું, જેથી ધીરેધીરે સરળતા, સહજતા, સાત્વિકતા, તરફ પદાર્પણ થશે. વિચારોની સાત્વિકતા જ આમ પણ વિકારોને મીટાવી શકે છે, અને એ રીતે બુદ્ધિની તીવ્રતા ઓછી થશે, અને ખુદનાં સ્વરૂપનો બોધ થતાં દિવ્યતા પ્રાપ્ત થશે,

જે ખુદનું તેજ નિર્માણ કરશે. ઉપરાંત અસ્તિત્વની કૃપાનું તેજ પણ તેમાં ભળશે, અને એ રીતે આત્મદીપ પૂર્ણ તેજોમય પ્રકાશથી ઝળહળી ઉઠશે. અહીં થોડો પણ પ્રયત્ન કરવામાં આવે તો મા જગદંબાની અનન્ય કૃપાના પ્રસાદ રૂપે પ્રતાપી પણું પ્રાપ્ત થાય છે, અને સિદ્ધિ પ્રસિદ્ધિનાં ઢેર ખડા થાય છે, પણ સાધક ભક્તને એ સિદ્ધિ પ્રસિદ્ધીમાં રૂચિ નથી હોતી. એને તો કેવળ અને કેવળ અસ્તિત્વ રુપે પ્રગટ અપ્રગટ જગદંબાની દિવ્ય સ્મૃતિ રૂપે થતી સ્તુતિથી તેની સાથે જોડાયેલા રહેવામાં જ આનંદ આવે છે. શ્રદ્ધા તેજોમય બનશે ત્યારે જ એને આત્મા કોણ છે? અને પરમાત્મા કોણ છે? એવી જીજ્ઞાસા થશે, અને તો જ જીવન યજ્ઞમાં શક્રાદય સ્તુતિ પછી બીજું હોમાયા જેવી અનૂભૂતિ થશે, અને ભક્તિની શક્તિ રુપે કંઈક નક્કર પરિણામ મળશે. જય અંબે.

### નવલાં નોરતાંની રમઝટ - ૧૦

# યા દેવી સર્વભૂતેષુ સિદ્ધિદાત્રી રૂપેણ સંસ્થિતા! નમસ્તસ્યે નમસ્તસ્યેનમસ્તસ્યે નમો નમઃ!!



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**માતાના આ નવમા સ્વરૂપની ઉપાસના કરવાથી વ્યક્તિને યશ, ધન, મોક્ષ અને તમામ પ્રકારની સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે. એટલું જ નહીં તમામ દેવી દેવતા ઓને પણ માતા સિદ્ધિદાત્રીએ જ સિદ્ધિ આપી છે માર્કન્ડેય પુરાણ મુજબ કુલ આઠ પ્રાકારની સિધ્ધિઓ હોય છે. જેના નામ આ મુજબ છે, અણિમા મહિમા,ગરિમા, લધિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય,ઈશિત્વ અને વશિત્વ.મા સિદ્ધિદાત્રી પોતાના સાધકોને આ તમામ સિધ્ધિઓ આપે છે.**



નવલાં નોરતાંની રમઝટ આજે રાત્રે સંપન્ન થશે.આ વર્ષે દશ નોરતાં થયાં એટલે શ્રાધ્ધ એક ઘટયું અને નોરતું વધ્યું મેઘરાજા એ ક્યાંક મજા બગાડી છતાં એકંદરે નોરતાં શાંતિ શ્રદ્ધા આસ્થા ભક્તિભાવ પૂર્વક થયાં.

આજે માતાજીનું દશમું આસો સુદ નોમનું નોરતું, આપણે મા સિદ્ધિદાત્રીની પૂજા વિધિ અને મુહૂર્ત વિશે આ વર્ષે બે ત્રીજ હોવાથી દશ નોરતાં થયાં તેથી આજે નવરાત્રી નવમી તિથિ સાથે સમાપ્ત થાય છે.આજે એટલે કે, શારદીય નવરાત્રિની નવમી તા. પહેલી ઓક્ટોબર,બુધવારના રોજ નવમી તિથિ છે.નવરાત્રિના દશમા દિવસે મા દુર્ગાના નવમા રૂપ માં મા સિદ્ધિદાત્રીની પૂજા કરવામાં આવે છે.એવું માનવામાં આવે છેકે,મા સિદ્ધિદાત્રીભક્તોની મનોકામના પૂર્ણ કરે છે અને તેમને ખ્યાતિ,શક્તિ અને સંપત્તિ પણ આપે છે.

આજે માતાજીનું છેલ્લું દશમું નુમનું નોરતું,જાણો મા સિદ્ધિ દાત્રીની પૂજા વિધિ અને મુહૂર્ત વિશે શાસ્ત્રોમાં મા સિદ્ધિદાત્રીને સિદ્ધિ અને મોક્ષની દેવી માનવા માં આવે છે.મા સિદ્ધિદાત્રી મહા લક્ષ્મી જેવા કમળ પર બિરાજ માન છે. માતાને ચાર હાથ છે. માતાના હાથમાં શંખગદા, કમળનું ફૂલ અને એક ચક્ર છે મા સિદ્ધિ દાત્રીને દેવી સરસ્વતીનું સ્વરૂપ પણ માનવામાં આવે છે.નવમી તિથિ પર કન્યા પૂજા પણ કરવામાં આવે છે.

નવરાત્રિના નવમા દિવસે સ્નાનાદિ કર્મ પતાવીને સ્વચ્છ વસ્ત્રો ધારણ કરવા. કળશ સ્થાપના સ્થળે માઁ સિદ્ધિદાત્રીની મૂર્તિ સ્થાપિત કરો, માતા સમક્ષ દીવો પ્રગટાવીને કમળના નવ ફૂલ અર્પણ કરવા. ત્યાર બાદ માતાને નવ પ્રકારના ભોજન, નવ પ્રકારના ફળો અને ફૂલો વગેરે અર્પણ કરવા. મા સિદ્ધિદાત્રીને તલ અર્પણ કરવાથી વિશેષ ફળ મેળવી શકાય છે. માતાના બીજ મંત્રોનો જાપ કરવો.

નવરાત્રિના અંતિમ દિવસે હવન પણ કરવામાં આવે છે. હવન કરવા માટે હવનકુંડમાં અગ્નિ પ્રજ્વલિત કરવા માટે કેરી, લીમડો, પલાશ અને ચંદનના લાકડાનો ઉપયોગ થાય છે. એ સિવાય છાણાને પણ ઘીમાં બોળીને વાપરી શકાય છે. માતા સિદ્ધીદાત્રીનું પૂજન થઈ ગયા બાદ જ નવરાત્રી પૂજાનું સમાપન થાય છે.

નવરાત્રિના નવમા દિવસે સ્નાનાદિ કર્મ પતાવીને સ્વચ્છ વસ્ત્રોધારણ કરવા. કળશ સ્થાપના સ્થળે માઁ સિદ્ધિદાત્રીની મૂર્તિ સ્થાપિત કરો, માતા સમક્ષ દીવો પ્રગટાવીને કમળના નવ ફૂલ અર્પણ કરવા. ત્યાર બાદ માતાને નવ પ્રકારના ભોજન, નવ પ્રકારના ફળો અને ફૂલોવગેરે અર્પણ કરવા.મા સિદ્ધિ દાત્રીને તલ અર્પણ કરવાથી વિશેષ ફળ મેળવી શકાય છે. માતાના બીજ મંત્રોનો જાપ કરવો.

નવરાત્રિના અંતિમ દિવસે હવન પણ કરવામાં આવે છે. હવન કરવા માટે હવનકુંડમાં અગ્નિ પ્રજ્વલિત કરવા માટે કેરી, લીમડો,પલાશ અને ચંદનના લાકડાનો ઉપયોગ થાય છે. એ સિવાય છાણાને પણ ઘીમાં બોળીને વાપરી શકાય છે. માતા સિદ્ધીદાત્રીનું પૂજન થઈ ગયા બાદ જ નવરાત્રી પૂજાનું સમાપન થાય છે.

માતાના આ નવમા સ્વરૂપની ઉપાસના કરવાથી વ્યક્તિને યશ, ધન, મોક્ષ અને તમામ પ્રકારની સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે. એટલું જ નહીં તમામ દેવી દેવતા ઓને પણ માતા સિદ્ધિદાત્રીએ જ સિદ્ધિ આપી છે માર્કન્ડેય પુરાણ મુજબ કુલ આઠ પ્રાકારની સિધ્ધિઓ હોય છે. જેના નામ આ મુજબ છે, અણિમા મહિમા,ગરિમા, લધિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય,ઈશિત્વ અને વશિત્વ.મા સિદ્ધિદાત્રી પોતાના સાધકોને આ તમામ સિધ્ધિઓ આપે છે.

જો તમે પણ નવમી પર કન્યાની પૂજા કરવા જઈ રહ્યા છો,તો જાણો શુભ સમય અને તેની અન્ય વાતો સિદ્ધિદાત્રી કોને કહે છે:નવદુર્ગાના સિદ્ધિ અને મોક્ષ આપનારા સ્વરૂપને સિદ્ધિ દાત્રી કહે છે.સિદ્ધિદાત્રીની પૂજા નવરાત્રના નવમા દિવસે કરવામાં આવે છે દેવ,યક્ષ,કિન્નર,દાનવ, ઋષિ-મુનિ,સાધક અને ગૃહસ્થ આશ્રમમાં જીવનયાપન કરનારા ભક્ત સિદ્ધિદાત્રીની પૂજા કરે છે. તેનાથી તેમને યશ,બળ અને ધન ની પ્રાપ્તિ થાય છે.સિદ્ધિદાત્રીદેવી એ તમામ ભક્તોને મહાવિદ્યાઓ ની અષ્ટ સિદ્ધિઓ પ્રદાન કરે છે, જે શુદ્ધ અને સાચા મનથી તેમની આરાધના કરે છે.એવી માન્યતા કરે છે કે,તમામ દેવી-દેવતાઓને પણ મા સિદ્ધિદાત્રીથી જ સિદ્ધિ ઓની પ્રાપ્તિ થાય છે.બધા પ્રકાર ની સિદ્ધિઓ આપનારી માદુર્ગાના નવમા રુપનું નામ સિદ્ધિદાત્રી છે. તે બધા પ્રકારની સિદ્ધિઓ આપનારી છે. નવરાત્રિ પૂજનના નવમાં દિવસે તેમની ઉપાસના કરવામાં આવે છે.તેમને ચાર ભુજાઓ છે. તેમનું આસન કમળ અને વાહન સિંહ છે.ડાબા અને જમણા હાથ માં એક ચક્ર, ઉપર વાળા હાથમાં ગદા,જમણીબાજુ નીચેનાહાથમાં શંખ અને ઉપર વાળા હાથમાં કમળ પુષ્પ છે ભગવતીના આ સ્વરૂપની જ આપણે નવરાત્રિના અંતિમ દિવસે આરાધના કરીએ છીએ.મા દુર્ગાના આ રૂપને શતા વરી અને નારાયણી પણ કહેવા માં આવે છે

નવરાત્રીના નવમા દિવસનો શુભ રંગ નવરાત્રીની મહાનવમી પર માતા સિદ્ધિદાત્રીની પૂજામાં ગુલાબી રંગ ખૂબ જ શુભ માનવા માં આવે છે. ગુલાબી રંગ પ્રેમ અને સ્ત્રીત્વનું પ્રતીક છે.

મા સિદ્ધિદાત્રીની પૂજા વિધિઃમા સિદ્ધિદાત્રીને આઠ સિદ્ધિઓ (અનિમા,હિમા,ગરિમા,લઘિમા, પ્રાપ્તિ,પ્રાકામ્ય,ઈશિત્વ અને વશિત્વ)આપનારી દેવી માનવામાં આવે છે.નવરાત્રીની નવમીની પૂજામાં દેવી સિદ્ધિદાત્રીને નવ કમળનાં ફૂલ અથવા માત્ર ચંપાનાં ફૂલ અર્પણ કરી શકાય છે. કન્યા ભોજનમાં બનાવેલ પ્રસાદચઢાવો ચારમુખી દીવો કરીને દેવીના મંત્રો નો જાપ કરો અને આરતી કરીને ૯ નવ કન્યાઓની વિધિવત પૂજા કરો.આ પછી,શુભ મુહૂર્તમાંહવન કરો અને પછી નવમીતિથિનાઅંતે ઉપવાસ તોડો. મા સિદ્ધિદાત્રીને પ્રસાદમાં ચણા,પુરી,હલવો ખૂબ પ્રિય છે.નવમીના દિવસે આ જ ભોજન કન્યાઓને ખવડાવવામાં આવે છે.દેવીને ચંપા,કમળ અથવા હિબિસ્કસના ફૂલ ચઢાવો, તેનાથી પરિવારમાં ખુશીઓ આવશે.

# હું માસ્ક પહેરીને જીવતી હતી : સામંથા રૂથ પ્રભુ



જાણીતી અભિનેત્રી સામંથા રૂથ પ્રભુએ વીતેલા દિવસોને યાદ કર્યા હતા.દક્ષિણ ભારતીય ઉદ્યોગમાં પોતાના કામથી ઓળખ મેળવનારી અભિનેત્રી સમન્થા રૂથ પ્રભુએ પણ ડિજિટલ ડેબ્યૂ કર્યુ છે. તે 'ફેમિલી મેન ૨' અને 'સિટાડેલઃ હની બની'માં જોવા મળી હતી. ફિલ્મો ઉપ રાંત, અભિનેત્રી તેની સોશિયલ મીડિયા પોસ્ટ્સ માટે પણ જાણીતી છે. હવે, તેની તાજેતરની પોસ્ટે બધાને આશ્ચર્યચકિત કર્યા છે કારણ કે તેણીએ તેના ૨૦ અને ૩૦ ના દાયકાના અનુભવો શેર કર્યા છે. અભિનેત્રીએ તેના વીસી અને ત્રીસના દાયકામાં અનુભવેલા માનસિક અને ભાવનાત્મક ફેરફારો વિશે સ્પષ્ટપણે વાત કરી.અભિન્તેરીએ કહ્યું કે કોઈએ મને કહ્યું નહી કે હું સંપૂર્ણ છુ. અને હું સતત એ પકડવા દોડતી રહી. અભિનેત્રીએ સમજાવ્યું કે વીસીના દાયકામાં, તે સતત દોડાદોડ કરવામાં અને દુનિયા સમક્ષ પોતાને સાબિત કરવાનો પ્રયાસ કરવામાં વ્યસ્ત રહેતી હતી. તેણીએ સ્વીકાર્યુ કે તેણીએ માસ્ક પહેર્યો હતો. તે બહારથી જે દેખાતી હતી તે નહોતી. તેણીએ આ બેવડું જીવન જીવવાનું સ્વીકાર્યુ.પરંતુ જેમ જેમ તેણી ત્રીસીના દાયકામાં પહોંચી, તેણીએ ઊંડી શાંતિનો અનુભવ કર્યો. આ પરિવર્તનથી તેણી પોતાને અને તેણીની લાગણીઓને સમજવામાં સફળ રહી. તેણીએ ફક્ત પોતાના પર ધ્યાન કેન્દ્રિત કર્યુ, બીજાઓની પરવા કર્યા વિના, પોતાના માટે જીવન જીવ્યું.અભિનેત્રીએ તેના કેપ્શનની શરૂઆત લખીને કરી, ''દુનિયા કહે છે કે ૩૦ પછી, બધું નીચે જાય છે, ચહેરાનો તેજ અને સુંદરતા અદ્રશ્ય થઈ જાય છે...પરંતુ બધું પ્રાપ્ત કરવાની ઉતાવળમાં, સંપૂર્ણ સ્વાસ્થ્ય, એક સંપૂર્ણ શરીર અને સંપૂર્ણ સમય બધું ખોવાઈ ગયું.'' અભિનેત્રી આગળ લખે છે, ''મારા વીસીના દાયકા ઘોંઘાટ અને બેચેનીથી ભરેલા હતા, મેં તે દોડવામાં વિતાવ્યો. કોઈએ મને કહ્યું નહીં કે હું પહેલેથી જ સંપૂર્ણ છું, કોઈએ મને કહ્યું નહીં કે પ્રેમ.સાચો પ્રેમ.મને હું જે રીતે છું તે રીતે શોધી કાઢશે.

# અભિનેતા મહેશ માંજરેકરની પ્રથમ પત્ની દીપા મહેતાનું અવસાન

**ફિલ્મ નિર્માતા મહેશ માંજરેકરે ૧૯૮૭ માં દીપા મહેતા સાથે લગ્ન કર્યા. તેઓ કોલેજ સમયથી એકબીજાને ઓળખતા હતા**



અભિનેતા અને ફિલ્મ નિર્માતા મહેશ માંજરેકરની પહેલી પત્ની દીપા મહેતાનું અવસાન થયું છે. પુત્ર સત્યાએ સોશિયલ મીડિયા પર આ સમાચારની પુષ્ટિ કરી અને તેની માતા માટે ભાવનાત્મક નોંધ લખી છે. પીઢ અભિનેતા અને ફિલ્મ નિર્માતા મહેશ માંજરેકરની પહેલી પત્ની, કોસ્ચ્યુમ ડિઝાઈનર દીપા મહેતાનું અવસાન થયું છે. મૃત્યુનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. તેના પરિવાર કે પ્રિયજનો તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. સત્ય માંજરેકરે તેની માતાનો એક જૂનો ફોટો શેર કર્યો અને તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર લખ્યું, ''મમ્મી, હું તમને ખૂબ જ યાદ કરું છું.સત્યાએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પણ શેર કરી, જેમાં લખ્યું, ''આજે આપણે એક માર્ગદર્શક પ્રકાશ ગુમાવ્યો. તે માત્ર માતા જ નહોતી; તે એક પ્રેરણા હતી. સાડી વ્યવસાય બનાવવા માટે તેની શક્તિ, હિંમત અને જુસ્સાએ ઘણી છોકરીઓને મોટા સ્વપ્ન જોવાની શક્તિ આપી. ફિલ્મ નિર્માતા મહેશ માંજરેકરે ૧૯૮૭ માં દીપા મહેતા સાથે લગ્ન કર્યા. તેઓ કોલેજ સમયથી એકબીજાને ઓળખતા હતા. તેમને બે બાળકો હતાઃ પુત્રી અશ્વમી માંજરેકર અને પુત્ર સત્ય માંજરેકર. જોકે, તેમના લગ્ન ૧૯૯૫ માં સમાપ્ત થયા, ત્યારબાદ બાળકો મહેશ સાથે રહ્યા.દીપાથી અલગ થયા પછી, મહેશે અભિનેત્રી મેધા માંજરેકર સાથે લગ્ન કર્યા, જેમની પાસેથી તેમને એક પુત્રી, સાઈ માંજરેકર છે. સાઈએ સલમાન ખાન સાથે ફિલ્મ ''દબંગ ૩'' થી બોલિવૂડમાં અભિનયની શરૂઆત કરી. ત્યારબાદ તેણી ''મેજર'' અને ''કુછ ખટ્ટા હો જાયે'' જેવી ફિલ્મોમાં જોવા મળીમહેશ માંજરેકરથી અલગ થયા પછી, કોસ્ચ્યુમ ડિઝાઈનર દીપા મહેતાએ પોતાનો વ્યવસાય સ્થાપ્યો. તેણીની સાડી બ્રાન્ડ, ''દીપા ક્વીન ઓફ હાર્ટ્સ'', મરાઠી ફિલ્મ ઉદ્યોગમાં જાણીતી છે. તેણીએ પોતાની મહેનત અને ફેશન સેન્સ દ્વારા પોતાના માટે એક વિશિષ્ટ સ્થાન બનાવ્યું હતું.

### સ્ત્રી થ્રી માટે માહોલ જમાવવા તુક્કો

# શ્રદ્ધા કપૂરની સ્ત્રીનું એનિમેટેડ વર્ઝન છોટી સ્ત્રી તરીકે રજૂ કરાશે



શ્રદ્ધા કપૂરની 'સ્ત્રી થ્રી' ફિલ્મ બનવાની છે. પરંતુ, એ પહેલાં આ ફિલ્મ માટે માહોલ જમાવવાના એક તુક્કા તરીકે 'સ્ત્રી' ફિલ્મનું એક એનિમેટેડ વર્ઝન થિયેટર્સમાં રજૂ કરાશે. શ્રદ્ધા કપૂર તાજેતરમાં એક ઈવેન્ટમાં તેના 'સ્ત્રી'ના ગેટ અપમાં હાજર રહી હતી અને તેણે આ જાહેરાત કરી હતી. આ એનિમેટેડ વર્ઝનના છેલ્લા સીનમાં જ 'સ્ત્રી થ્રી'નો પહેલો સીન હશે. મતલબ કે એનિમેટેડ ફિલ્મને આ રીતે ફીચર ફિલ્મ સાથે સાંકળી લેવામાં આવશે. શ્રદ્ધાની 'સ્ત્રી' અને 'સ્ત્રી ટુ' બંને હિટ થઈ ચૂકી છે. આ ફિલ્મોથી શ્રદ્ધાની કેરિયર ઊંચકાઈ હતી. સાથે સાથે તેના દ્વારા બોલીવૂડમાં હોરર કોમેડી ફિલ્મોનો ટ્રેન્ડ શરુ થયો હતો. હાલ બોલીવૂડના મોટાભાગના પ્રોડયૂસર તથા કલાકારો હોરર કોમેડીની ફોર્મ્યૂલાને વટાવી લેવાની હોડમાં છે. શ્રદ્ધા કપૂર તાજેતરમાં એક ઈવેન્ટમાં તેના 'સ્ત્રી'ના ગેટ અપમાં હાજર રહી હતી અને તેણે આ જાહેરાત કરી હતી. આ એનિમેટેડ વર્ઝનના છેલ્લા સીનમાં જ 'સ્ત્રી થ્રી'નો પહેલો સીન હશે. મતલબ કે એનિમેટેડ ફિલ્મને આ રીતે ફીચર ફિલ્મ સાથે સાંકળી લેવામાં આવશે. શ્રદ્ધાની 'સ્ત્રી' અને 'સ્ત્રી ટુ' બંને હિટ થઈ ચૂકી છે. આ ફિલ્મોથી શ્રદ્ધાની કેરિયર ઊંચકાઈ હતી. સાથે સાથે તેના દ્વારા બોલીવૂડમાં હોરર કોમેડી ફિલ્મોનો ટ્રેન્ડ શરુ થયો હતો. હાલ બોલીવૂડના મોટાભાગના પ્રોડયૂસર તથા કલાકારો હોરર કોમેડીની ફોર્મ્યૂલાને વટાવી લેવાની હોડમાં છે. શ્રદ્ધા કપૂર તાજેતરમાં એક ઈવેન્ટમાં તેના 'સ્ત્રી'ના ગેટ અપમાં હાજર રહી હતી અને તેણે આ જાહેરાત કરી હતી. આ એનિમેટેડ વર્ઝનના છેલ્લા સીનમાં જ 'સ્ત્રી થ્રી'નો પહેલો સીન હશે. મતલબ કે એનિમેટેડ ફિલ્મને આ રીતે ફીચર ફિલ્મ સાથે સાંકળી લેવામાં આવશે. શ્રદ્ધાની 'સ્ત્રી' અને 'સ્ત્રી ટુ' બંને હિટ થઈ ચૂકી છે. આ ફિલ્મોથી શ્રદ્ધાની કેરિયર ઊંચકાઈ હતી. સાથે સાથે તેના દ્વારા બોલીવૂડમાં હોરર કોમેડી ફિલ્મોનો ટ્રેન્ડ શરુ થયો હતો. હાલ બોલીવૂડના મોટાભાગના પ્રોડયૂસર તથા કલાકારો હોરર કોમેડીની ફોર્મ્યૂલાને વટાવી લેવાની હોડમાં છે.

### બોક્સ ઓફિસ પર ખર્ચો માંડ કાઢ્યો હતો

# જાહ્નવી કપૂરની એવરેજ ફિલ્મ દેવરાની સીક્વલની જાહેરાત

**એક વર્ષ પહેલાં રજૂ થયેલી ફિલ્મને પાર્ટ વન તરીકે ઓળખાવાઈ હોવાથી સીક્વલ અપેક્ષિત હતી**



જાહ્નવી કપૂર અને જુનિયર એનટીઆરની એવરેજ ફિલ્મ 'દેવરા' નો બીજો ભાગ બનાવવાની સત્તાવાર જાહેરાત કરી દેવાઈ છે. આ ફિલ્મ એક વર્ષ પહેલાં રજૂ થઈ ત્યારે જ તેને 'દેવરા પાર્ટ વન' તરીકે ઓળખાવાઈ હતી. આથી તેના બીજા ભાગની જાહેરાતની રાહ જોવાતી જ હતી. ફિલ્મમાં જુનિયર એનટીઆર સાથે જાહ્નવી અને સૈફ અલી ખાન પણ રીપિટ થઈ શકે છે. બોલીવૂડમાં ટિકિટબારી પર સફળતાની ખાતરીની દ્રષ્ટિએ ખાસ કશું ઉકાળી નહીં શકેલી જાહ્નવીને આ ફિલ્મથી સાઉથમાં પોતે મોટાપાયે છવાઈ જશે તેવી આશા હતી. જોકે, આ ફિલ્મ સાઉથમાં તેનાં ૩૦૦ કરોડનાં બજેટની આસપાસ જ કમાણી કરી શકી હતી. હિંદીમાં તેની કમાણી આશરે ૬૦થી ૭૦ કરોડ રહી હતી. ફિલ્મની પ્રચાર ટીમે તે મોટાપાયે હિટ હોવાનું ગણાવ્યું હતું. જોકે, લોકોએ ફિલ્મમાં જાહ્નવીની એક્ટિંગ સાવ કંગાળ હોવાની ટીકાઓ પણ કરી હતી. બોલીવૂડમાં ટિકિટબારી પર સફળતાની ખાતરીની દ્રષ્ટિએ ખાસ કશું ઉકાળી નહીં શકેલી જાહ્નવીને આ ફિલ્મથી સાઉથમાં પોતે મોટાપાયે છવાઈ જશે તેવી આશા હતી. જોકે, આ ફિલ્મ સાઉથમાં તેનાં ૩૦૦ કરોડનાં બજેટની આસપાસ જ કમાણી કરી શકી હતી. હિંદીમાં તેની કમાણી આશરે ૬૦થી ૭૦ કરોડ રહી હતી. ફિલ્મની પ્રચાર ટીમે તે મોટાપાયે હિટ હોવાનું ગણાવ્યું હતું. જોકે, લોકોએ ફિલ્મમાં જાહ્નવીની એક્ટિંગ સાવ કંગાળ હોવાની ટીકાઓ પણ કરી હતી.

### મેકર્સ થયા માલામાલ

# 'કાંતારા ચેપ્ટર-૧'એ એડવાન્સ બુકિંગમાં જ કરોડો છાપી લીધા



**ઋષભ શેટ્ટીની ફિલ્મ કાંતારાનો પહેલો ભાગ ૨૦૨૨માં રિલીઝ થયો હતો. માત્ર ૧૪ કરોડમાં બનેલી ફિલ્મે ૪૦૦ કરોડથી વધુની કમાણી કરી હતી**

સાઉથની ફિલ્મો બોલિવુડ પર ભારે જ પડી છે, તેમાં પછી બાહુબલી હોય, સાલાર હોય, કેજીએફ હોય કે પછી કાંતારા હોય! આ ફિલ્મોએ બોલિવુડને પાણી ભરાવ્યું છે. તેનું એક કારણ પણ છે કે, બોલિવુડ એક જ થીમ પર અલગ અલગ ફિલ્મો બનાવે છે. કોઈ નવા પ્રોજેક્ટ પર બોલિવુડવાળા કામ કરતા જ નથી. એક વાત તો નક્કી જ છે કે, હવે લોકો માત્ર એક્ટરના ચહેરાને જોઈને ફિલ્મ જોવા નથી જતા હવે લોકોને કહાણી જોવી પસંદ છે, જો કહાણી સારી નહીં હોય તો ફિલ્મ માંડ બજેટ જેટલી જ કમાણી કરી શકશે. પરંતુ સાઉથની વાત અલગ છે. કારણે કે સાઉથની લો બજેટની ફિલ્મો પણ ધૂમ મચાવી જાય છે.કાંતારા બાદ હવે કાંતારા ચેપ્ટર ૧ હવે બોક્સ ઓફિસ પર રિલીઝ થવાની છે. રિપોર્ટ્સ પ્રમાણે સાઉથ સુપરસ્ટાર ઋષભ શેટ્ટીની 'કાંતારાઃ અ લેજન્ડ ચેપ્ટર-૧' અત્યારે ચર્ચામાં આવી છે. આ ફિલ્મે રિલીઝ થયા પહેલા જ મેકર્સને ધૂમ કમાણી કરી આપી છે. એડવાન્સ બુકિંગમાં 'કાંતારાઃ અ લેજન્ડ ચેપ્ટર-૧'એ કરોડો રૂપિયાની કમાણી કરી લીધી છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે 'કાંતારાઃ અ લેજન્ડ ચેપ્ટર-૧'ના ૫,૧૯૫ શો બુક થઈ ગયાં છે. એટલું જ નહીં પરંતુ ૧,૩૧,૫૨૭ ટિકિટો પણ વેચાઈ ગઈ છે. 'કાંતારાઃ અ લેજન્ડ ચેપ્ટર-૧'એ રિલીઝ થયા પહેલા જ ૮.૧૧ કરોડ રૂપિયાનો વેપાર કરી લીધો છે.વધારે વિગતે વાત કરવામાં આવે તો, સૌથી વધારે કન્નડ ભાષામાં વેપાર થયો છે. માત્ર કન્નડ ભાષામાં જ ૧,૧૮,૪૪૧ ટિકિટનું એડવાન્સ બુકિંગ થયું છે. હિંદીની વાત કરવામાં આવે તો, ૧૦,૫૦૩ ટિકિટનું એડવાન્સ બુકિંગ થયુ છે. આ આંકડો હજી પણ વધી શકે છે. ઋષભ શેટ્ટીની 'કાંતારાઃ અ લેજન્ડ ચેપ્ટર-૧' અને વરૂણ-જાહ્નવીની ફિલ્મ 'સની સંસ્કારી કી તુલસી કુમારી' બોક્સ ઓફિસ પર એક જ દિવસે રિલીઝ થઈ રહી છે. કંઈ ફિલ્મ વધારે કમાણી કરશે તે તો ૨જી ઓક્ટોબર દર્શકો જ નક્કી કરવાના છે.ઋષભ શેટ્ટીની ફિલ્મ કાંતારાનો પહેલો ભાગ ૨૦૨૨માં રિલીઝ થયો હતો. માત્ર ૧૪ કરોડમાં બનેલી આ ફિલ્મે બોક્સ ઓફિસ પર અધધ ૪૦૦ કરોડથી પણ વધારે રપિયા છાપ્યાં હતાં. અત્યારે 'કાંતારાઃ અ લેજન્ડ ચેપ્ટર-૧'થી પણ બંપર કમાણીની આશા છે. શું 'કાંતારાઃ અ લેજન્ડ ચેપ્ટર-૧' પહેલા ભાગનો રેકોર્ડ તોડી શકશે? આ વખતે ફિલ્મમાં ઋષભ શેટ્ટી સાથે ગુલશન દેવૈયા, જયરામ અને રુક્મિણી વસંત મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.

# બળજબરીથી કિસ કરવાના આરોપો પર સુભાષ ઘાઈએ આપ્યો જવાબ

**નેહલનો દાવો હતો કે સુભાષ ઘાઈએ તેની સાથે ગેરવર્તણૂક કરવાનો પ્રયાસ કર્યો હતો અને તેને બળજબરીથી કિસ કરી હતી**



'ગંદી બાત' અને 'જૂલી' જેવી એડલ્ટ સિરીઝમાં કામ કરી ચૂકેલી અભિનેત્રી નેહલ વાઢોલિયાએ તાજેતરમાં ફિલ્મ નિર્માતા સુભાષ ઘાઈ પર ગંભીર આરોપો લગાવ્યા હતા. નેહલનો દાવો હતો કે સુભાષ ઘાઈએ તેની સાથે ગેરવર્તણૂક કરવાનો પ્રયાસ કર્યો હતો અને તેને બળજબરીથી કિસ કરી હતી. આ આરોપો પર હવે સુભાષ ઘાઈએ કોઈનું નામ લીધા વિના જવાબ આપ્યો છે. તેમણે એક પોસ્ટ શેર કરીને જણાવ્યું કે નવા લોકોને મળવું ડરામણું લાગે છે.સુભાષ ઘાઈએ નેહલના આરોપો પર પોતાની ચૂપી તોડી છે. પોતાના પર લાગેલા આ આક્ષેપોને પાયાવિહોણા ગણાવતા, તેમણે પોતાના લાંબા કરિયર પર દાગ લાગવાના ડરને પણ વ્યક્ત કર્યો છે.સુભાષ ઘાઈએ તેમના ઘરના બગીચાની તસવીર શેર કરીને કૅપ્શનમાં લખ્યું કે, 'જો કોઈ યુવાન મદદ માટે તમારી પાસે આવે, તો એક સિનિયર એક્સપર્ટની ફરજ છે કે તે તેને તેના પ્રોફેશનમાં આગળ વધવામાં મદદ કરે અને માર્ગદર્શન આપે. પરંતુ આજકાલ અજાણ્યા લોકોને મળવું ડરામણું લાગે છે. તેઓ પ્રમોશન માટે સોશિયલ મીડિયા સાચા કે ખોટા નિવેદનો આપીને દેખાવા માંગે છે. જેવું કે હું આજકાલ સાંભળી રહ્યો છું, ભગવાન તેમનું ભલું કરે. એક સન્માનજનક કારકિર્દી બનાવવા માટે પરસ્પર આદર સૌથી વધુ જરૂરી છે.'તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં નેહલે સુભાષ ઘાઈના મેનેજરને ડેટ કરવા અને ઘાઈ સાથે થયેલી અભદ્ર મુલાકાતનો ઉલ્લેખ કર્યો હતો. આ અંગે નેહલે કહ્યું હતું કે, 'ડેટિંગના થોડા દિવસોમાં જ તેણે (મેનેજરે) મને કહ્યું કે હું તને સુભાષ ઘાઈના ઘરે લઈ જઈ રહ્યો છું. ત્યારે અમે એક અલગ રૂમમાં ડ્રીંક્સ લઈ રહ્યા હતા, જ્યાં બધા લોકો પાર્ટી કરતા હતા. ત્યારે સુભાષ ઘાઈએ મને કહ્યું કે ચાલ, હું તને મારી બાલ્કની બતાવું કે ત્યાંથી શહેર કેવું દેખાય છે.'નેહલે આ અંગે વધુ વાત કરતા કહ્યું કે, 'હું બાલ્કનીમાંથી બહાર જોઈ રહી હતી અને તેઓ મને એકદમ નજીકથી ઘૂરી રહ્યા હતા. પછી બોલે છે કે તને ખબર છે, તારું હાસ્ય ખૂબ જ સુંદર છે. તું બોલિવૂડમાં ઘણું બધું કરી શકે છે. તારું ખૂબ મોટું નામ થઈ જશે. તું હસતી હોય ત્યારે કેટલી વ્હાલી લાગે છે. તે આવી વાતો કરવા લાગ્યા તો મને થોડુંક વિચિત્ર લાગ્યું. મેં કહ્યું કે થેન્ક યુ સર. પછી મને ડર લાગ્યો કે ક્યાંક તેઓ કંઈક કરી ન નાખે એટલે હું મારા બોયફ્રેન્ડ સાથે અંદર ચાલી ગઈ.'નેહલે આગળ દાવો કર્યો હતો કે, 'જ્યારે હું વોશરૂમ ગઈ તો ત્યાં સુભાષજી આવી ગયા. હું માંડ બહાર નીકળી જ હતી, મને લાગ્યું કે તેમને વોશરૂમ જવું હશે. પરંતુ તેઓ સીધા આવ્યા, હું તેમની બાજુમાંથી જવાનો પ્રયાસ કરી રહી હતી. પણ એક સમય એવો આવ્યો કે તેઓ મારા ખૂબ નજીક આવી ગયા, હું ગભરાઈ ગઈ હતી. તેમની આંખો બંધ હતી. તેમણે મને લિપ કિસ કરવાનો પ્રયાસ કર્યો, મેં મોં ફેરવી લીધું તો ગાલ પર કિસ કરી. હું ખૂબ જ ગુસ્સે થઈ ગઈ હતી, પછી બોયળેન્ડ પર પણ ગુસ્સો કર્યો અને ત્યાંથી ચાલી ગઈ.' નેહલે આ અંગે વધુ વાત કરતા કહ્યું કે, 'હું બાલ્કનીમાંથી બહાર જોઈ રહી હતી અને તેઓ મને એકદમ નજીકથી ઘૂરી રહ્યા હતા. પછી બોલે છે કે તને ખબર છે, તારું હાસ્ય ખૂબ જ સુંદર છે. તું બોલિવૂડમાં ઘણું બધું કરી શકે છે. તારું ખૂબ મોટું નામ થઈ જશે. તું હસતી હોય ત્યારે કેટલી વ્હાલી લાગે છે. તે આવી વાતો કરવા લાગ્યા તો મને થોડુંક વિચિત્ર લાગ્યું. મેં કહ્યું કે થેન્ક યુ સર. પછી મને ડર લાગ્યો કે ક્યાંક તેઓ કંઈક કરી ન નાખે એટલે હું મારા બોયળેન્ડ સાથે અંદર ચાલી ગઈ.'નેહલે આગળ દાવો કર્યો હતો કે, 'જ્યારે હું વોશરૂમ ગઈ તો ત્યાં સુભાષજી આવી ગયા. હું માંડ બહાર નીકળી જ હતી, મને લાગ્યું કે તેમને વોશરૂમ જવું હશે. પરંતુ તેઓ સીધા આવ્યા, હું તેમની બાજુમાંથી જવાનો પ્રયાસ કરી રહી હતી. પણ એક સમય એવો આવ્યો કે તેઓ મારા ખૂબ નજીક આવી ગયા, હું ગભરાઈ ગઈ હતી. તેમની આંખો બંધ હતી. તેમણે મને લિપ કિસ કરવાનો પ્રયાસ કર્યો, મેં મોં ફેરવી લીધું તો ગાલ પર કિસ કરી. હું ખૂબ જ ગુસ્સે થઈ ગઈ હતી, પછી બોયળેન્ડ પર પણ ગુસ્સો કર્યો અને ત્યાંથી ચાલી ગઈ.'

### એક્ટિંગ બાદ હવે ફિલ્મ ડાયરેક્ટર બનવાની તૈયારી

# જન્મદિવસ પર રણબીર કપૂરે ફેન્સને આપ્યું સરપ્રાઈઝ!



### રણબીર ટૂંક સમયમાં નિતેશ તિવારીની ફિલ્મ 'રામાયણ'માં ભગવાન રામની ભૂમિકા ભજવશે

બોલિવૂડના અભિનેતા રણબીર કપૂરે તેના ૪૩નો જન્મદિવસ પરિવાર સાથે ઉજવ્યો. દીકરી રાહાએ પણ તેના પિતાને ગળે વળગીને જન્મદિવસની શુભેચ્છા આપી. જન્મદિવસના શુભ અવસરે રણબીરે તેના ચાહકોને પણ એક સારા સમાચાર આપ્યા છે. રણબીર કપૂરે કન્ફર્મ કર્યુ કે તે જલદી ડિરેક્ટર પણ બની શકે છે. એક ઈન્ટરવ્યૂમાં રણબીરે જણાવ્યું છે કે તેની પાસે અમુક આઈડિયા તૈયાર છે જેની પર તે ટૂંક સમયમાં કામ કરશે. નોંધનીય છે કે રણબીર કપૂરે ઘણા સમય પહેલા પણ પોતાની ઈચ્છા વ્યક્ત કરતાં જણાવ્યું હતુ કે તે પોતે એક્ટર તો છે, પણ તે ડિરેક્ટર પણ બનવા ઈચ્છે છે. અભિનેતાએ કહ્યું, 'એક ફિલ્મ ડિરેક્ટ કરવા હું ખૂબ જ ઉત્સુક છું. મે અત્યારે રાઈટર્સ રૂમની શરૂઆત કરી છે. મારી પાસે હજી બે આઈડિયા છે, જેની પર કામ ચાલી રહ્યું છે અને આશા છે કે તે કામ મને ખૂબ પ્રેરિત કરશે'.સંજય લીલા ભણસાલીની લવ એન્ડ વોર ફિલ્મ અંગે વાત કરતાં રણબીરે કહ્યું, કે 'મારા બે પ્રિય એક્ટર, મારી પત્ની આલિયા ભટ્ટ અને વિક્કી કૌશલ પણ આ ફિલ્મમાં છે. હું ૧૮ વર્ષથી સંજય લીલા ભણસાલી સાથે કામ કરી રહ્યો છું. તેમણે મને હિન્દી સિનેમામાં ઘણું શીખવ્યું છે.' રણબીરે કહ્યું,'મારો જન્મદિવસ ખૂબ જ સારો રહ્યો છે, હું આલિયા અને રાહા સાથે આખો દિવસ રહ્યો. મે કંઈ કર્યુ નથી, કારણકે રાહાએ મને વચન આપ્યુ હતુ કે તે મને ૪૩ કિસી કરશે. તેણે મારી માટે એક સુંદર કાર્ડ બનાવ્યું છે. જે મને ખૂબ સારું લાગ્યું હતું. ચરણબીર ટૂંક સમયમાં નિતેશ તિવારીની ફિલ્મ 'રામાયણ'માં ભગવાન રામની ભૂમિકા ભજવશે. સાઈ પલ્લવી સીતાની ભૂમિકા ભજવશે અને યશ રાવણની ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મનો પહેલો ભાગ આગામી દિવાળીએ સિનેમાઘરોમાં રિલીઝ થશે.

### અમદાવાદમાં શહેર અને જિલ્લામાં 'યુવા ઉત્સવ ૨૦૨૫-૨૬' યોજાશે

# યુવા ઉત્સવ : ૨૦૨૫-૨૬ના ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૫ ઓક્ટોબર ૨૦૨૫

**। (પ્રતિનિધી) અમદાવાદ, તા. ૩૦ ।**

રમત ગમત યુવાઅને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ, કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓની કચેરી ગાંધીનગર તેમજ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી અમદાવાદ દ્વારા તાલુકા કક્ષા/વોર્ડ કક્ષાએ 'યુવા ઉત્સવ ૨૦૨૫-૨૬'નું આગામી સમયમાં આયોજન કરવામાં આવ્યું છે. આ યુવા ઉત્સવમાં ભાગ લેવા માટેના ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૫ ઓક્ટોબર ૨૦૨૫ રાખવામાં આવી છે. આ યુવા ઉત્સવમાં અમદાવાદ શહેર તથા અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના ૧૫ થી ૨૯ વર્ષની વયજૂથ ધરાવતાં યુવક-યુવતીઓ ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં ૧૫ વર્ષથી ૨૦ વર્ષ સુધીના વયજૂથ (૦૧/૦૯/૨૦૦૫ થી ૩૧/૦૮/૨૦૧૦ વચ્ચે જન્મેલા) વિભાગ "અ", ૨૦ વર્ષથી ૨૯ વર્ષ સુધીના વયજૂથ (૦૧/૦૯/૧૯૯૬ થી ૩૧/૦૮/૨૦૦૫ વચ્ચે જન્મેલા) વિભાગ – બ તથા ૧૫ વર્ષથી ૨૯ વર્ષ સુધીના વયજૂથ (૦૧/૦૯/૧૯૯૬ થી ૩૧/૦૮/૨૦૧૦ વચ્ચે જન્મેલા)વિભાગ "ખુલ્લા" પ્રમાણે ભાગ લઈ શકશે. આ યુવા ઉત્સવમાં વક્તૃત્વ, નિબંધ, ચિત્રકલા, હળવું કંઠ્ય સંગીત, લોકવાદ્ય સંગીત, એકપાત્રીય અભિનય, હિંદુસ્તાની શાસ્ત્રીય કંઠ્ય સંગીત, ભરતનાટ્યમ, તથા કથ્થક આમ કુલ ૯ સ્પર્ધાઓ "અ" તથા "બ" બન્ને વિભાગમાં યોજાશે. જ્યારે પાદપૂર્તિ, ગઝલ શાયરી લેખન, કાવ્ય લેખન, દુહા છંદ ચોપાઇ, લગ્નગીત, આમ કુલ ૫ સ્પર્ધાઓ માત્ર "બ" વિભાગ માટે યોજાશે. આ ઉપરાંત લોક વાર્તા, સર્જનાત્મક કારીગરી, ભજન, સમુહગીત, લોકનૃત્ય, લોકગીત, કર્ણાટકી શાસ્ત્રીય કંઠ્ય સંગીત, સિતાર, વાંસળી, તબલા, વીણા, મૃદંગમ, હાર્મોનિયમ (હળવું), ગિટાર, મણિપુરી, ઓડિસી, કુચિપુડી, એકાંકી, શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધા એમ ૧૯ સ્પર્ધાઓ "ખુલ્લા" વિભાગમાં યોજાશે. ખુલ્લા વિભાગમાં સીધી જિલ્લા કક્ષાએ સ્ટોરી રાઈટિંગ અને ડેકલેમેશન સ્પર્ધા યોજાશે. સૌથી ખાસ વાત કે, કોઈપણ સ્પર્ધક માત્રને માત્ર એક જ સ્પર્ધામાં ભાગ લઇ શકશે. આ યુવા ઉત્સવમાં તાલુકાકક્ષા, જિલ્લાકક્ષા, પ્રદેશકક્ષા, રાજ્યકક્ષા સ્પર્ધાના સ્તર રહેશે. ઈચ્છુક ઉમેદવારોએ નિયત નમુનાનું ફોર્મ, આધારકાર્ડની નકલ નકલ સાથે રાખીને ૧૫ ઓક્ટોબર ૨૦૨૫ સુધીમાં કચેરીના કામકાજના દિવસો દરમિયાન તથા કચેરી સમય દરમિયાન જિલ્લા યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓની કચેરી, સાતમો માળ, રવિશંકર રાવલ કલા ભવન, ભાઈકાકા ભવનની બાજુમાં, એલિસબ્રિજ , અમદાવાદ ખાતે જમાં કરવવાનું રહેશે. ૧૫ ઓક્ટોબર ૨૦૨૫ પછી આવનાર ફોર્મ તથા અધુરી વિગત વાળા ફોર્મ સ્વીકાર્ય રહેશે નહી, એમ જિલ્લા યુવા વિકાસ અધિકારી અમદાવાદની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### પોસ્ટ વિભાગે OTP આધારિત ડિલિવરી અને એડ્રેસી સ્પેસિફિક ડિલિવરી સાથે સ્પીડ પોસ્ટ સેવાને મૂલ્યવર્ધિત સેવા તરીકે અપગ્રેડ કરી - પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

**। (પોસ્ટ) અમદાવાદ, તા. ૩૦ ।**

પોસ્ટ વિભાગ ૧ ઓક્ટોબર ૨૦૨૫ થી સ્પીડ પોસ્ટ સેવાને અપગ્રેડ કરશે. રીઅલ-ટાઇમ ટ્રેકિંગ અનu OTP આધારિત ડિલિવરી સાથે, સ્પીડ પોસ્ટ પહેલા કરતાં વધુ સલામત, સુરક્ષિત, સ્માર્ટ અને વધુ નાગરિક-મૈત્રીપૂર્ણ બની રહી છે. હવે, 'રજિસ્ટર્ડ ' અથવા 'રજિસ્ટર્ડ પોસ્ટ' એટલે મૂલ્યવર્ધિત સેવા જે સ્પીડ પોસ્ટ વસ્તુઓ (દસ્તાવેજો અને પાર્સલ) ની એડ્રેસી સ્પેસિફિક ડિલિવરી કરવા માટે રહેશે. અમદાવાદના ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે પોસ્ટ વિભાગે સ્પીડ પોસ્ટ માટે સુધારેલા ટેરિફ માળખા સાથે ૧ ઓક્ટોબરથી અમલમાં આવનાર ફેરફારને સૂચિત કર્યા છે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે નવી સિસ્ટમ હેઠળ, સ્પીડ પોસ્ટ દસ્તાવેજો અને પાર્સલ કાનૂની દસ્તાવેજો અને વૈધાનિક સંદેશાવ્યવહાર સહિત તમામ પ્રકારની જવાબદાર વસ્તુઓ પહોંચાડવા માટે મૂળભૂત સેવા તરીકે સેવા આપશે. હવે, બુકિંગ દરમિયાન મોકલનાર દ્વારા આપવામાં આવેલી સૂચનાઓ અનુસાર સ્પીડ પોસ્ટ સેવા સરનામું વિશિષ્ટ અથવા જે તે સરનામાં પર લખેલા વ્યક્તિના નામ વિશિષ્ટ (એડ્રેસી સ્પેસિફિક) હશે. એડ્રેસી સ્પેસિફિક ડિલિવરી માટે ₹ ૦૫ પ્રતિ પત્ર (GST વધારા) ના મૂલ્યવર્ધિત વિકલ્પ તરીકે ચૂકવવાના રહેશે. સ્પીડ પોસ્ટ વસ્તુઓ પર વીમા સુવિધા રાબેતા મુજબ ચાલુ રહેશે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે વધુમાં ઉમેર્યું હતું કે, આ ઉપરાંત, ૦૧ ઓક્ટોબર ૨૦૨૫ થી, સ્પીડ પોસ્ટ દસ્તાવેજ અને પાર્સલમાં મૂલ્યવર્ધિત સેવા તરીકે OTP આધારિત ડિલિવરી શરૂ કરવામાં આવશે. ગ્રાહકોએ OTP આધારિત ડિલિવરીની સુવિધા મેળવવા માટે બુકિંગ સમયે વધારાના ચાર્જ તરીકે ₹ 05 (GST વધારાનો) ચૂકવવાના રહેશે. આ ડિજિટાઇઝેશનના યુગમાં એક મોટી છલાંગ છે. APT 2.0 આધારિત પ્લેટફોર્મ (ક્લાઉડ-રેડી સિસ્ટમ) થયા પછી જ OTP-આધારિત ડિલિવરીની ગ્રાહક-કેન્દ્રિત સુવિધાઓ ચાલુ કરી શકાઈ છે જે ઇન્ડિયા પોસ્ટને આધુનિક પબ્લિક લોજિસ્ટિક્સ ઓર્ગેનાઈઝેશનમાં રૂપાંતરિત કરશે. આ પગલું એકાઉન્ટેબલ મેઈલ ડિલિવરીને સુવ્યવસ્થિત કરશે, સેવાઓમાં ઓવરલેપ ઘટાડશે અને વપરાશકર્તા ના અનુભવને સુધારશે.

આ સાથે, પોસ્ટ વિભાગે ૦૧ ઓક્ટોબર ૨૦૨૫ થી સ્પીડ પોસ્ટ દસ્તાવેજો માટે ટેરિફમાં પણ સુધારો કર્યો છે. ભારતીય ટપાલ સેવાના અધિકારી શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે, પ્રથમ 50 ગ્રામ માટે નવા દર (GST સિવાય) જે શહેરની અંદર ડિલિવરી માટે ₹ 19 અને ભારતમાં ડિલિવરી માટે ₹ 47 રહેશે. ત્યારબાદ, અંતર અને વજનના આધારે, પોસ્ટ વિભાગ દ્વારા ગેઝેટેડ સૂચના દ્વારા નિર્ધારિત દર માળખું લાગુ કરવામાં આવેલ છે. જોકે, ભારતમાં સૌથી લાંબા રૂટ ડિલિવરી સાથે ૫૦૦ ગ્રામ વજનવાળા સ્પીડ પોસ્ટ દસ્તાવેજ માટે મહત્તમ ટેરિફ ₹ 93 (GST વધારાનો) રહેશે. તેથી, અપડેટેડ સ્પીડ પોસ્ટ દરો બજારલક્ષી, પારદર્શક, અને વાજબી છે જેમાં GST સ્પષ્ટ રીતે અલગ પાડવામાં આવ્યા છે. ઈ-કોમર્સ વ્યવસાયને પ્રોત્સાહન આપવા માટે કરાર આધારિત ગ્રાહકો જેઓ ₹ 9 લાખનો લઘુત્તમ માસિક વ્યવસાય પ્રદાન કરે છે એમના માટે બુકિંગ રકમ પર ડિસ્કાઉન્ટ ઉપલબ્ધ છે જેનો લાગુ ડિસ્કાઉન્ટ દર 10% થી 50% સુધીનો છે.

ઉલ્લેખનીય છે કે, ઈન્ડિયા પોસ્ટે ૧ ઓગસ્ટ, ૧૯૮૬ ના રોજ પત્રો અને પાર્સલ માટે સમય-બાઉન્ડ, કાર્યક્ષમ અને સુરક્ષિત ડિલિવરી સેવા તરીકે તેની સ્પીડ પોસ્ટ સેવા શરૂ કરી હતી. શરૂઆતમાં "ઈસ્જી સ્પીડ પોસ્ટ" નામની આ સેવા ઈન્ડિયા પોસ્ટના આધુનિકીકરણના પ્રયાસોનો મુખ્ય ભાગ હતી જેથી સમગ્ર દેશમાં ઝડપી અને વધુ વિશ્વસનીય ડિલિવરી આપીને ખાનગી કુરિયર કંપનીઓ સાથે સ્પર્ધા કરી શકાય.

# ગોધરામાં ગરબા રમી પરત ફરતા પરિવાર પર હુમલો, ૬ અસામાજિક તત્ત્વો સામે નોંધાઈ ફરિયાદ

**। (પ્રતિનિધી) ગોધરા, તા. ૩૦ ।**

ગોધરાના મોતીબાગ પાર્ટી પ્લોટ ખાતેના 'રમઝટ ગરબા મહોત્સવ'માંથી ગરબા રમીને પરત ફરી રહેલા એક પરિવાર પર ૬ અસામાજિક તત્વોએ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. આ હુમલામાં દીકરીના પિતા અને પિતરાઈ ભાઈને ગંભીર ઈજાઓ થઈ છે. આ ઘટના મોતીબાગ પાર્ટી પ્લોટના સેન્ટ આર્નોલ્ડ સ્કૂલમાં બનાવેલા પાર્કિંગ વિસ્તારની બહાર બની હતી. પોલીસે આ મામલે ૬ અસામાજિક ઈસમો સામે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, એક્ટિવા પર સવાર પિતા-પુત્રી પાર્કિંગની બહાર જઈ રહ્યા હતા, ત્યારે દીકરીના કપડા એક કારના આગળના ટાયરમાં ફસાઈ ગયા હતા. જેથી દીકરીના પિતાએ કારચાલકને કાર થોડી પાછળ લેવા માટે વિનંતી કરી હતી. પરંતુ કારચાલકે કાર પાછળ લેવાની જગ્યાએ ઉશ્કેરાઈને ઝઘડો શરૂ કર્યો અને કાર દીકરી ઉપર ચડાવી દેવાની ધમકી આપી હતી. કારમાં સવાર અન્ય એક વ્યક્તિએ પોતે પોલીસ ઈન્સ્પેક્ટરનો પુત્ર હોવાનું કહીને પિતા પર હુમલો કર્યો. આ જોઈને કારમાં સવાર અન્ય ચાર ઈસમો પણ બહાર આવ્યા અને છ જેટલા અસામાજિક તત્ત્વોએ પિતા અને તેમની સાથે રહેલા પિતરાઈ ભાઈ પર જીવલેણ હુમલો કર્યો હતો. આ ઘટના સમયે ત્યાં હાજર રહેલા અન્ય લોકોએ હુમલો રોકવાનો પ્રયાસ કર્યો તો હુમલાખોરોએ તેમની સાથે પણ મારામારી કરી હતી. આ સમગ્ર ઘટનામાં દીકરીના પિતા અને તેમના પિતરાઈ ભાઈને ગંભીર ઈજાઓ થઈ છે. ઘટનાની જાણ થતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યા હતા. પોલીસે આ મામલે સફેદ કારમાં સવાર ૬ અસામાજિક ઈસમો સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાથી સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

### મણિપુર-મ્યાનમાર સરહદ પર ફરી તણાવ ભર્યો માહોલ

# ૧૬ કુકી ગામોના સરપંચોએ બોર્ડર ફેન્સીંગનો કર્યો વિરોધ, તાત્કાલિક કામ બંધ કરવાની આપી ધમકી

**। (પ્રતિનિધી) મણિપુર, તા. ૩૦ ।**

મણિપુર-મ્યાનમાર સરહદ પર વાડ (બોર્ડર ફેન્સીંગ)નો બનાવવાનો પ્રોજેક્ટ ફરી એકવાર વિવાદમાં ફસાઈ ગયો છે. ભારત-મ્યાનમાર સરહદની નજીક આવેલા ૧૬ કુકી ગામોના ગ્રામ સરપંચોએ જાહેરાત કરી છે કે, કોઈપણ રીતે સહકાર આપશે નહીં. તેમણે સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી સરકાર કુકી સમુદાયની રાજકીય માંગણીઓ પૂરી કરવા માટે નક્કર પગલાં નહીં લે ત્યાં સુધી બોર્ડર પર ફેન્સીંગ બનાવવાનો વિરોધ ચાલુ રહેશે. સંયુક્ત નિવેદનમાં ગામના આગેવનોએ જણાવ્યું હતું કે, પહેલાથી જ ઘણી રેલીઓ અને મેમોરેન્ડમ દ્વારા પોતાનો વાંધો વ્યક્ત કરી ચૂક્યા છે. સરપંચોએ જણાવ્યું હતું કે તેઓ જમીન માટે ન વળતર માંગશે, નાતો સરકાર સાથે વાતચીતો કરશે. આ ફક્ત બોર્ડરનો જ નહીં પરંત (Free Movement System) ને સમાપ્ત કરવાના પ્રસ્તાવનો પણ વિરોધ કરી રહ્યા છે. કુકી સંગઠનો લાંબા સમયથી અલગ વહીવટી માળખાની માંગ કરી રહ્યા છે. બીજી તરફ મેઈતેઈ સમુદાય આનો વિરોધ કરે છે અને મણિપુરની પ્રાદેશિક અને વહીવટી એકતા જાળવવાનો આગ્રહ રાખે છે. આ તણાવ સતત વધી રહ્યો છે. મણિપુર મ્યાનમાર સાથે ૩૯૮ કિલોમીટરની આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવે છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, અત્યાર સુધીમાં સરહદના માત્ર ૧૦ કિલોમીટર પર જ વાડનું કામ પૂર્ણ થયું છે. જોકે, તાજેતરના વિરોધ પ્રદર્શનોને કારણે આગળનું કામ વધુ મુશ્કેલ બની રહ્યું છે.

# માર્કેટીંગ સીઝન ૨૦૨૫-૨૬ અંતર્ગત ખેડુતો પાસેથી લઘુતમ ટેકાના ભાવે ડાંગર, મકાઈ, બાજરી, જવાર અને રાગીની સીધી ખરીદી કરવામાં આવશે

**। (માહિતી) અમદાવાદ, તા. ૩૦ ।**

ખેડૂતોને તેઓના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૨૫-૨૬ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા લઘુતમ ટેકાના ભાવે ડાંગર, મકાઈ, બાજરી, જુવાર, તથા રાગીની ખરીદી ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લી., મારફતે કરવામાં આવનાર છે. ભારત સરકાર દ્વારા ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૨૫-૨૬ માટે ટેકાનો ભાવ ડાંગર (કોમન) માટે રૂ. ૨૩૬૯-/- પ્રતિ ક્વિ, ડાંગર (ગ્રેડ-એ) માટે રૂ. ૨૩૮૯/- પ્રતિ ક્વિ, મકાઈ માટે રૂ. ૨,૪૦૦/- પ્રતિ ક્વિ. બાજરી માટે રૂ.૨,૭૭૫/- પ્રતિ ક્વિ., (ઉપરાંત વધારાનું બોનસ રૂ. ૩૦૦/- પ્રતિ ક્વિ) જુવાર(હાઈબ્રીડ) રૂ. ૩,૬૯૯/-પ્રતિ ક્વિ (ઉપરાંત વધારાનું બોનસ રૂ. ૩૦૦/- પ્રતિ ક્વિ), જુવાર (માલદંડી) રૂ.૩,૭૪૯/- પ્રતિ કિવી ઉપરાંત વધારાનું બોનસ રૂ. ૩૦૦/- પ્રતિ ક્વિ). તથા રાગી માટે રૂ. ૪,૮૮૬/- પ્રતિ વિ. (ઉપરાંત વધારાનું બોનસ રૂ. ૩૦૦/- પ્રતિ ક્વિ) નિયત કરવામાં આવેલ છે. લઘુતમ ટેકાના ભાવે ડાંગર, મકાઈ, બાજરી,જુવાર તથા રાગીનું વેચાણ કરવા ઈચ્છા ધરાવતા ખેડૂતોની ઓનલાઇન નોંધણી સમગ્ર રાજ્યમાં સ્થાનિકે ગ્રામ્ય કક્ષાએ ફઝઈ મારફતે ૦૧/૧૦/૨૦૨૫ થી ૩૧/૧૦/૨૦૨૫ સુધી કરવામાં આવશે. તેમજ ડાંગરની ખરીદી તા. ૦૧/૧૧/૨૦૨૫ થી ૩૧/૦૧/૨૦૨૬ સુધી તથા મકાઈ, બાજરી, જુવાર તથા રાગીની ખરીદી તા. ૦૧/૧૧/૨૦૨૫ થી ૩૦/૦૧/૨૦૨૬ સુધી કરવામાં આવશે. જેથી નોંધણી કરાવવા તમામ ખેડૂતો મિત્રોને અપીલ કરવામાં આવે છે. ખેડૂત ખાતેદારોના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા નોંધણી કરવામાં આવશે જેની ખાસ નોંધ લેશો. નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે, આધાર કાર્ડની નકલ, અધ્યતન ગામ નમૂનો, ૭/૧૨ ,૮/અ તેમજ પાકની વાવણી અંગેની એન્ટ્રી ૭/૧૨ કે ૮/અ માં ન થઈ હોય તો તલાટીના સહી સિક્કા વાળો દાખલો, ખેડૂતના નામના બેંક ખાતાની વિગત બેંક પાસબૂકની ઝેરોક્ષ નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે.રાજ્યના ખેડૂતો તેઓનો પાક લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક હોય તો તેઓની ઓનલાઇન નોંધણી ફરજીયાત હોઈ આ માટે સંબંધિત ગ્રામપંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવા ખાસ અનુરોધ છે. ટેકાના ભાવે ખરીદી માટે રજીસ્ટ્રેશન કરાવેલ ખેડૂતોને SMS મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે. ખરીદી સમયે ખેડૂતે પોતાનું આધારકાર્ડ/ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે ખેડૂત ખાતેદાર બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદી કરવામાં આવશે. જેની નોંધ લેશો ડોક્યુમેન્ટની ચકાસણી દરમ્યાન જો ખોટા ડોક્યુમેન્ટ અપલોડ કરાયા હોવાનું ધ્યાને આવશે તેવા કિસ્સામાં આપનો ક્રમ રદ થશે અને ખરીદી માટે આપને જાણ નહી કરવામાં આવે તેની ખેડૂત મિત્રોએ નોંધ લેવી.

### જાતિભેદના કારણે ગરબા રમવા દેવામાં ન આવતા વિવાદ

# વીરપુરમાં ગરબા રમવા ગયેલા દલિત મહિલા સાથે ભેદભાવ

**। (માહિતી) વીરપુર, તા. ૩૦ ।**

નવરાત્રિના પાવન પર્વ પર લોકો આસ્થાભેર ગરબામાં જોડાય છે. તેવામાં મહીસાગરના વીરપુર તાલુકાના ભરોડી ગામમાંથી એક અત્યંત શરમજનક ઘટના સામે આવી છે. જ્યાં દલિત મહિલાઓ ગરબા રમવા જતાં જાતિવાદી માનસિકતાનો શિકાર બની હતી. ભરોડી ગામમાં દલિત સમાજની મહિલાઓને જાતિભેદના કારણે ગરબા રમવા દેવામાં ન આવતા વિવાદ સર્જાયો છે. આ મામલે વીરપુર પોલીસ સ્ટેશનમાં ૪ મહિલાઓ વિરુદ્ધ ફરિયાદ પણ નોંધવામાં આવી છે. જ્યારે FIRમા PIએ આરોપી સરપંચના પરિવાર સહિતના લોકોના નામ ન નોંધ્યા હોવાનું પીડિતાએ આક્ષેપ કર્યો છે. મળતી માહિતી મુજબ, વીરપુર તાલુકાના ભરોડી ગામમાં નવરાત્રિ દરમિયાન દલિત સમાજની મહિલાઓ ગામના સાર્વજનિક ગરબા મંડળમાં ગરબે ઘૂમવા ગઈ હતી. પરંતુ તેમને ગરબા રમવા દેવામાં ન આવ્યા. એક ચોક્કસ સમુદાયની મહિલાઓ દ્વારા જાતિવાદનો ભેદ રાખી દલિત મહિલાઓ સાથે ભેદભાવ કરવામાં આવ્યો હતો, જેના કારણે ગરબા બંધ થઈ ગયા હતા. આ ઘટના બાદ દલિત સમાજની મહિલાઓ અને યુવકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. જ્યારે દલિત મહિલાઓ ગરબા રમવા જતાં અન્ય કેટલીક મહિલાઓએ તેમને બહાર કાઢીને મારામારી કરી હોવાનું સામે આવ્યું છે.

દલિત મહિલાઓ આક્ષેપ કર્યો છે કે, અન્ય સમાજની મહિલાઓએ અમને ધમકી આપી કે, હવે અહીં ગરબા રમવા આવશો તો જીવતા નહીં જવા દઈએ. જેમાં આરોપીઓએ જાતિ વિષયક શબ્દોનો ઉપયોગ કરી દલિત મહિલાઓને અપમાનિત કરી હતી. આ સમગ્ર ઘટના બાદ ફરિયાદી રિંકુબેન વણકરે ૧૧૨ નંબર પર પોલીસને જાણ કરી હતી, પરંતુ તેઓએ પોલીસ પર મદદ ન કરવાનો આરોપ લગાવ્યો છે. આખરે, દલિત સમાજની મહિલાઓ જાતે જ વીરપુર પોલીસ સ્ટેશન પહોંચી અને પોતાની આપવીતી જણાવી હતી.

# ગાયના એક ગ્રામ ગોબરમાં ૩૦૦ કરોડ સૂક્ષ્મ જીવાણુઓ હોય છે

**। (માહિતી) અમરેલી, તા. ૩૦ ।**

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ લાઠીના દુધાળા ગામ ખાતે પ્રાકૃતિક કૃષિ - પ્રકૃતિના શરણે પરીસંવાદમાં સહભાગી બની પ્રકૃતિ-પર્યાવરણ અને જન આરોગ્ય માટે આશીર્વાદરૂપ પ્રાકૃતિક કૃષિ અપનાવવા માટે ખેડૂત ભાઈઓ- બહેનોને પ્રેરિત કર્યા હતા. આ પરીસંવાદમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, આજે રાસાયણિક ખેતીથી જમીન બિન ઉપજાવ બની છે, જંતુનાશક દવાઓ અને રાસાયણિક ખાતરના અતિરેકભર્યા ઉપયોગના કારણે દેશની જમીનનો ઓર્ગેનિક કાર્બન ૦.૫ ટકાથી નીચે પહોંચ્યો છે. જેથી ખેડૂતોનું ખેત ઉત્પાદન ઉતરોત્તર ઘટી રહ્યું છે. જમીનને ફરી ફળદ્રુપ અને ઉપજાવ બનાવવા માટે પ્રાકૃતિક કૃષિ જ એકમાત્ર વિકલ્પ છે, ગાય આધારિત પ્રાકૃતિક કૃષિથી જમીન પુનઃજીવિત બને છે. તેમણે કહ્યું કે, ગાયનું ગોબર જીવાણુઓનો અને ગૌમૂત્ર ખનીજોનો ભંડાર છે. ગાયના એક ગ્રામ ગોબરમાં ૩૦૦ કરોડ સૂક્ષ્મ જીવાણુઓ હોય છે. રાસાયણિક કૃષિથી જળ, જમીન, વાતાવરણ પ્રદૂષિત થઈ રહ્યું છે. સાથે જ જન આરોગ્ય જોખમાઈ રહ્યું છે. કેન્સર, ડાયાબિટીસ, કિડની સહિતની બીમારીઓ વધી છે. ખેતીમાં રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના ઉપયોગનો પ્રભાવ લોકોના આહાર અને આરોગ્ય પર પડી રહ્યો છે. કેન્સર સહિતની બીમારીઓ વધવાની સાથે, નાની વયના લોકો પણ જીવલેણ હાર્ટ એટેકના ભોગ બની રહ્યા છે. રાજ્યપાલશ્રીએ ખેડૂતોને પ્રકૃતિના સિદ્ધાંતોને અનુસરવાની અપીલ કરતાં કહ્યું હતું કે, ખેતીમાં કૃષિ પાકો અને છોડ માટેના પોષણની કુદરતીદત્ત વ્યવસ્થા કરી છે. પ્રકૃતિને જે આપશો તે પરત આપશે એટલે કે, ઝેરયુક્ત ખેતીથી તેના વિપરીત પરિણામો જ મળશે. રાજ્યપાલશ્રીએ રાસાયણિક, જૈવિક અને પ્રાકૃતિક કૃષિનો ભેદ સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે, ઓર્ગેનિક કૃષિ પ્રાકૃતિક કૃષિથી તદ્દન ભિન્ન છે, જૈવિક ખેતીમાં ઉત્પાદન મેળવવા માટે જુદા જુદા ઈનપુટ્સ નાખવા પડે છે, ઉપરાંત જૈવિક ખેતી મિથેન જેવો ગેસ પેદા કરી પર્યાવરણને નુકસાન કરે છે. ત્યારે પ્રાકૃતિક કૃષિમાં જંગલમાં ઝાડ જેમ કુદરતી રીતે હર્યાભર્યા હોય છે, તે જ સિદ્ધાંતોને પ્રાકૃતિક કૃષિ અનુસરે છે. રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે, આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પ્રાકૃતિક કૃષિનું રાષ્ટ્રીય મિશન શરૂ થયું છે.રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિમાં પણ દેશભરમાં ગુજરાત નેતૃત્વ કરશે તેવો આશાવાદ પણ વ્યક્ત કર્યો હતો....

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે જો કોઈ પારિવારિક સમસ્યા હોયતો તમારી પત્ની સાથે શૅર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે. આ બાબત તમને એકબીજા સાથેના વર્તનમાં સારી એવી સ્વયંસ્ફૂતર્તા અને આઝાદી આપશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે ઘરનું ટૅન્શન તમને ગુસ્સો કરાવશે. તેને દબાવવાથી શારીરિક સમસ્યા વધશે. શારીરિક પ્રવૃત્તિ દ્વારા તેનાથી છૂટકારો મેળવો. હેચેન કરનારી પરિસ્થિતિને છોડી દેવી જ બહેતર છે. જે લોકો ની અત્યાર સુધી પગાર નથી આવી તે લોકો પૈસા માટે પરેશાન રહી શકે છે અને પોતાના મિત્રો થી ઉધાર માંગી શકે છે. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગમાં લઈ શકાય. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો? તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે.

**કર્ક (ડ,હ) :**

આજે તમને કોઈ ઈજા ન થાય તે માટે બેસતી વખતે ખાસ સંભાળવું. કેમ કે બેસવાની ઢબ ન માત્ર વ્યક્તિના વ્યક્તિત્વને નીખારે છે બલ્કે સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. મિત્રો સાથેની પ્રવૃત્તિઓ માણવાલાયક હશે- પણ સામે ચાલીને ખર્ચ કરવાની તૈયારી દેખાડતા નહીં.

**સિંહ (મ,ટ) :**

આજે કોઈ મુદ્દા પર અંતરાય ઊભા કરનારી તમારી લાગણીઓને અંકુશમાં રાખો. તમારી જૂનવાણી વિચારધારા-જૂના વિચારો તમારા વિકાસને અવરોધે છે-તેઓ વિકાસને ગૂંગળાવી નાખે છે તથા આગળ વધવાના માર્ગમાં બાધાઓ ઉત્પન્ન કરે છે. આજે તમારી સમક્ષ આવતી મૂડીરોકાણની નવી તકોને જાણો- પણ પ્રકલ્પના લાભ-હાનિ જાણ્યા બાદ જ તમારી જાતને નિર્ણય લેવા તૈયાર કરો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારો મજબૂત પ્રતિકાર તથા નિર્ભયતા તમારા માનસિક સાર્મથ્યમાં જબરજસ્ત વધારો કરશે. આ ગતિને જાળવી રાખો જેથી તે તમને ગમે તે પરિસ્થિતિને અંકુશમાં રાખવા નો ઉત્સાહ પૂરો પાડશે. તમારા માતા પિતા આજે તમારી ફિજૂલખર્ચી જોઈ ચિંતિત થયી શકે છે અને તમને તેમના ગુસ્સા નો ભોગ બનવો પડી શકે છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ એવા કામમાં સમય વિતાવજો જેમાં તમારું મન વધારે લાગતું હોય અને જીવનમાં કઈક નવું શીખવા મળે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે. પારિવારિક ચિંતાઓને તમારૂં ધ્યાન અન્યત્ર વાળવા ન દો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારો માયાળુ સ્વભાવ તમારા માટે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો. તમારા પ્રેમ પ્રકરણ વિશે જાહેરમાં ઢંઢેરો પીટતા નહીં.

**મકર (ખ,જ) :**

આજે ઘરની કોઈ ચિંતા તમને થોડું બેચેન કરી મુકશે. મોટી યોજનાઓ તથા વિચારો ધરાવતી વ્યક્તિ તમારૂં ધ્યાન આકર્ષિત કરશે-રોકાણ કરતા પહેલા એ વ્યક્તિની વિશ્વસનિયતા તથા સત્યતા ચકાસી લેજો તમારા ઘરનું દૃશ્ય કેટલીક હદે અણધાર્યું રહેશે. તમે આજે પ્રેમનું પ્રદૂષણ ફેલાવશો. પ્રેમ એ ઈન્દ્રિઓની મર્યાદા બહારની બાબત છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજનો દિવસ તમારી માટે બહુ ઊર્જાવાળો નથી અને તમે નાની-નાની બાબતોમાં ચીડાઈ જશો. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે પરંતુ સાથે તમને આના જવા નું દુઃખ પણ થશે. તમે તમારા સંતાન પાસેથી કોઈક પાઠ શીખવાના છો. તેમનો સૂક્ષ્મ તેજપુંજ ખૂબ જ પવિત્ર હોય છે અને તેમના આસાપાસના લોકોને તેમની નિર્દોષતા, આનંદીપણું તથા નકારાત્મકતાના અભાવ દ્વારા બદલી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. જીવનસાથી તથા સંતાનો વધારાનો પ્રેમ અને સાર-સંભાળ આપશે. ઘરમાં સમસ્યા ઊભી થઈ શકે છે-પણ તમારા નાની-નાની બાબતોમાં તમારા જીવનસાથીની ટીકા કરવાનું બંધ કરો.

# બીસીસીઆઈએ ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફ માટે પ્રાઈસ મનીની જાહેરાત કરી



## ભારતીય ખેલાડીઓએ મોહસિન નકવીના હાથે ટ્રોફી લેવાની ના પાડી દીધી અને આ ડ્રામા લગભગ ૨ કલાક સુધી રહ્યા

। (એજન્સી) દુબઈ, તા.૩૦ ।

સૂર્યકુમાર યાદવના નેતૃત્વવાળી ટીમ ઈન્ડિયાએ ૨૮ સપ્ટેમ્બરના રોજ રવિવારે રમાયેલી એશિયા કપ ૨૦૨૫ની ફાઈનલ મેચમાં ધૂર વિરોધી પાકિસ્તાનને ૫ વિકેટથી હરાવી દીધુ અને રેકોર્ડ ૯મી વખત એશિયા કપ જીત્યો. રિપોર્ટ્સ મુજબ એશિયા કપની પ્રાઈઝ મની આ વખતે ૨.૬ કરોડ રૂપિયા છે. જે ટીમ ઈન્ડિયાને મળશે. પરંતુ ચર્ચામાં તો બીસીસીઆઈની પ્રાઈઝ મની છે. કારણ કે બીસીસીઆઈએ ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફ માટે જે પ્રાઈસ મનીની જાહેરાત કરી છે તે એશિયા કપની પ્રાઈઝ મનીથી પણ લગભગ ૧૦ ગણી વધારે છે. બીસીસીઆઈએ એક્સ પર એશિયા કપની પ્રાઈસ મનીની જાહેરાત કરી. આ દરમિયાન તેમણે પાકિસ્તાનને ભરપૂર ટ્રોલ પણ કર્યું. બીસીસીઆઈએ લખ્યું કે ૩ વાર, ૦ પ્રતિક્રિયા. એશિયા કપ ચેમ્પિયન. સંદેશો પહોંચ્યો. ટીમ અને સહયોગી સ્ટાફ માટે ૨૧ કરોડ રૂપિયાની પુરસ્કાર રકમ. મીડિયા રિપોર્ટ્સ મુજબ ઓપરેશન સિંદૂર વખતે ભારતીય સેના તરફથી જે મેપ દેખાડવામાં આવ્યો હતો તે મુજબ પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં ૨૧ આતંકી કેમ્પો સિલેક્ટ કરાયા હતા. ટોસ હારીને પહેલા બેટિંગ કરવા ઉતરેલી પાકિસ્તાનની ટીમે ભારત સામે ૧૪૭ રનનો ટાર્ગેટ મૂક્યો હતો. સાહિબજાદા ફરહાને અડધી સદી ફટકારી હતી. પાકિસ્તાનની પહેલી વિકેટ ૮૪ રનના સ્કોર પર પડી ત્યારબાદ ભારતીય સ્પીનરોએ એવી તે ફિરકી ચલાવી કે પાકિસ્તાન ફસાઈ ગયું. કુલદીપ યાદવે સૌથી વધુ ૪ વિકેટ લીધી. જસપ્રીત બુમરાહ, અક્ષર પટેલ અને વરુણ ચક્રવર્તીએ ૨-૨ વિકેટ લીધી. ૧૪૭ રનનો ટાર્ગેટ પણ ભારત માટે એવા સમયે ૫ હાડ જેવો બની ગયો જ્યારે ૨૦ના સ્કોર પર ટીમે અભિષેક શર્મા, સૂર્યકુમાર યાદવ અને શુભમન ગિલની વિકેટ ગુમાવી. ત્યારબાદ તિલક વર્મા, સંજૂ સેમસન અને શિવમ દુબેએ મજબૂત ઈનિંગથી ટીમ ઈન્ડિયાને જીત અપાવી. તિલક ૬૯ રન સાથે છેલ્લે સુધી નોટઆઉટ રહ્યો અને તેને પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ પણ મળ્યો. મેચ જીત્યા બાદ ભારતીય ખેલાડીઓએ એસીસીના અધ્યક્ષ મોહસિન નકવીના હાથે ટ્રોફી લેવાની ના પાડી દીધી અને આ ડ્રામા લગભગ ૨ કલાક સુધી રહ્યો. ત્યારબાદ મોહસિન નકવી મેદાન છોડીને જતા રહ્યા અને થોડીવાર બાદ ટ્રોફી પણ ત્યાંથી ગાયબ થઈ ગઈ. બીસીસીઆઈએ પાકિસ્તાન પર એશિયા કપની ટ્રોફી અને મેડલ્સ ચોરવાનો પણ આરોપ લગાવ્યો છે. જો કે ભારતીય ખેલાડીઓની ઉજવણીમાં કોઈ પણ કમી જોવા મળી નહીં. સૂર્યા બ્રિગેડે ટ્રોફી વગર જ એશિયા કપની જીતની ઉજવણી કરી. ભારતીય ખેલાડીઓએ એક પણ મેચ હાર્યા વગર એશિયા કપ ૨૦૨૫ ટુર્નામેન્ટ જીતી હતી. BCCI એ ટીમ ઈન્ડિયાને આ પ્રદર્શન માટે ઈનામ આપ્યું છે. જ્યારે ભારતીય ખેલાડીઓને ટ્રોફી નહોતી લીધી પરંતુ ટીમ ઈન્ડિયાની જીતની ઉજવણી શાનદાર રહી હતી.

### ન્યૂઝ બ્રિફ

## રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની બેઠક આજથી શરૂ થઈ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI)ની બેઠક આજથી શરૂ થઈ ગઈ છે. આ બેઠકમાં આરબીઆઈ રેપો રેટમાં સુધારા સહિત અનેક નાણાકીય મુદ્દાઓ પર નિર્ણય જાહેર કરશે. આ જાહેરાત ૧ ઓક્ટોબરના રોજ થશે. અગાઉ ગત એમપીસી બેઠકમાં રેપો રેટમાં ૫.૫૦ ટકા પર જાળવી રાખ્યો હતો. આ વખતે રેપો રેટ મુદ્દે નિષ્ણાતો બે મત છે. અમુક નિષ્ણાતોનું માનવું છે કે, અમેરિકા ટેરિફ અને મોંઘવારીના નીચા દરને ધ્યાનમાં રાખતાં રેપો રેટ યથાવત રાખી શકે છે. જ્યારે અમુકે વ્યાજના દરોમાં ઘટાડાની શક્યતા દર્શાવી છે. હાલ રેપો રેટ ૫.૫૦ ટકા છે. આ વર્ષની શરૂઆતથી અત્યારસુધી આરબીઆઈએ તેમાં ૧ ટકાનો ઘટાડો કર્યો છે. જેમાં ફેબ્રુઆરીમાં ૦.૨૫ ટકા, એપ્રિલમાં ૦.૨૫ ટકા, અને જૂનમાં ૦.૫૦ ટકાનો ઘટાડો કર્યો હતો. આઈડીએફસી ફર્સ્ટ બેંકના રિપોર્ટ અનુસાર, આરબીઆઈ દ્વારા રેપો રેટ યથાવત રાખવાની અપેક્ષા છે. જેની પાછળનું કારણ ફુગાવામાં ઘટાડો તેમજ જીએસટીમાં સુધારાથી માગ પર સકારાત્મક અસર છે. નાણાકીય વર્ષના પ્રથમ છ માસમાં અપેક્ષા કરતાં વધુ જીડીપી ગ્રોથ નોંધાયો છે. જ્યારે એસબીઆઈ રિપોર્ટ અનુસાર, ભારત-અમેરિકા વેપાર મંત્રણાની અટકી પડેલી વાતો વચ્ચે જીએસટી સુધારાએ માગ અને વપરાશને વેગ આપ્યો છે.

## ઓનલાઈન સટ્ટાબાજીમાં ઇડી ક્રિકેટરો અને કલાકારોની સંપત્તિ ટાંચમાં લેશે




। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

ઓનલાઈન સટ્ટાબાજી અને ગેમિંગ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં અનેક રમતવીરો અને અભિનેતાઓ સામે કાર્યવાહી થવાની શક્યતા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ટૂંક સમયમાં ઈડી તેમની કરોડો રૂપિયાની સંપત્તિ ટાંચમાં લઈ શકે છે. આ કાર્યવાહી મની લોન્ડરિંગ કાયદા પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર ઓનલાઈન સટ્ટાબાજી પ્લેટફોર્મ વનએક્સબેટથી જોડાયેલ કેસોની તપાસમાં જાણવા મળ્યું છે કે આમાંથી કેટલીક વ્યકિતઓએ તેમને મળેલ જાહેરાતની આવકમાંથી અનેક પ્રકારની સંપત્તિ ખરીદી હતી. જે પીએમએલએ કાયદા હેઠળ અપરાધથી અર્જિત આવકની કેટેગરીમાં આવે છે. જેમાંથી અનેક સંપત્તિ યુનાઈટેડ આરબ અમિરાત જેવા દેશોમાં છે. હાલમાં આ સંપત્તિઓનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. તપાસમાં જાણવા મળ્યું છે કે ફેડરલ તપાસ એજન્સી ટૂંક સમયમાં જ આ વ્યકિતઓની સ્થિર અને ચાલુ મિલકતો ટાંચમાં લેવા માટે પીએમએલએ હેઠળ આદેશ જારી કરશે.

### ઓલમ્પિયનના પરિવારજનોની પોલીસ સાથે દલીલ

## પદ્મશ્રી એવોર્ડી પૂર્વ ઓલિમ્પિક ખેલાડીના મકાન પર બુલડોઝર ફેરવાયું

### શહિદના પરિવારજનોએ પોલીસ અને વહીવટી તંત્ર સામે સખત દલીલો કરી અને કાર્યવાહી રોકવાની વિનંતી કરી

। (એજન્સી) વારાણસી, તા.૩૦ ।

ઉત્તર પ્રદેશના વારાણસીમાં કચેરીથી સંદહા રોડનું પહોળીકરણ કરવાના ભાગરૂપે, પોલીસ લાઇનથી કચેરી વચ્ચેના કુલ ૧૩ મકાનો પર બુલડોઝરની કાર્યવાહી કરવામાં આવી. આ તોડી પાડવામાં આવેલા મકાનોમાં પૂર્વ ઓલમ્પિયન અને પદ્મશ્રી હોકી પ્લેયર સ્વર્ગસ્થ મોહમ્મદ શાહિદનું ઘર પણ સામેલ હતું. જોકે, શહિદના પરિવારજનોએ પોલીસ અને વહીવટી તંત્ર સામે સખત દલીલો કરી અને કાર્યવાહી રોકવાની વિનંતી કરી. તેમ છતાં, તેમની વિનંતી ધ્યાનમાં લેવાઈ નહીં અને બુલડોઝર ચલાવી દેવાયું.વહીવટી તંત્રના મતે, મકાનના ૯ સભ્યોમાંથી ૬ સભ્યોએ વળતર સ્વીકારી લીધું હતું, જ્યારે બાકીના સભ્યો દ્વારા સમયની માંગણી કરવામાં આવી રહી હતી. જોકે, બુલડોઝરની આ કાર્યવાહીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં એક વૃદ્ધ મુસ્લિમ વ્યક્તિ પોલીસ અધિકારીને વિનંતી કરતા કહે છે કે, મિશ્રાજી, હું તમારા પગ પકડી રહ્યો છું... કૃપા કરીને માત્ર આજનો દિવસ આપી દો, કાલે અમે હટાવી લઈશું. નોંધનીય છે કે અખિલેશ યાદવે પણ આ વીડિયો પોસ્ટ કર્યો છે. મોહમ્મદ શાહિદના પરિવારે વહીવટી તંત્રની આ કાર્યવાહીનો સખત વિરોધ કર્યો. તેમની ભાભી નાઝનીને જણાવ્યું કે, અમે કોઈ વળતર લીધું નથી અને અમારી પાસે બીજું મકાન નથી. આથી અમે બેઘર થઈ જઈશું. શાહિદના મામાના દીકરા મુશ્તાકે આરોપ લગાવ્યો કે, મારા ઘરમાં લગ્ન પ્રસંગ છે અને અમારી પાસે બીજે ક્યાંય જમીન નથી. આ માત્ર વહીવટી ગુંડાગીરી છે અને પુનર્વસનની વ્યવસ્થા કરવામાં આવી રહી નથી. મુશ્તાકે એવો પણ આરોપ લગાવ્યો કે, મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારમાં જાણી જોઈને રોડને ૨૧ મીટરને બદલે ૨૫ મીટર પહોળો કરવામાં આવી રહ્યો છે.

### પાકિસ્તાની ટીમનો આતંકવાદીઓ પ્રત્યેનો પ્રેમ

## મેચ ફી આતંકવાદીઓના પરિવારોને કરશે દાન, કેપ્ટનની ખુલ્લેઆમ જાહેરાત

### સલમાન અલી આગાએ જાહેરાત કરી કે સમગ્ર પાકિસ્તાન ટીમની મેચ ફી ઓપરેશન સિંદૂરમાં માર્યા ગયેલા લોકોના પરિવારોને આપવામાં આવશે

। (એજન્સી) દુબઈ, તા.૩૦ ।

એશિયા કપનો ફાઈનલ મુકાબલો ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાયો હતો. ટીમ ઈન્ડિયાએ પાકિસ્તાનને ૫ વિકેટથી હરાવીને એશિયા કપ જીત્યો હતો. ભારતની જીતમાં તિલક વર્માએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. પાકિસ્તાનીઓ આ હાર સહન કરી શક્યા નહોતા. પહેલા પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ અને એશિયન ક્રિકેટ કાઉન્સિલના વડા મોહસીન નકવી એશિયા કપ ટાઈટલ સાથે લઈ ગયા અને હવે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે એક ઘૃણાસ્પદ કૃત્ય કર્યું છે. ટીમ ઈન્ડિયાની હાર બાદ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ૨૯ સપ્ટેમ્બરની સવારે તેના સોશિયલ મીડિયા પર એક પોસ્ટ પોસ્ટ કરી હતી. આ પોસ્ટમાં તેઓએ લખ્યું હતું કે, ‘‘પાકિસ્તાન ક્રિકેટ ટીમે એશિયા કપ ફાઈનલ મેચ ફી ૭ મેના હુમલામાં શહીદ થયેલા નિર્દોષ લોકોને સમર્પિત કરી છે, જેમાં બાળકો સહિત ઘણા નાગરિકો માર્યા ગયા હતા. અમારી સંવેદના અને પ્રાર્થના તેમના પરિવારો સાથે છે.’’ આ પોસ્ટ સાથે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે આતંકવાદીઓ પ્રત્યે પોતાનો ટેકો સ્પષ્ટપણે સાબિત કર્યો છે. ૭ મેના રોજ, ભારતીય સશસ્ત્ર દળોએ ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાનમાં નવ આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો, જેમાં ઘણા મોટા આતંકવાદીઓ માર્યા ગયા. ઓપરેશન દરમિયાન મસૂદ અઝહરના પરિવારના સભ્યો પણ માર્યા ગયા. આ વાતની પુષ્ટિ થઈ ગઈ છે. મસૂદ અઝહર અમેરિકા દ્વારા જાહેર કરાયેલ આતંકવાદી છે. હવે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ આ આતંકવાદીઓના પરિવારોને તેના પૈસા દાન કરશે. ભારત સામે કારમી હાર બાદ પાકિસ્તાન ક્રિકેટ ટીમ, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ અને મોહસીન નકવીને તેમના જ નાગરિકો તરફથી ભારે ટ્રોલનો સામનો કરવો પડી રહ્યો છે.



પશ્ચિમ બંગાળના હાવડા જિલ્લામાં બેલુર મઠ ખાતે દુર્ગા પૂજા ઉજવણીના ભાગ રૂપે ‘કુમારી પૂજા’ દરમિયાન સાધુઓ પ્રાર્થના કરે છે.

### PoKમાં સરકાર વિરુદ્ધ બળવો

## PoK માં હજારો લોકો રસ્તા પર ઉતરતા સેનાનું ફાયરિંગ, ઈન્ટરનેટ સેવા બંધ

। (એજન્સી) પીઓકે, તા.૩૦ ।

પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં વિદ્રોહ ભડકી ઉઠ્યો છે. અહીં લોકો શાહબાઝ શરીફ સરકારનો વિરોધ કરી રહ્યા છે. POKમાં આજે ૨૯ સપ્ટેમ્બરના રોજ હડતાળ જાહેર કરવામાં આવી હતી. આ હડતાળને રોકવા માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. પાકિસ્તાનની સેનાએ સામાન્ય નાગરિકો પર ગોળીબાર શરૂ કર્યો છે. પાકિસ્તાન સેનાના તમામ પ્રયાસો હોવા છતાં સ્થાનિક લોકો પીછેહટ કરી રહ્યા નથી. સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા એક વીડિયોમાં જોવા મળે છે કે, દેખાવકારોએ પાકિસ્તાની સેનાના એક અધિકારીને પકડી લીધો હતો. પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં રાજકીય અને આર્થિક ઉપેક્ષાનો હવાલો આપતાં લોકો એકજૂટ થયા છે. તે અત્યારસુધીનો સૌથી મોટો નાગરિક વિદ્રોહ બની શકે છે. નાગરિક સમાજનું ગઠબંધન અવામી એક્શન કમિટી આ આંદોલનનું નેતૃત્વ કરી રહી છે. તેણે દાયકાઓથી રાજકીય અને આર્થિક ઉપેક્ષાનો હવાલો આપતાં હજારો લોકોને એકજૂટ કર્યા છે. આ આંદોલનકારીઓએ ૩૮ સૂત્રીય સંરચનાત્મક સુધારાની માગ કરી છે. જેમાં પાકિસ્તાનમાં રહેતાં કાશ્મીર શરણાર્થીઓ માટે અનામત, POKમાં ૧૨ ધારાસભ્યોની બેઠક દૂર કરવાની માગ સામેલ છે. સ્થાનિક લોકોનો તર્ક છે કે, તે પ્રતિનિધિ શાસનને નબળુ બનાવી રહ્યા છે. અન્ય માગમાં સબસિડીયુક્ત લોટ, મંગલા જળવિદ્યુત પરિયોજના હેઠળ સસ્તી વીજળી, અને ઈસ્લામાબાદ દ્વારા લાંબા સમયથી આપવામાં આવેલા વચનોને લાગુ કરવા સામેલ છે. POKમાં અવામી એક્શન કમિટીએ ૨૯ સપ્ટેમ્બર, સોમવારના રોજ વ્યાપકપણે વિરોધ પ્રદર્શન કરવા હડતાળ યોજી હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો સામેલ થયા, આ હડતાળ અનિશ્ચિતકાળ સુધી ચાલવાના અંદાજ સાથે પાકિસ્તાન સરકારે ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો. ટોળાને રોકવા માટે રવિવાર રાતથી ઈન્ટરનેટ પર પ્રતિબંધ લાદ્યો હતો. તેમજ મોટાપાયે સુરક્ષા દળો તૈનાત કર્યા છે. લોકોની નારાજગીને જોતાં શાહબાઝ સરકાર પર જોખમની ભીતિ વધી છે. મુઝફ્ફરાબાદમાં ભીડને સંબોધતા આવામી એક્શન કમિટીના અગ્રણી નેતા શૌકત નવાઝ મીરે કહ્યું, અમારું અભિયાન કોઈ સંસ્થા વિરુદ્ધ નથી, પરંતુ ૭૦ વર્ષથી વધુ સમયથી આપણા લોકોના નકારવામાં આવેલા મૂળભૂત અધિકારો માટે છે... હવે બહુ થયું. કાં તો અધિકારો આપો અથવા લોકોના રોષનો સામનો કરો. આવામી એક્શન કમિટીના વાટાઘાટકારો, પીઓકે વહીવટીતંત્ર અને સંઘીય મંત્રીઓ વચ્ચે આ મામલે વાટાઘાટો થઈ હતી, પરંતુ ત્રણ કલાકની બેઠક પછી કોઈ ઉકેલ લેવાયો ન હતો.

### કેબિનેટે આપી મંજૂરી

## RBIના નવા ડેપ્યુટરી ગવર્નર બનશે શિરીષ ચંદ્ર મૂર્મુ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

આરબીઆઈની આગામી મોનેટરી પોલિસી બેઠક પહેલાં કેન્દ્ર સરકારે મોટી જાહેરાત કરી છે. કેન્દ્ર સરકારે આરબીઆઈના નવા ડેપ્યુટી ગવર્નર પદે શિરીષ ચંદ્ર મૂર્મુની નિમણૂક કરી છે. કેબિનેટની નિમણૂક સમિતિએ આજે ૨૯ સપ્ટેમ્બરના રોજ શિરીષ ચંદ્ર મૂર્મુની નિમણૂક પર મહોર લગાવી હતી. તેઓ આગામી ત્રણ વર્ષ સુધી આ પદ પર ફરજ નિભાવશે. મૂર્મુ ૯ ઓક્ટોબરથી ડેપ્યુટી ગવર્નર તરીકે ફરજ નિભાવશે. હાલ તેઓ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના એક્ઝિક્યુટીવ ડિરેક્ટર છે. હાલ રાજેશ્વર રાવ આરબીઆઈના ડેપ્યુટી ગવર્નર પદે કાર્યરત છે. તેમનો કાર્યકાળ ૮ ઓક્ટોબરના રોજ પૂર્ણ થશે. તેઓ બેંકિંગ રેગ્યુલેશન અને અન્ય પોર્ટફોલિયોનો ચાર્જ સંભાળી રહ્યા છે. સેન્ટ્રલ બેંકમાં કુલ ચાર ડેપ્યુટી ગવર્નર હોય છે. પ્રત્યેક ગવર્નર મોનેટરી પોલિસી, ફાઈનાન્સિયલ માર્કેટ રેગ્યુલેશન્સ, બેંકિંગ સુપરવિઝન અને રેગ્યુલેશન્સ સહિતના ચાર ડિપાર્ટમેન્ટનો હવાલો સંભાળે છે.

### એશિયા કપ ફાઇનલમાં ટીમ ઇન્ડિયાની જીતના હીરો તિલક વર્માને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો

## એશિયા કપ ૨૦૨૫માં કયા ખેલાડીએ જીત્યો કયો એવોર્ડ

। (એજન્સી) દુબઈ, તા.૩૦ ।

ભારતે એશિયા કપ ફાઈનલમાં પાકિસ્તાનને ૫ વિકેટથી હરાવ્યું અને ૯મી વખત એશિયા કપનો ખિતાબ જીત્યો. ભારતે માત્ર એશિયા કપનો ખિતાબ જ નહીં પરંતુ તમામ ટુર્નામેન્ટના એવોર્ડ પણ જીત્યા. એશિયા કપ ફાઈનલમાં ટીમ ઈન્ડિયાની જીતના હીરો તિલક વર્માને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો. તિલક વર્માએ ૫૩ બોલમાં ૬૯ રનની અણનમ મેચ-વિનિંગ ઈનિંગ રમી. એશિયા કપ ફાઈનલમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે શિવમ દુબેને ગેમ ચેન્જર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો. શિવમે ૨૨ બોલમાં ૩૩ રનની મહત્વપૂર્ણ ઈનિંગ રમી અને ટીમ ઈન્ડિયાને વિજયની નજીક લાવી. ફાઈનલમાં સૌથી વધુ છગ્ગા મારવા બદલ તિલક વર્માને મોસ્ટ સિક્સિસનો એવોર્ડ પણ મળ્યો. પાકિસ્તાન સામેની ફાઈનલમાં તિલકને ચાર સિક્સ ફટકારી હતી. અભિષેક શર્માને એશિયા કપ ૨૦૨૫ માટે પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ જાહેર કરવામાં આવ્યો.

## ઇંગ્લેન્ડના ક્રિસ વોક્સે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી

। (એજન્સી) લંડન, તા.૩૦ ।



ઈંગ્લેન્ડના સ્ટાર બોલિંગ ઓલરાઉન્ડર ક્રિસ વોક્સે સોમવારે (૨૯ સપ્ટેમ્બર) આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરીને બધાને આશ્ચર્યચકિત કરી દીધા હતા. ૩૬ વર્ષીય ખેલાડીને ઈજાને કારણે ઈંગ્લેન્ડની તાજેતરમાં જાહેર કરાયેલ એશિઝ ટીમમાંથી બહાર રાખવામાં આવ્યો હતો. ભારત સામેની પાંચ ટેસ્ટ મેચની શ્રેણીની અંતિમ મેચમાં તેનો ખભામાં ઈજા થઈ હતી. તે તેની કારકિર્દી દરમિયાન લાંબા ગાળાની ઈજાઓ સાથે સંઘર્ષ કરી રહ્યો છે. તેણે ૨૦૧૧ માં સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ઓસ્ટ્રેલિયા સામે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો. વોક્સે ૬૨ ટેસ્ટ (૨૦૩૪ રન, ૧૯૮ વિકેટ), ૧૨૨ વનડે (૧૫૨૪ રન, ૧૭૩ વિકેટ) અને ૩૩ ટી૨૦ આંતરરાષ્ટ્રીય (૧૪૭ રન, ૩૧ વિકેટ) રમ્યા હતા. વોક્સે પોતાની નિવૃત્તિ પર એક લાંબી સોશિયલ મીડિયા પોસ્ટ શેર કરી હતી અને કહ્યું કે આ ક્ષણ આવી ગઈ છે. મેં નક્કી કર્યું છે કે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાનો આ યોગ્ય સમય છે, ઈંગ્લેન્ડ માટે રમવું એ એવી વસ્તુ હતી જેનું મેં બાળપણથી સ્વપ્ન જોયું હતું. હું મારી જાતને ખૂબ જ ભાગ્યશાળી માનું છું કે મને તે સપનાઓ સાકાર થયા. છેલ્લા ૧૫ વર્ષથી ઈંગ્લેન્ડનું પ્રતિનિધિત્વ કરવું, થ્રી લાયન્સ જર્સી પહેરવી અને મારા સાથી ખેલાડીઓ સાથે મેદાન શેર કરવું, જેમાંથી ઘણા મારા જીવનભરના મિત્રો છે, તે એવી બાબતો છે જેના પર મને ખૂબ ગર્વ છે. તેમણે ઉમેર્યું કે ૨૦૧૧માં ઓસ્ટ્રેલિયામાં મારું ડેબ્યૂ ગઈકાલ જેવું લાગે છે. જોકે, જ્યારે તમે તમારી જાતને માણી રહ્યા હોવ ત્યારે સમય ઉડી જાય છે. બે વર્લ્ડ કપ જીતવા અને કેટલીક અદ્ભુત એશિઝ શ્રેણીનો ભાગ બનવાની મેં ક્યારેય કલ્પના પણ નહોતી કરી. મારા સાથી ખેલાડીઓ સાથેની તે યાદો અને ઉજવણીઓ હંમેશા મારી સાથે રહેશે. ઓલરાઉન્ડરે તેમના પરિવારનો તેમના અવિરત સમર્થન માટે આભાર માન્યો. તે કાઉન્ટી ક્રિકેટ રમવાનું ચાલુ રાખશે અને ફ્રેન્ચાઇઝી લીગમાં પણ તકો શોધશે. મારા માતા-પિતા, મારી પત્ની એમી અને અમારી પુત્રીઓ લૈલા અને એવીનો વર્ષોથી તેમના અતૂટ પ્રેમ, સમર્થન અને બલિદાન બદલ આભાર.


**પશ્ચિમ રેલવે – અમદાવાદ મંડળ**

**અમદાવાદ વિભાગમાં કેટરિંગ કોન્ટ્રાક્ટ અને વોટર વેન્ડિંગ મશીનોના કોન્ટ્રાક્ટ માટે ઇ-હરાજી.**

અમદાવાદ મંડળમાં કેટરિંગ યુનિટ્સ અને MPS અને વોટર વેન્ડિંગ મશીનોના કોન્ટ્રાક્ટ પર કેટરિંગ સેવાઓના કોન્ટ્રાક્ટ માટે ઇ-હરાજી આમંત્રિત કરવામાં આવી છે. કેટલોગ IREPS વેબસાઇટ પર પહેલાથી જ પ્રકાશિત કરવામાં આવ્યો છે. વિગતો નીચે મુજબ આપવામાં આવી છે:-

| કેટલોગ નંબર | કેટેગરી | ઈ-ઓક્શનની તારીખ અને સમય |
|---|---|---|
| ADI-CTG-09-25 | કેટરિંગ કોન્ટ્રાક્ટ | બધા લોટ માટે ઈ-ઓક્શન 16.10.2025 ના રોજ 10:00 કલાકે શરૂ થશે |
| ADI-MPS-05-25 | MPS કોન્ટ્રાક્ટ | બધા લોટ માટે ઈ-ઓક્શન 16.10.2025 ના રોજ 12:00 કલાકે શરૂ થશે |
| ADI-WVM-10-25 | વિવિધ-સ્થિર-સેવાઓ - વોટર વેન્ડિંગ મશીન | બધા લોટ માટે ઈ-ઓક્શન 16.10.2025 ના રોજ 14:00 કલાકે શરૂ થશે |

**નોંધ:** સંભવિત બોલી લગાવનારાઓને IREPS વેબસાઇટ (www.ireps.gov.in) પર ઈ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી છે.ઉપરોક્ત કેટલોગ નંબર હેઠળ લોટ મુજબની વિગતો ઉપલબ્ધ છે.પ્રારંભિક કુલિંગ ઓફ પિરિયડ 30 મિનિટ છે. ક્રમિક લોટ બંધ કરવાનો અંતરાલ 10 મિનિટ છે. લોટ મુજબનો બંધ થવાનો સમય IREPS ના ઈ-ઓક્શન મોડ્યુલમાં જોઈ શકાય છે.

ADI 176

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# ભરણપોષણ ન ચૂકવનારા પતિને ૫૪૦ દિવસ જેલની સજાને હાઈકોર્ટની બહાલી

## કેપતિએ ઓગસ્ટ ૨૦૧૫થી જુલાઈ ૨૦૨૨ સુધી ૮૫ મહિનાના ૫૬.૧૯ લાખ રૂપિયા ભરણપોષણના ચૂકવવાના હતા

। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।

પત્ની અને બે સગીર સંતાનોને મહિને ૭૫ હજારનું ભરણ પોષણ ૫૪ મહિના સુધી નહીં ચૂકવનારા પતિને ૫૪૦ દિવસ જેલની સજાનો હુકમ હાઈકોર્ટે બહાલ રાખ્યો છે. અમદાવાદ ગ્રામ્ય કોર્ટે એક વ્યક્તિને પોતાની પત્ની અને બાળકોના મળીને મહિનાના ૭૫ હજાર રૂપિયા ભરણ પોષણ ચૂકવવા હુકમ કર્યો હતો. જે પતિએ ૫૪ મહિના સુધી ન ચૂકવતા ગ્રામ્ય કોર્ટમાં પત્નીએ અરજી દાખલ કરી હતી. આથી ગ્રામ્ય કોર્ટે એક મહિનાના ૧૦ દિવસની જેલ લેખે પતિને ૫૪૦ દિવસ સાદી જેલની સજા ફટકારી હતી. જેની સામે પતિ અપીલમાં હાઈકોર્ટ ગયો હતો. પરંતુ હાઈકોર્ટે પણ અમદાવાદ ગ્રામ્ય કોર્ટના ચુકાદાને યોગ્ય ઠેરવીને પતિની અપીલ રદ કરી હતી. પતિએ ઓગસ્ટ ૨૦૧૫થી જુલાઈ ૨૦૨૨ સુધી ૮૫ મહિનાના ૫૬.૧૯ લાખ રૂપિયા ભરણપોષણના ચૂકવવાના હતા. ઉપરાંત માનસિક ત્રાસના વળતર પેટે ૭૫ હજાર રૂપિયા ચૂકવવાના હતા. આમ તેને કુલ ૫૬.૯૪ લાખ રૂપિયા પત્ની અને બાળકોને ચૂકવવાના હતા. પછી ટુકડે ટુકડે અમુક રકમ ભરી હતી. જ્યારે બાકીના ૪૦.૭૨ લાખ રૂપિયા ચૂકવવાના બાકી હતા. જેની સામે કોર્ટે રિકવરી વોરંટ કાઢતા પોલીસે પતિને પકડીને કોર્ટમાં હાજર કર્યો હતો. જ્યાં તેને જણાવ્યું હતું કે તેની પાસે પૈસા નથી. પત્ની પતિના માલિકીના ૮૦ લાખના મકાનમાં જ રહે છે.પતિ-પત્નીના લગ્ન ૨૦૦૮માં જોધપુર રાજસ્થાનમાં થયા હતા. પત્નીએ પોતાના બે બાળકો સાથે ભરણપોષણ માગતા કોર્ટે પહેલા માસિક ૬૦૦૦ રૂપિયા પત્નીના અને ૩૦૦૦ રૂપિયા બાળકોના એમ કુલ ૯૦૦૦ રૂપિયા ભરણપોષણ ચૂકવવા હુકમ કર્યો હતો અને માનસિક ખર્ચના ૨૫,૦૦૦ રૂપિયા આપવા હુકમ કર્યો હતો. જેની સામે પત્નીએ અપીલ કરતા કોર્ટે તેને પોતાના ભરણપોષણના કુલ મહિને ૭૫ હજાર રૂપિયા ચૂકવવા અને એક લાખ માનસિક ત્રાસના ચૂકવવા હુકમ કર્યો હતો. પતિએ કહ્યું હતું કે ઈનકમટેક્સ રિટર્ન મુજબ તે મહિને માત્ર ૧૫ હજાર રૂપિયા કમાય છે. તે પહેલા ડોલરમાં કમાતો હતો. જે મહિને ત્રણ લાખ રૂપિયા થતા હતા. તેણે એન્જિનિયરિંગ કર્યું છે પરંતુ હવે એ ખાસ કમાતો નથી. પત્ની જજીસ બંગલા રોડ ઉપર રહે છે. પતિની બહેન અમેરિકા રહેતી હોવાથી પત્નીને પણ અમેરિકા રહેવા જવું હતું. ઉપરાંત માનસિક ત્રાસના વળતર પેટે ૭૫ હજાર રૂપિયા ચૂકવવાના હતા. આમ તેને કુલ ૫૬.૯૪ લાખ રૂપિયા પત્ની અને બાળકોને ચૂકવવાના હતા. પછી ટુકડે ટુકડે અમુક રકમ ભરી હતી. જ્યારે બાકીના ૪૦.૭૨ લાખ રૂપિયા ચૂકવવાના બાકી હતા. જેની સામે કોર્ટે રિકવરી વોરંટ કાઢતા પોલીસે પતિને પકડીને કોર્ટમાં હાજર કર્યો હતો. જ્યાં તેને જણાવ્યું હતું કે તેની પાસે પૈસા નથી. પત્ની પતિના માલિકીના ૮૦ લાખના મકાનમાં જ રહે છે.પતિ-પત્નીના લગ્ન ૨૦૦૮માં જોધપુર રાજસ્થાનમાં થયા હતા. પત્નીએ પોતાના બે બાળકો સાથે ભરણપોષણ માગતા કોર્ટે પહેલા માસિક ૬૦૦૦ રૂપિયા પત્નીના અને ૩૦૦૦ રૂપિયા બાળકોના એમ કુલ ૯૦૦૦ રૂપિયા ભરણપોષણ ચૂકવવા હુકમ કર્યો હતો અને માનસિક ખર્ચના ૨૫,૦૦૦ રૂપિયા આપવા હુકમ કર્યો હતો. જેની સામે પત્નીએ અપીલ કરતા કોર્ટે તેને પોતાના ભરણપોષણના કુલ મહિને ૭૫ હજાર રૂપિયા ચૂકવવા અને એક લાખ માનસિક ત્રાસના ચૂકવવા હુકમ કર્યો હતો. પતિએ કહ્યું હતું કે ઈનકમટેક્સ રિટર્ન મુજબ તે મહિને માત્ર ૧૫ હજાર રૂપિયા કમાય છે. તે પહેલા ડોલરમાં કમાતો હતો. જે મહિને ત્રણ લાખ રૂપિયા થતા હતા. તેણે એન્જિનિયરિંગ કર્યું છે પરંતુ હવે એ ખાસ કમાતો નથી. પત્ની જજીસ બંગલા રોડ ઉપર રહે છે. પતિની બહેન અમેરિકા રહેતી હોવાથી પત્નીને પણ અમેરિકા રહેવા જવું હતું.

## ઝઘડિયા તાલુકાના રૂંઢ ગામે જુગાર રમતા ૭ ઝડપાયા

। (એજન્સી) ભરૂચ, તા.૩૦ ।

ભરૂચ એલસીબીની ટીમે ઝઘડિયા તાલુકાના રૂંઢ ગામે દરોડો પાડી ખુલ્લામાં જુગાર રમી રહેલ સાત જુગારીઓને ઝડપી પાડી કુલ રૂ.૬૪ હજાર ઉપરાંતનો મુદામાલ જપ્ત કર્યો હતોમળતી માહિતી મુજબ, ગઈકાલે મોડીરાત્રે ભરૂચ એલસીબી ટીમને માહિતી મળી હતી કે, રૂંઢ (ભાલોદ) ગામના ખાબડી ફળિયામાં ખુલ્લી જગ્યામાં કેટલાક લોકો જુગાર રમી રહ્યા છે. જેના આધારે પોલીસની ટીમે બાતમી મુજબના સ્થળે દરોડો પાડી જુગાર રમી રહેલા સાત શખ્સોને ઝડપી પાડ્યા હતા. જેમાં વિજય મોતીભાઈ માછી, અબ્દુલ રજાક હિંમતભાઈ મલેક, અસરફીમહમ્મદ હનીફરહેમાન મલેક, ગુલામ મહંમદ શેખ, યાસીન હુસેનભાઈ શેખ, મહંમદરહીશ જાનુભાઈ પરમાર અને દેવાંગ રમેશભાઈ દેસાઈ (તમામ રહે - ઝઘડિયા) નો સમાવેશ થાય છે. દરોડા દરમ્યાન પોલીસે અંગજડતીના રૂ. ૨૯,૯૯૦ ,દાવ પરના રૂ. ૧૩,૦૭૦ તથા સાત નંગ મોબાઈલફોન સહિત કુલ રૂ. ૬૪,૫૬૦નો મુદ્દામાલ જપ્ત કરી તમામની જુગારધારા હેઠળ અટકાયત કરી હતી.

## કલોલના નારદીપુરના તળાવમાં એક સાથે કૂદીને 3 યુવકે આપઘાત કર્યો

। (એજન્સી) ગાંધીનગર, તા.૩૦ ।

ગાંધીનગરના કલોલમાં ૩ યુવકનો આપઘાત કર્યો હોવાનો ચોંકાવનારો બનાવ બન્યો છે. કલોલ પાસે નારદીપુર તળાવમાં પડી ૩ યુવકે આપઘાત કર્યો છે. બનાવના પગલે પોલીસે તપાસ શરુ કરી છે. આ બનાવના પગલે સમગ્ર પંથકમાં શોકની લાગણી ફરી વળી છે. મળેલી માહિતી પ્રમાણે આ યુવકોએ તળાવમાં કૂદીને આપઘાત કર્યો છે. નારદીપુરના તળાવમાં પડતા પહેલા આ યુવકોએ વીડિયો પણ બનાવ્યો હતો અને ઈન્સ્ટાગ્રામમાં પણ વાયરલ કર્યો હતો. એક સાથે ત્રણ યુવકે તળાવમાં પડી આપઘાત કરતા ચકચાર મચી ગઈ છે. હાલ તો અગમ્ય કારણોસર તળાવમાં પડી યુવકોએ આપઘાત કર્યો હોવાનું જાણવા મળે છે. આ યુવકના નામ ધૈર્ય શ્રીમાળી, કૌશિક મહેરીયા, અશોક વાઘેલા હોવાનું જાણવા મળે છે.

## કર્ણાટક 3.૬૦ કરોડની લૂંટમાં ગુજરાત કનેક્શન, મહેસાણાના 3 આરોપીઓ ઝડપાયા

। (પ્રતિનિધી) પાટણ, તા.૩૦ ।

કર્ણાટકમાં આંગડિયા પેઢીના કર્મચારીઓને હથિયાર બતાવીને કરાયેલી ૩.૬૦ કરોડથી વધુની સનસનાટીભરી લૂંટના કેસમાં ગુજરાત કનેક્શન સામે આવ્યું છે. કચ્છ-ભુજ રેન્જ પોલીસ દ્વારા આ લૂંટના સંબંધમાં ગુજરાતના પાટણ જિલ્લાના સિદ્ધપુર ખાતેથી ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.ધરપકડ કરાયેલા ત્રણેય આરોપીઓ મહેસાણા જિલ્લાના હોવાનું ખુલ્યું છે. પકડાયેલા આરોપીઓના નામ નિયાઝખાન, ફરદીનખાન મોગલ અને રવાજી ઠાકોર છે. આ ત્રણેય આરોપીઓ પર કર્ણાટકમાં આંગડિયા પેઢીના કર્મચારીઓને માર મારી, હથિયાર બતાવીને લૂંટ કરવાની ઘટનામાં સામેલ હોવાનો આરોપ છે. પોલીસે આરોપીઓ પાસેથી ૧૪.૯૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. વધુમાં, પકડાયેલા આરોપી નિયાઝખાન વિરુદ્ધ ભૂતકાળમાં લૂંટ અને મારામારી જેવા ૧૦થી વધુ ગુનાઓ નોંધાયેલા હોવાનું પણ બહાર આવ્યું છે. પોલીસ તપાસમાં એ પણ ખુલાસો થયો છે કે આ લૂંટની ઘટનામાં આ ત્રણેય આરોપીઓએ મહારાષ્ટ્રની એક ગેંગના સભ્યો સાથે મળીને આ ગુનો આચર્યો હતો. આ લૂંટમાં મુખ્ય આરોપી અન્ના અને તેની ગેંગ સહિત કુલ ૧૧ થી ૧૨ વ્યક્તિઓની સંડોવણી ખુલી છે. ગુજરાત પોલીસ અને કર્ણાટક પોલીસ આ સમગ્ર કાવતરામાં સંડોવાયેલા અન્ય આરોપીઓને ઝડપી પાડવા માટે આગળની તપાસ કરી રહી છે. ગુજરાત પોલીસ અને કર્ણાટક પોલીસ આ સમગ્ર કાવતરામાં સંડોવાયેલા અન્ય આરોપીઓને ઝડપી પાડવા માટે આગળની તપાસ કરી રહી છે.

### મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ

## ગિરધરનગર ફ્લાયઓવર પર ૧૨ દિવસમાં ૧૨૦૦ ટન વજનના બ્રિજનું કામ પૂર્ણ

। (પ્રતિનિધી) અમદાવાદ, તા.૩૦ ।

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ (MAHSR)એ અમદાવાદ જિલ્લામાં એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું છે.

પ્રોજેક્ટની ટીમે ગિરધરનગર ફ્લાયઓવર પર દિલ્હી-અમદાવાદ મુખ્ય રેલવે લાઈન (વેસ્ટર્ન રેલવે)ને સમાંતર રેલવે ઓવર બ્રિજ (ROB)ની વિઆડક્ટ લૉન્ચિંગનું કામ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે.

ગિરધરનગર બ્રિજ અમદાવાદના સૌથી વ્યસ્ત ફ્લાયઓવર્સમાંનો એક છે, જે શાહિબાગ, અસાવરા અને કાલુપુરને જોડે છે. હજારો નાગરિકોની દૈનિક અવરજવરને ધ્યાનમાં રાખીને, જાહેર જનતાને ઓછી અસુવિધા થાય તે માટે આ લૉન્ચિંગનું કામ ખૂબ જ સુવ્યવસ્થિત રીતે અને માત્ર ૧૨ દિવસના ટૂંકા સમયગાળામાં પૂર્ણ કરવામાં આવ્યું હતું. કાર્ય પૂર્ણ કરવા માટે, સ્પાન-બાય-સ્પાન (SBS) પદ્ધતિનો ઉપયોગ કરીને ૪૫ મીટર લાંબો બ્રિજ લોન્ચ કરવામાં આવ્યો હતો. મુખ્ય ટેકનિકલ વિશેષતાઓની જો વાત કરીએ તો, બ્રિજના સ્પાનની લંબાઈ ૪૫ મીટર છે. જ્યારે જમીનથી રેલ લેવલ સુધી વિઆડક્ટની ઊંચાઈ ૧૯.૫ મીટર છે. કુલ ૧૯ સેગમેન્ટ લૉન્ચ કરવામાં આવ્યા છે. અને સ્પાનનું કુલ વજન ૧૨૦૦ મેટ્રિક ટન છે.

વ્યસ્ત ટ્રાફિક વચ્ચે કામગીરી દરમિયાન જાહેર જનતાને ઓછી અસુવિધા થાય તે માટે તમામ જરૂરી સલામતી અને ટ્રાફિક મેનેજમેન્ટના ઉપાયો અમલમાં મૂકવામાં આવ્યા હતા. જેમાં યોગ્ય બેરિકેડિંગ, ટ્રાફિક ડાયવર્ઝન માટેના સૂચક ચિહ્નો, માર્ગ ડાયવર્ઝનની સમયસર માહિતીની જાહેરાત, પૂરતા ટ્રાફિક માર્શલની તૈનાતી, અને રાત્રિના કલાકોમાં પૂરતી લાઈટિંગની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

બુલેટ ટ્રેન કોરિડોર અમદાવાદ જિલ્લામાં કુલ ૩૧ ક્રોસિંગ્સમાંથી પસાર થઈ રહ્યો છે, જેમાં નદી પરના બ્રિજ અને સ્ટીલ બ્રિજ પણ સામેલ છે. પ્રોજેક્ટની ગતિ દર્શાવે છે કે, આમાંથી ૧૫ ક્રોસિંગ્સનું કામ અત્યાર સુધીમાં પૂર્ણ થઈ ચૂક્યું છે.

## અપહરણ કરી હત્યાના કેસમાં આરોપીને આજીવન કેદની સજા

। (એજન્સી) સુરત, તા.૩૦ ।

સુરતના ઊનમાં કરિયાણાના વેપારીના પુત્રનું અપહરણ કરી લાશના ટુકડા કર્યા બાદ થેલામાં ભરી ફેકી દેવાના કેસમાં કોર્ટે આરોપીને કસૂરવાર ઠેરવી આજીવન કેદની સજા અને ૫૦ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો હતો. સુરત શહેરના ઉનના ભીંડી બજારમાં જગદીશચંદ્ર નારાયણલાલ તેલીનું પરિવાર રહે છે. તેઓ કરિયાણાની દુકાન ચલાવે છે. ગઈ તારીખ ૧૯-૧-૨૦૧૩ના જગદીશચંદ્રના ૧૯ વર્ષીય પુત્ર કમલેશનું અપહરણ થયું હતું. અપહરણકારે જગદીશચંદ્રને ફોન પર જણાવ્યું હતું કે, તુમારે લડકે કો હમને કિડનેપ કર લીયા હૈ'', સામે ''કહા સે બોલતે હો'' તેમ પુછતા તે સચિન શબ્દ બોલી અટકી ગયો હતો. એટલે તેને પૂછ્યું હતું કે ''આપ કો કયા ચાહીએ?'' તેવુ પૂછતા સામેથી હિન્દીમાં જણાવ્યું હતું કે ''મુજે દસ લાખ રૂપિયા ચાહીયે, મે જગહ કલ બતાઉંગા પોલીસ કો બતાના મત નહી તો આપ જાનો'' તેમ કહી ફોન કટ કરી દીધો હતો.

## પાછોતરા વરસાદથી ખેડૂતો બન્યા બેહાલ, મગફળી-કપાસના પાકને ભારે નુકસાન

### વરસાદને કારણે ખેડૂતોએ નુકસાન વેઠવાનો વારો આવ્યો છે : કપાસ અને મગફળીનો પાક બગડી ગયો છે

। (એજન્સી) અમરેલી, તા.૩૦ ।

ગુજરાતના ખેડૂતો પર કુદરત રૂઠ્યો હોય તેવું લાગી રહ્યું છે.કેમ કે, ચોમાસાની વાવણી કર્યા બાદ ભારે વરસાદ વરસતા ખેડૂતોએ વાવણી કરેલો પાક ધોવાઈ ગયો હતો.જો કે તેમ છતાં હિંમત હાર્યા વિના ખેડૂતોએ બીજીવારની વાવણી કરી હતી.અને ચોમાસુ સિઝન સારી પાકશે તેવી આશા રાખી રહ્યા હતા.

પરંતુ હવે પાછોતરા વરસાદે ખેડૂતોને બેહાલ કરી દીધા છે.કેમ કે, કચ્છ અને અમરેલી જિલ્લા સહિત સૌરાષ્ટ્રમાં પાછોતરા વરસાદથી પાકને મોટુ નુકસાન થયુ છે.ત્યારે પાક નુકસાનને લઈ કેવી છે .

અમરેલીમાં ગઈકાલે વરસેલા વરસાદથી થયુ છે નુકસાન.ખેતરમાં મગફળીનો પાક તૈયાર થતાં ખેડૂતોએ તેને કાઢીને રાખ્યો હતો. જો કે બે દિવસ બાદ પાથરા ભેગા કરીને થ્રેસરમાંથી કાઢવાની તૈયારી તૈયારી કરી રહ્યા હતા.ત્યારે અચાનક વરસેલા વરસાદથી મગફળીના પાક પલળી ગયો. કપાસની હાલત વરસાદને કારણે ખરાબ થઈ ગઈ છે.ખેતરોમાં વાવેલા કપાસના પાકના જીંડવા પણ પાણીના લીધે પલળી ગયા છે. તો ભારે પવનને કારણે કપાસના છોડ ઢળી પડ્યા છે.જેના કારણે ખેડૂતોને મોટુ નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. કચ્છમાં પણ અમરેલી જિલ્લાના ખેડૂતો જેવી જ હાલત છે.કેમ કે, ગઈકાલે વરસેલા વરસાદથી ખેડૂતોના ખેતરોમાં પાણી ભરાઈ ગયા છે.ખેડૂતોએ મગફળી કાઢીને ખેતરમાં સુકાવા માટે મુકી હતી.પરંતુ અચાનક વરસેલા વરસાદથી મગફળી પલળી ગઈ છે.તો અચાનક વરસેલા સોયાબીન, કાપસ અને મગફળીના પાકને મોટુ નુકસાન થયુ છે.ખાસ કરીને કપાસના પાકમાં અતિ ભારે નુકસાન જોવા મળી રહ્યું છે.કેમ કે વરસાદથી કપાસના છોડ ઉંધા વળી ગયા છે.તો કપાસના ફૂલ અને જિંડવા પણ ખરી ગયા છે.જેના કારણે ખેડૂતોને પડતા પર પાટુ જેવો હાલ થયો છે. ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડામાં એક જ રાતમાં આશરે ૮ ઈંચ વરસાદ પડતા ખેતરો પાણીમાં ગરકાવ થતા ખેડૂતોની હાલત ''પડ્યા ઉપર પાટુ'' જેવી થઈ ગઈ છે.

## વેરાવળ શાપરમાં કૂતરાએ ફાડી ખાતા પાંચ વર્ષની બાળકીનું મોત

। (એજન્સી) રાજકોટ, તા.૩૦ ।

રાજકોટ જિલ્લાના શાપર વેરાવળમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જ્યાં ચાર દિવસ પહેલા જ મધ્યપ્રદેશથી પોતાના દાદાના ઘરે રોકાવા આવેલી પાંચ વર્ષની બાળકીને કૂતરાએ ફાડી ખાતાં કમકમાટીભર્યું મોત નીપજ્યું છે.શાપર વેરાવળમાં ભૂમિ ગેટ નજીક ગોલ્ડન સ્ટાર કંપની પાસે સવારે વિરલબેન અંબુભાઈ વીણામા (ઉં.૫) નામની બાળા ઘર નજીક રમી રહી હતી. આ સમયે અચાનક એક કૂતરો ધસી આવ્યો અને બાળકી પર હુમલો કર્યો. કૂતરાએ બાળકીને નીચે પાડી દઈ તેના ગળાના ભાગે બટકું ભરી લીધું હતું.બાળકીના દેકારાથી લોકો ભેગા થતાં કૂતરો ભાગી ગયો હતો. કૂતરાના હુમલાથી વિરલબેન લોહીલુહાણ થઈ જતાં તેણીને તાત્કાલિક શાપર હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ લઈ જવાનું કહેવામાં આવતાં તેને રાજકોટ સિવિલ હોસ્પિટલ લાવવામાં આવી, પરંતુ અહીં તબીબે તેને મૃત જાહેર કરતાં પરિવારમાં અને શાપરમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.




## પાળિયાદ પાસે ટ્રક પાછળ ખાનગી પ્રવાસી બસ ઘૂસી જતાં ત્રણનાં મોત

। (એજન્સી) ભાવનગર, તા.૩૦ ।

બોટાદ જિલ્લાના પાળીયાદથી સાકરડી ગામના માર્ગ પર એક ટ્રક અને ખાનગી લક્ઝરી બસ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાંઉ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે ૨૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. ઘાયલોને તાત્કાલિક સારવાર માટે બોટાદ અને ભાવનગરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.ખાનગી બસમાં મહિલાઓ સહિત ૫૦થી ૬૦ જેટલા લોકો ખોડલધામ કાગવડ અને વીરપુરના પ્રવાસે ગયા હતા અને પરત ફરી રહ્યા હતા ત્યારે બોટાદના પાળીયાદ નજીક અકસ્માત થયો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, સાકરડી રોડ પર ઊભેલા એક ટ્રકની પાછળ પૂરપાટ ઝડપે આવી રહેલી ખાનગી લક્ઝરી બસ ધડાકાભેર ઘૂસી જતાં આ ગંભીર ઘટના બની હતી.

### વળાંક પાસે એક કૂતરું અચાનક વચ્ચે આવી જતાં અકસ્માત સર્જાયો

## ખેડામાં સર્જાયો ગંભીર અકસ્માત, એક્ટિવાને ટક્કર માર્યા બાદ કાર તળાવમાં ખાબકી

### કાર ખાબક્યા બાદ સ્થાનિક લોકોની મદદથી કારમાં સવાર બે નાની બાળકીઓ સહિત કુલ પાંચ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા

। (એજન્સી) ખેડા, તા.૩૦ ।

ખેડામાં માતર-ત્રાજ રોડ પર આવેલ ભીમકુઈના ગરનાળા નજીક આજે સવારે લગભગ ૮ કલાકે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં મુસાફરોથી ભરેલી કાર એક તળાવમાં ખાબકી હતી. માતર-ત્રાજ રોડ પરના વળાંક પાસે એક કૂતરું અચાનક વચ્ચે આવી જતાં એક્ટિવા ચાલક તેને બચાવવા ગયો હતો. તે જ સમયે પાછળથી આવી રહેલી એક કારે એક્ટિવાને ટક્કર મારી હતી. ટક્કર વાગતા કારનું ટાયર ફાટી ગયું અને ડ્રાઈવરે કાબૂ ગુમાવતાં કાર રોડની બાજુમાં આવેલા તળાવમાં ખાબકી હતી. કારમાં નાની ભાગોળ ગામના રસુલમિયા ભીખુમિયા મલેક અને રસુલમિયા અહેમદમીયા મલેકના પરિવારજનો સવાર હતા. સદનસીબે તળાવમાં કાર ખાબક્યા બાદ સ્થાનિક લોકોની મદદથી કારમાં સવાર બે નાની બાળકીઓ સહિત કુલ પાંચ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ ખેડા ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરીને તળાવમાં ખાબકેલા બંને વાહનોને બહાર કાઢવાની કામગીરી પૂર્ણ કરી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બે વ્યક્તિઓને નડિયાદની મહાગુજરાત હોસ્પિટલમાં જ્યારે અન્ય બે વ્યક્તિઓને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. આ ગમખ્વાર અકસ્માતમાં પાંચ લોકોનો બચાવ થતાં પરિવારોએ રાહતનો શ્વાસ લીધો હતો. ઘટનાની જાણ થતાં જ ખેડા ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરીને તળાવમાં ખાબકેલા બંને વાહનોને બહાર કાઢવાની કામગીરી પૂર્ણ કરી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બે વ્યક્તિઓને નડિયાદની મહાગુજરાત હોસ્પિટલમાં જ્યારે અન્ય બે વ્યક્તિઓને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા.